ભૂમિપુત્ર
माता भूमि : पुत्रो अहं पृथिव्या :

Vol. 073 Issue No. 23 Date : 16-08-2026

## આ અંકમાં


| | | |
|---|---|---|
| વિનોબા | ૦૧ | આત્માને જાણીએ (૧૮) |
| અરુણ દવે | ૦૪ | શિક્ષણનું અધ્યાત્મ |
| પ્રવીણ જ. પટેલ | ૦૮ | સરદાર વલ્લભભાઈ પટેલ : એક પ્રબુદ્ધ બૌદ્ધિક |
| રાજુ રૂપપુરીઆ | ૧૨ | સમસ્યાઓથી ઘેરાયેલા દેશમાં જંતરમંતર એક આશાનું કિરણ |
| રજની દવે | ૧૪ | દેશની પર્યાવરણીય પરિસ્થિતિ પર અધ્યયન લેખ - ૫ |
| રેવારજ | ૧૬ | ડૉ. પંકજ જોષીની નજરે વિજ્ઞાન અને અધ્યાત્મ - ૩ |
| ડંકેશ ઓઝા | ૧૮ | કિરણ કિરણ જમા કરેં હમ : એક નયા સૂરજ બનાયેં હમ |
| દીપિકા રાવલ | ૧૯ | 'પદ્માબહેનનું સ્મૃતિપટ પરનું ચિત્ર' |
| દીપક જોષી | ૨૦ | શસ્ત્રો અને યુદ્ધનો થઈ રહેલો વિરોધ : વિશ્વભરના વિજ્ઞાનીઓ આજે થોડા થોડા 'ગાંધી' બની રહ્યા છે |
| રશાંસ | ૨૧ | વાંચન થાળ |
| આશા વીરેન્દ્ર | ૨૪ | હાથ છૂટ્યાની વેળા |


(આ પેજ મૂળ અંકનો ભાગ નથી.)

યજ્ઞ પ્રકાશન

YAGNA PRAKASHAN SAMITI

https://www.bhoomiyagna.org

Published on 1st & 16th of Every Month
**BHOOMIPUTRA**
Gujarati Fortnightly
Price Rs.20, Annual Sub. Rs.300.
**Vol.73 Issue No.23 1963 Date : 16-08-2026**
Place of Publication : Bhoomiputra Karyalaya,
Hujaratpaga, Vadodara - 390 001.

ભૂદાનમૂલક ગ્રામોદ્યોગપ્રધાન અહિંસક ક્રાંતિનું પાક્ષિક મુખપત્ર
ભૂમિપુત્ર
माता भूमि : पुत्रो अहं पृथिव्या :

# આત્માને જાણીએ (૧૮)

○ વિનોબા ○

## આત્મતત્ત્વ અંગે વિવિધ (૧)

ભિન્ન ભિન્ન પરિભાષાઓ હોય છે. જીવાત્મા, આત્મા, ઈશ્વર પરિભાષા છે. જીવ એટલે કોણ ? જે શુદ્ધ નથી. જેનું ચિત્ત નિર્મળ નથી થયું. પણ શુદ્ધ થયા પછી એ જ આત્મા હોય છે. આત્મા શુદ્ધ તો છે, પણ સિદ્ધ નથી. સિદ્ધનો અર્થ એ છે કે જેને સાક્ષાત્કાર થયો છે, પરમાત્માનો સ્પર્શ થયો છે. તે સિદ્ધ આત્મા છે. વસ્તુ એકની એક જ હોય, પણ જે વસ્તુ વધારે પરિષ્કૃત - રિફાઈંડ થયેલી હોય છે તે એકદમ જુદી જણાય છે. જેમ શેરડીના રસને શુદ્ધ કરીએ તો તેનું ગોળ-સાકર વગેરેમાં રૂપાંતરણ થાય છે. અને જેમ જેમ તેને વધુ ને વધુ શુદ્ધ કરતા જઈશું તો તેનું રૂપ વધારે જુદું દેખાશે. એવી રીતે જીવ શુદ્ધ પણ નથી અને સિદ્ધ પણ નથી. હૃદય શુદ્ધ થઈ ગયું, સિદ્ધ નથી થયું, તો તે આત્મા છે. ઈશ્વર શુદ્ધ પણ છે અને સિદ્ધ પણ છે. જીવ અર્થાત્ માણસ નીચેની અવસ્થામાં છે. એનાથી વધુ શુદ્ધ અવસ્થા એ આત્માની  છે. અને એના કરતાં પણ વધુ પરિશુદ્ધ ઈશ્વર છે. આમ વસ્તુ તો એક જ છે, પણ પરિષ્કૃતિ, શુદ્ધિ પર તેની અવસ્થા નિર્ભર કરતી હોય છે. જીવ-અશુદ્ધ, અસિદ્ધ; આત્મા-શુદ્ધ, અસિદ્ધ; ઈશ્વર-સિદ્ધ, શુદ્ધ.

*   *

**ઉપનિષદ** - બૃહદારણ્યક ઉપનિષદમાં ઋષિ કહે છે - आत्मा वा अरे द्रष्टव्य: श्रोतव्यो मंतव्यो निदिध्यासितव्य: - અર્થાત્ આપણે આત્માનું જ દર્શન, શ્રવણ, મનન અને નિદિધ્યાસન કરીએ. (નિદિધ્યાસન = ચિંતન મનન કરીને પ્રયોગ અને પ્રયોગ કરીને પુનઃ ચિંતન, મનન). આમાંથી શ્રોતવ્યાદિ ત્રણ દ્રષ્ટવ્યનાં સાધન મનાય છે. પરંતુ દ્રષ્ટવ્યાદિ ત્રણેય નિદિધ્યાસિત્વનાં સાધન પણ માની શકાય. અહીં આત્માના વિષયમાં વિધાન કરવામાં આવ્યું છે અને આદેશ અપાયો છે - આત્માનું શ્રવણ, મનન, નિદિધ્યાસન કરવું જોઈએ. પરંતુ એના પણ પહેલાં આ કહી દીધું છે - आत्मा वा अरे द्रष्टव्य: । એટલે કે શ્રવણ, મનન, નિદિધ્યાસન જરૂર થવું જોઈએ. એનું મહત્ત્વ તો છે જ પરંતુ આત્માનું દર્શન થવું જોઈએ.

પહેલાં આત્માનું દર્શન નહોતું થતું, કે ન તો આત્માને કાન દ્વારા સાંભળી શકાતો. આત્માના દ્રષ્ટવ્ય અને શ્રોતવ્ય સ્વરૂપ અંગે ખબર નહોતી. અને એવી તીવ્ર આકાંક્ષા રહેતી કે આત્મા આંખોથી જોવા મળે, કાન દ્વારા સાંભળવા મળે. પરંતુ હવે તો આત્મા આંખો દ્વારા જોવા મળશે, કાન દ્વારા સંભળાશે. આજે તો આપણી પાસે ઘણાં સૂક્ષ્મ ઉદાહરણો છે. આ 'એટમ'નો યુગ છે, એવું કહેવાય છે. પણ એટમથી તો આ બ્રહ્મવિદ્યા એકદમ સાફ દેખાઈ પડશે. આ જે ચેતનશક્તિ છે તે કણેકણમાં દાખલ થઈ શકે છે. એનું સાક્ષાત્ દર્શન થશે. થોડા સમય પછી તો એવી સ્થિતિ સર્જાશે કે આપણને આપણી આંખોની સામે સાક્ષાત્ આત્મા જોવા મળશે.

આપણા દેશમાં આ એક વિશેષ પાગલપન જોવા મળે છે કે અહીં ઘણાં બધાં લોકોને દર્શનની જેટલી તડપ હોય છે એટલી શ્રવણની ઉત્સુકતા નથી હોતી. જોકે આ દર્શન ચોક્કસ ઘણું બધું સૂક્ષ્મ તત્ત્વ છે. દર્શનથી જે મળે છે તે શ્રવણથી નથી મળતું. આ કેવળ એક કલ્પનામાત્ર નથી, પણ ભીતરનો અનુભવ છે. ભલે તમે એને મિસ્ટિસિઝમ, 'ગૂઢવાદ' કહો. પરંતુ આ ગૂઢવાદ નથી, ગૂઢ અનુભવ છે.

*   *

ઈશાવાસ્ય ઉપનિષદમાં જે માણસ ભક્તિહીન છે, જે ભોગ-પરાયણ છે, લોભી છે, અને અકર્મણ્ય છે તેના માટે आत्महन: जना: - શબ્દોનો ઉપયોગ કર્યો છે. आत्महन: અર્થાત્ આત્મઘાતકી. आत्महन: ભાષા ઔપચારિક અને ઉપલી છે. હકીકતમાં તો આત્માનો ઘાત સંભવ નથી. આત્મામાં ન તો કોઈ વૃદ્ધિ થાય છે કે ન તો કોઈ ક્ષય થાય છે. આત્મા પર કોઈની પણ શક્તિ ચાલી ન શકે. ઊલટું, બધી જ શક્તિ એના આધારે રહેલી છે. પરંતુ સંસ્કૃત ભાષામાં આત્મા શબ્દ વિવિધ અર્થોમાં પ્રયોજાતો હોય છે. જેમ કે આત્મહત્યા શબ્દમાં આત્માનો અર્થ દેહ તરીકે વપરાતો હોય છે. કહેવાતું હોય છે મહાત્મા, ક્ષુદ્રાત્મા, પાપાત્મા. વાસ્તવમાં આત્મા ન તો મહાન છે, ન તો ક્ષુદ્ર છે કે ન તો પાપી છે. શાસ્ત્રમાં બુદ્ધિના ગુણોને ધ્યાનમાં લઈને આત્મા માટે આ ભાષાનો પ્રયોગ થાય છે.

*   *

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

આપણે જાણીએ છીએ કે અગ્નિની બે શક્તિઓ છે. પહેલી છે, 'સ્વાહા' અને બીજી છે 'સ્વધા'. સ્વાહા અર્થાત્ આત્મહુતિ આપવાની, આત્મત્યાગની શક્તિ અને સ્વધા અર્થાત્ સ્વને ધારણ કરવાની શક્તિ, આત્મધારણ કરવાની શક્તિ. સ્વધા એક આંતરિક શક્તિ છે. આત્મધારણ શક્તિ બે પ્રકારે કહેવાઈ છે – (૧) સમાજ ઉપર બોજારૂપ ના થઈને જીવવું. (૨) શરીરનું પોષણ શરીરશ્રમ દ્વારા જ કરવું. બૌદ્ધિક શ્રમથી ન કરવું. સ્વધા એટલે સ્વાવલંબન અર્થાત્ સ્વાશ્રયવૃત્તિ, પોતાના આશ્રયથી રહેવું. શરીરનો આધાર શરીર હોય.

* *

માંડૂક્ય ઉપનિષદ કહે છે – अयमात्मा ब्रह्म । सोऽयमात्मा चतुष्पाद। अयमात्मा ब्रह्म – આ મહાવાક્ય છે અને 'चतुष्पाद' એટલે કે વિશ્વ, તેજસ, પ્રાજ્ઞ, તુરીય. માંડૂક્ય ઉપનિષદ તો નાનકડું અમથું છે અને તે ૐકાર ની વ્યાખ્યાને જ સમર્પિત છે. એમાં વિશ્વ-તેજસ-પ્રાજ્ઞ આ ત્રણેય અવસ્થાઓનો ઉલ્લેખ થયેલો છે. વિશ્વ એટલે વિશ્વની ઉપાધિ ધારણ કરનારો આત્મા. સીધી સાદી ભાષામાં વિશ્વાત્મા. એમાં જાગૃતિ છે. તેજસ અર્થાત્ સ્વપ્નમાં રહેલ આત્મા. સ્વપ્નમાં આત્મા ઊઠ્યો અને અહીંથી કાશી જતો રહ્યો. આપણને ટ્રેનમાં તો કાશી જતાં બે દિવસ થઈ જાય છે. પણ સ્વપ્નનો આત્મા તો ફટાકથી પહોંચી જાય છે. આ આત્મા કયારેક ચંદ્ર પર જાય છે, તો પિતાજી દેવલોકમાં હશે તો તે ત્યાં પણ જઈ શકે છે. આવો એ તેજસ્વી આત્મા છે. પ્રાજ્ઞ અર્થાત્ ગાઢી નિદ્રામાં આત્મા પરમાત્મામાં લીન થયેલો હોય છે. શંકરાચાર્ય કહે છે કે સર્વકાલીન જ્ઞાનથી ભરેલી જે નિદ્રા છે એ નિદ્રા તમે લો. ક્યાં લેશો ? तुरीय-तल्पे – અર્થાત્ તુરીયના બિસ્તર પર (પથારી પર).

* *

શ્વેતાશ્વતર ઉપનિષદ કહે છે, તુ બ્રહ્મતત્ત્વ પ્રાપ્તિ માટે આત્મતત્ત્વને દીપક બનાવ. અર્થાત્ આત્મતત્ત્વને બ્રહ્મદર્શન માટેનું સાધન બતાવ્યું. એવું માનવામાં આવે છે કે આત્મતત્ત્વ તેજોમય – પ્રકાશમય છે અને સમજાવે છે કે બ્રહ્મતત્ત્વ તો અંધારામાં છે. એની પાસે આપણે પ્રજ્વલિત આત્મતત્ત્વ લઈને જઈશું તો अजं ध्रुवं सर्वतत्वैर विशुद्धम् – જન્મરહિત, શાશ્વત અને બધાં તત્ત્વો જેમાં વિશુદ્ધ થઈ ગયાં છે, એવા દેવને જાણી શકીશું અને એ દેવને જાણ્યા પછી મનુષ્ય બધા પ્રકારનાં બંધનોથી મુક્ત થઈ જાય છે.

* *

મૈત્રાયણી ઉપનિષદમાં મનોમય, પ્રાણશક્તિ, ભારૂપ, સત્યસંકલ્પ, આકાશાત્મા – આમ આત્માના પાંચ પ્રકારોનું વર્ણન કરવામાં આવ્યું છે. એટલે કે આત્માની ઉપાસના પાંચ રીતે થઈ શકે છે.

* *

ઉપનિષદમાં આવે છે કે આત્મા કેવો છે ? પત્થર જેવો – य एषोऽश्माश्वणः, એને ખોદી ન શકાય એવા પત્થરની જેમ એકદમ સખત અને મજબૂત બનવું જોઈએ.

* *

અલ્પમાં (થોડાકમાં) સુખ ન માનવું જોઈએ. ભૂયા (વ્યાપકતા)માં સુખ છે, અલ્પમાં નથી. ઘણાં લોકો અલ્પસંતોષને જ આત્મસંતોષ માની લે છે. આત્મસંતોષ એ કંઈ નાનકડી વાત નથી. આત્મસંતોષના અનુભવ આગળ તો આખી દુનિયા પણ નાની થઈ જાય છે. કલ્પનામાં અલ્પતા ન રહેવી જોઈએ. માટે જ આપણે અસંભવ પ્રતીત થનારા ધ્યેયને જ સામે રાખીને તેને સંભવ કરતા રહેવાના પ્રયત્નો કરવા જોઈએ.

* *

કઠોપનિષદ કહે છે – आत्मानं रथिनं विद्धि, शरीरं रथमेव तु । बुद्धिं तु सारथि विद्धि – આ જે આત્મા છે તે શરીરરૂપી રથનો રથી છે અને બુદ્ધિ સારથિ છે. ત્યાં ઇંદ્રિયોરૂપી ઘોડાઓને મનની લગામ દ્વારા ખેંચવાની વાત છે. બુદ્ધિ – સારથિ. મન-લગામ. જ્યારે પણ બુદ્ધિરૂપી સારથિ જાગૃત થાય છે ત્યારે આત્મા જાગૃત થાય છે. આમ બુદ્ધિ-શરણતા એ કઠોપનિષદની કલ્પના છે. बुद्धौ शरणं अन्विच्छ (ગીતા 2:49). ગીતાને પણ આ ભૂમિકા માન્ય છે. પરંતુ ગીતાએ

**આ અંકમાં**


| | | |
|---|---|---|
| વિનોબા | ૧ | આત્માને જાણીએ (૧૮) |
| અરુણ દવે | ૪ | શિક્ષણનું અધ્યાત્મ |
| પ્રવીણ જ. પટેલ | ૮ | સરદાર વલ્લભભાઈ પટેલ : એક પ્રબુદ્ધ બૌદ્ધિક |
| રાજુ રૂપપુરીઆ | ૧૨ | સમસ્યાઓથી ઘેરાયેલા દેશમાં જંતરમંતર એક આશાનું કિરણ |
| રજની દવે | ૧૪ | દેશની પર્યાવરણીય પરિસ્થિતિ પર અધ્યયન લેખ-૫ |
| રેવારજ | ૧૬ | ડૉ.પંકજ જોષીની નજરે વિજ્ઞાન અને અધ્યાત્મ લેખ-૩ |
| ડંકેશ ઓઝા | ૧૮ | કિરણ કિરણ જમા કરેં હમ એક નયા સૂરજ બનાયેં હમ |
| દીપિકા રાવલ | ૧૯ | પદ્માબહેનનું સ્મૃતિ પટ પરનું ચિત્ર |
| દીપક જોષી | ૨૦ | શસ્ત્રો અને યુદ્ધનો થઈ રહેલો વિરોધ : વિશ્વભરના વિજ્ઞાનીઓ...... |
| રશાંસ | ૨૧ | વાંચન થાળ - કલા ગંગોત્રી ગ્રંથો<br>૦ હઠીસિંહનું જૈન મંદિર ૦ ઘૂમલી શિલ્પ<br>૦ કલાધામ શામળાજી<br>૦ કચ્છનું સૌંદર્ય સ્થાપત્ય |
| આશા વીરેન્દ્ર | ૨૪ | હાથ છૂટ્યાની વેળા |




YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

જે રૂપક આપ્યું છે એમાં આત્મા રથી અને પરમાત્મા સારથિ છે. ગીતામાં ભગવત-શરણતાની આ વિશિષ્ટ ભૂમિકા રહી છે.

*　　*

ૐકારના મહિમાનું વર્ણન કરતાં કૈવલ્ય ઉપનિષદ કહે છે - आत्मनमरिणं कृत्वा प्रणवं चोत्तरारणि - આત્મારૂપી નીચેની લાકડી અને પ્રણવ અર્થાત્ ૐકારરૂપી ઉપરની લાકડી, આ બંને અરણિઓના ઘર્ષણ દ્વારા જ્ઞાનાગ્નિ ઉત્પન્ન કરવામાં આવે. એવી રીતે મુંડકોપનિષદમાં પણ આવ્યું છે કે प्रणवो धनुः शरो ह्यात्मा ब्रह्म तल्लक्ष्यमुच्यते - ૐકાર ધનુષ છે, આત્મા એ બાણ છે અને બ્રહ્મને લક્ષ્ય સમજવું.

ઇંદ્રને આત્મા કહેવાયો છે અને ઇંદ્રિયો એ આત્માનાં શસ્ત્ર છે. આવી ઇંદ્રિયોનો ઉપયોગ આત્માના વિકાસ માટે ન કરતાં જો એને બીજા વિષયોમાં ફસાયેલી રાખીશું, તો આપણે આપણી તાકાત ગુમાવી દઈશું. ઇંદ્રિયોની ઇચ્છાઓની પૂર્તિ કરતા રહેવાથી ઇંદ્રિયોનું તેજ ક્ષીણ થવા લાગે છે. ઇંદ્રિયો દ્વારા આત્માનો પ્રકાશ બહાર આવે છે. ઘરમાં જે મહત્ત્વ દરવાજાઓનું હોય છે એવું જ મહત્ત્વ શરીરમાં ઇંદ્રિયોનું રહેલું હોય છે. એટલા માટે ઇંદ્રિયરૂપી દરેક દરવાજે જો બરોબર ધ્યાન નહીં અપાય તો આત્મા નષ્ટ અને ભ્રષ્ટ થઈ જશે. ઇંદ્રિયોની તો એવી હાલત થઈ જવી જોઈએ કે જે ખરાબ વસ્તુ છે, એને આંખો જુએ જ નહીં, કાન સાંભળે નહીં, અને જીભ બોલે નહીં. આ અવસ્થા ત્યારે સંભવે, જ્યારે આપણે દરરોજ આપણી ઇંદ્રિયો પાસે તેવો અભ્યાસ કરાવતા રહીએ.

*　　*

બ્રહ્મસૂત્ર કહે છે કે - सर्वापेक्षा अने अनपेक्षा अर्थात् सर्वसंग्राहक બુદ્ધિ અને અન્યનિરપેક્ષ એકદમ સ્વતંત્ર વૃત્તિ, આ બંનેનો યોગ હોવો જોઈએ. એક આત્માની વ્યાપકતામાંથી અને બીજું આત્માની સ્વયંપૂર્ણતામાંથી નિષ્પન્ન થાય છે. જેને ઈશાવાસ્ય ઉપનિષદમાં परिभूः અને स्वयंभूः કહે છે.

आत्मा आनंदमयः - આનંદ તો આત્માનું સ્વરૂપ છે. જે કોઈ પણ આત્માના રૂપે જન્મ્યું, તે કોઈ પણ પરિસ્થિતિમાં આનંદ મેળવશે જ. તે આનંદ વગર જીવી જ ન શકે. કોઈ પ્રાણી એવું ન હોઈ શકે કે જે આનંદના એક ક્ષણ વગર પણ જીવિત રહી શકે. આનંદનું ભાન હંમેશા હોતું નથી. પરંતુ તેનો અનુભવ તો હરક્ષણે થયા જ કરે છે. આપણે બધાં આનંદતત્ત્વથી પરિવેષ્ટિત (વીંટળાયેલા) છીએ. આપણી આગળ-પાછળ, ઉપર-નીચે, અંદર-બહાર સર્વત્ર આનંદ જ આનંદ છે. ચોવીસે કલાક આનંદ ચાલતો જ હોય છે પણ આપણે તેને યાદ કરતા નથી અને આપણને તેનું ભાન પણ હોતું નથી. આત્મા અનંદમય છે. આત્માનું લક્ષણ આનંદ જ છે. શ્રુતિ તો કહે છે કે આ આનંદના એક અલ્પ અંશ પર તો આખી દુનિયા ઝૂમી રહી છે, નાચી રહી છે.

एतस्यैव आनंदस्य अन्यानि भूतानि मात्रामुप - जीवन्ति । સાચી આનંદી વ્યક્તિ તો એ છે કે જે દુ:ખમાં પણ આનંદનો અનુભવ કરે. બલ્કે મનુષ્ય સુખ દુ:ખથી પોતાના આત્માને તટસ્થ સમજે. અને ત્યારે જ તે સાચા આનંદનો અનુભવ કરી શકે. આનંદ તો બધાંને પ્રાપ્ત છે જ. પરંતુ આપણા પ્રયત્ન એ રહેવા જોઈએ કે આપણે આનંદશુદ્ધિની દિશામાં આગળ વધતા રહીએ, નહીં કે આનંદપ્રાપ્તિ માટે વ્યસ્ત રહીએ. જ્યાં સુધી ચિત્ત બહારની કામનાઓમાં રચ્યુંપચ્યું રહે છે, ત્યાં સુધી તે અંદર વળી જ શકતું નથી. એક વાર જો એ અંદર ગયું તો તેની વૃત્તિ જ પલટાઈ જાય છે. નયન અંદર જોવા લાગે છે અને એને આનંદ પ્રાપ્ત થાય છે. વાસના ત્યાગ થયા બાદ આત્માનંદ તરફ ધ્યાન જાય છે અને પછી તો ચિત્ત આત્માનંદમાં રમમાણ થઈને રમતું રહે છે.

**अध्यास (ભ્રાન્ત ધારણા - કલ્પના)**

શંકરાચાર્યે બ્રહ્મસૂત્ર ભાષ્યની શરૂઆતમાં પ્રસ્તાવનાના રૂપમાં અધ્યાસ ભાષ્ય લખ્યું છે. આ અધ્યાસ એટલે શું ? अध्यासो नाम अतस्मिंस्तर् बुद्धिः इति - 'તે' છે તેની ભાવના એ પદાર્થ પર થઈ હોય છે કે જે તે નથી. यथा पुत्रभार्यादिषु विकलेषु सकलेषु वा अहमेव विकलः सकलो वेति बाह्यधर्मानात्मन्य-ध्यस्यति - પુત્ર અને પત્ની બેચેન છે તો આપણે બેચેન, અને એ બંને સકલ (સંપન્ન) છે તો આપણે પણ સકલ - અર્થાત્ આપણે બહારના ધર્મોનો આપણા પોતાના પર અધ્યાસ કરતા રહીએ છીએ. એમની અપૂર્ણતા - અધૂરપથી સંપૂર્ણ થનારો, એમની પૂર્ણતાથી પૂર્ણ થનારો - આ બાહ્ય અધ્યાસ જ છે. तथा देहधर्मान् - હું સ્થૂળ છું. હું દૂબળો છું, હું ગોરો છું. શરીર જો શક્તિશાળી છે તો હું બળવાન છું, શરીર નબળું છે તો હું નબળો છું - આવી રીતે દેહધર્મોનો આત્મા પર અધ્યાસ થતો રહે છે. तथा इंद्रियधर्मान् - આંખો નબળી પડી કે હું નબળો, કાન નબળા પડ્યા તો હું નબળો, આવી રીતે ઇંદ્રિયોના ધર્મોનો પોતાની ઉપર આક્ષેપ અધ્યાસ કરે છે. આમ જેટલા પણ ભેદ છે, એ બધા બહારના ભેદ છે, શરીરની સાથેના ભેદ છે. મારામાં, આત્મામાં કોઈ ભેદ નથી. આપણે આ બહારનાં બધાં આવરણોને ભેદીને અંતર્યામી પાસે પહોંચવાનું છે. કાળો-ગોરો, જાડો-પાતળો, મૂર્ખ-ચતુર, નીતિમાન-અનીતિમાન વગેરે બધા જ ભેદો ઉપર ઉપરના છે, દેહ સાથે જોડાયેલા છે. આપણે આ ભેદોને ભૂલી જઈને અંદરની વસ્તુને ગ્રહણ કરવાની છે.

જે કોઈ વ્યક્તિ જીવનભર આ સાધના કરે છે, તેનો દેહ જ્યારે અંત પામશે, ત્યારે એની માટી માટીમાં મળી જાય, અને આત્મા પરમાત્મામાં મળી જાય છે. આત્મા ઉપર આ જે કાંઈ વ્યર્થ અધ્યાસ થતા રહે છે, તે મરતી વખતે જતા રહે છે. હું અમુક ભાષા બોલનારો, હું અમુક કુળનો, હું અમુક દેશનો - આ બધા અધ્યાસોથી આત્મા હટવા માંગે છે. સૌથી ઉપરનો અધ્યાસ પહેલાં હટે છે, એના કરતાં ઊંડો અધ્યાસ એના પછી અને એકદમ ઊંડે રહેલ અધ્યાસ અંતમાં હટે છે.

(ક્રમશ:)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# શિક્ષણનું અધ્યાત્મ



બ્રહ્માંડમાં રહેલી આશરે ત્રણસોથી ચારસો કરોડ જેટલી, આશરે ચારસો એક અબજ જેટલા તારાઓ ધરાવતી આકાશગંગાઓ પૈકી આપણી આકાશગંગા (મિલ્કી વે)માં પણ અન્ય આકાશગંગાઓની જેમ તારાઓનો જન્મ, વિકાસ અને મૃત્યુની ઘટનાઓ સતત ઘટ્યા કરે છે. પાંચેક અબજ વર્ષનું આયુષ્ય ધરાવતા આપણા સૂર્યને તેનો બૃહદ્ પરિવાર પણ છે.

સૂર્યની ગ્રહમાળામાં સૂર્યથી અંતરની દૃષ્ટિએ ત્રીજા સ્થાને પંદરેક કરોડ કિ.મી. દૂર સ્થિર થયેલ પૃથ્વી એવી નસીબવંતી ગણાય છે કે તેને સૂર્યની ગરમી અને પ્રકાશ માફકસરનાં મળ્યા કરે છે. પૃથ્વી ઉપરના સજીવ ઉદ્ભવનું મુખ્ય રહસ્ય પૃથ્વીનું સૂર્યથી યોગ્ય અંતરે સ્થિર થવું એ છે. પૃથ્વી સૂર્યની એટલી નજીક નથી કે સૂર્યની ગરમીથી દાઝી ઝાય, એટલી દૂર નથી કે ઠંડીથી થીજી જાય.

સૂર્યના જન્મ પછી ત્રણેક કરોડ વર્ષે ગ્રહોનો જન્મ થયો કે સૂર્યની સાથે જ થયો એ વિશે હજુ વિજ્ઞાનીઓ એકમત થયા નથી, પરંતુ મોટાભાગના વિજ્ઞાનીઓ એ વાતમાં સહમત થાય છે કે એક ધગધગતા ગરમ દડા જેવી પૃથ્વીને આકાર પકડતાં તેમજ તેના પરના જળ-સ્થળને સ્થિર થતાં એકાદ અબજ વર્ષ જેટલો સમય લાગ્યો છે.

આશરે આજથી ૩.૮૫ અબજ વર્ષ પહેલાં પૃથ્વી ઉપરની આવરણીય રચનાઓ સ્થિર થઈ. અલબત્ત એ સમયમાં વાતાવરણમાં કાર્બન ડાયોક્સાઈડનું પ્રમાણ સવિશેષ હતું. આ આવરણીય રચનાને સ્થિર કરવા પૃથ્વીના ધરીભ્રમણ અને ગુરુત્વાકર્ષણે સવિશેષ ભાગ ભજવ્યો છે. વજનદાર ધાતુઓ કેન્દ્ર તરફ સ્થિર થઈ. જ્યારે હલકા વાયુઓ બહારની તરફ ફેંકાયા. મુક્ત પરમાણુઓ એકબીજા સાથે સંયોજન થઈ શકે તેવી સાનુકૂળ પરિસ્થિતિ નિર્માણ થતાં વાતાવરણમાં રહેલાં ઓક્સિજન, હાઈડ્રોજન, કાર્બન, નાઈટ્રોજન વગેરે જેવાં તત્ત્વો સંયોજાવા લાગ્યાં. સૂર્યપ્રકાશની ઉષ્મીય ઊર્જાથી વાતાવરણમાં પાણી, મિથેન, એમોનિયા, કાર્બનડાયોક્સાઈડ, હાઈડ્રોજન સાઈનાઈટ અને હાઈડ્રોજન વાયુ જેવાં પ્રાથમિક સંયોજનો ઉત્પન્ન થવા લાગ્યાં અને પૃથ્વી પરનાં જમીન, સમુદ્રો, સરોવરો, તળાવો, ખાબોચિયાઓ, ખડકો, વાતાવરણ વગેરે ઘટકોમાં ધીમે ધીમે ભળવા લાગ્યાં.

પૃથ્વીના ધરીભ્રમણ પ્રમાણે ગુરુત્વાકર્ષણની અસર તળે આ કુદરતી ઘટકોમાં ભળેલાં સંયોજનોએ કેટલાંક કાર્બનિક સંયોજનો પણ તૈયાર કરી આપ્યાં. ધરતીકંપ, લાવારસ, સુમદ્રી તોફાન, વાવાઝોડું વરસાદ, જળ-સ્થળની ઊથલપાથલ વગેરે જેવી કુદરતી ઘટનાઓએ આ કાર્બનિક સંયોજનો અને વાયુઓને તેમનાં સ્થાન અને પ્રમાણ એ સમયે સ્થિર કરી આપતાં, કેટલાંક વિશેષ કાર્બનિક સંયોજનોનું નિર્માણ શક્ય બન્યું. આ કાર્બનિક સંયોજનોને જ પૃથ્વી પરની સજીવ સૃષ્ટિના પ્રાગટ્ય માટેનો કાચો માલ ગણવામાં આવે છે.

પૃથ્વી પરની જીવસૃષ્ટિની ઉત્પત્તિ માટે ઘણીબધી વૈજ્ઞાનિક અને ધાર્મિક માન્યતાઓ પ્રવર્તે છે. અસંખ્ય વિજ્ઞાનીઓ, ધર્મગુરુઓ, તત્ત્વચિંતકો અને વિચારકોએ આ રહસ્યમય રસિક કોયડાનો સચોટ જવાબ મેળવવા પ્રયત્નો કર્યા છે અને આજે પણ કરી રહ્યા છે. કેલ્વિન પામ, સિડનીફોક્સ, ડૉ. ખોરાના અને સ્વાન્તે અરહેનિયસ જેવા વિજ્ઞાનીઓ દ્વારા રજૂ થયેલી વૈજ્ઞાનિક માન્યતાઓ પણ પ્રથમ જીવની ઉત્પત્તિ માટે લક્ષમાં લેવાતી હોવા છતાં આજે વધારે સરળ અને સચોટ રીતે વૈજ્ઞાનિક આધારોના કારણે ઓપેરન દ્વારા અપાયેલ ખુલાસાને મોટાભાગના વિજ્ઞાનીઓએ સ્વીકાર્યો છે.

કાર્બન ડાયોક્સાઈડસભર વાતાવરણમાં સૂર્યમાંથી વછૂટતાં અલ્ટ્રા-વાયોલેટ (નીલાતીત/પારજાંબલી) કિરણો પૃથ્વી ઉપર પથરાઈને પ્રાણને પ્રગટવા દેતાં નહોતાં. સમુદ્રની સપાટી ઉપર પણ આ જ પરિસ્થિતિ હતી, પરંતુ આ નીલાતીત/પારજાંબલી કિરણો સમુદ્રની સપાટીથી ત્રીસેક ફૂટ ઊંડે જતાં ક્ષીણ બની જતાં હતાં. આથી મહાસાગરો, તળાવો, સરોવરો, મોટાં ખાબોચિયાંઓ, લાવારસ ઠરીને તેની સાથે ભળેલાં પાણી વગેરેમાં ત્રીસેક ફૂટની ઊંડાઈએ તૈયાર થયેલ કાર્બનિક સંયોજનો જે ઓગળેલાં હતાં જેવાં કે મિથેન, એમોનિયા, કાર્બન ડાયોક્સાઈડ અને હાઈડ્રોજન વગેરેમાં નીલાતીત/પારજાંબલી કિરણોએ જીવના સંચાર માટેની ઉષ્મીય ચેતના સીંચીને એમિનો એસિડ જેવા પ્રાથમિક જીવરસ (Primordial lifesoup)નું સર્જન કર્યું.

આમ, જીવના પ્રાગટ્ય માટેનો પ્રાથમિક પદાર્થ એમિનો એસિડ તૈયાર કરીને સર્જનહારે પૃથ્વી પરની જીવસૃષ્ટિના પ્રાગટ્યના શ્રી ગણેશ કર્યા. ૨૩ પ્રકારના એમિનો એસિડ જ્યારે યોગ્ય ક્રમમાં ગોઠવાય છે, ત્યારે એકકોષી જીવનો પાયારૂપ એકમ જ ડીઓક્સીરીબો ન્યુક્લિઈક એસિડ DNA તૈયાર થાય છે. ૬ આંકડા મળે ત્યારે લોટરી લાગે છે ! ત્યારે કુદરતે અહીં ૨૩ એમિનો એસિડ યોગ્ય ક્રમમાં ગોઠવી પ્રથમ DNA તૈયાર કર્યો!! કેટલા અબજો પ્રયત્નો પછી એ સફળતા મળી હશે, તેની કલ્પના કરવી રોમાંચક છે !

કાર્બનિક સંયોજનો પાણીમાં ઓગળવાથી કલિલ અવસ્થા રચાવા લાગી. જૈવિક ગુણો ધરાવતા વિવિધ પ્રકારના જે પ્રોટોન અણુઓ DNA ના સંયોજનથી પેદા થવા લાગ્યા હતા, તે કલિલ અવસ્થામાં એકરૂપ થવા લાગ્યા. આ એકરૂપ થવાની ઘટનાથી 'કોએસર્વેટસ' નામનાં જીવંત બિંદુઓ પેદા થવા લાગ્યાં. આ 'કોએસર્વેટસ'ને જન્માવીને કુદરતે આ ચૈતન્યસભર સૃષ્ટિને કલરવ કરતી કરવાનું કામ વિધિવત્ આરંભ્યું, એમ કહી શકાય.

પ્રારંભકાળમાં આ જીવનબિંદુઓ ('કોએસર્વેટસ') માટે અત્યારનો પ્રાણવાયુ એ પ્રાણઘાતક હતો. સૂર્ય પ્રકાશમાંથી ઊર્જા મેળવતા આ જીવો વાતાવરણનો કાર્બન ડાયોક્સાઈડ તોડીને તેમાંથી કાર્બનનો ખોરાક તરીકે ઉપયોગ કરીને ઑક્સિજનને વાતાવરણમાં છોડતા હતા. આ જીવો વચ્ચે થતી અને વાતાવરણમાં બન્યા કરતી કેટલીક જૈવિક પ્રક્રિયાઓ અને અકસ્માતોના પરિણામે કોષકેન્દ્રીય આદિજીવ પ્રોકેરિયોટિકનો જન્મ થયો.

વાતાવરણમાં વધતા જતા ઓક્સિજનના વિપુલ જથ્થાએ સજીવોની



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

ઉત્ક્રાંતિમાં ભારે મોટો ચમત્કારિક ભાગ ભજવ્યો, ઓક્સિજનની વિપુલતાથી કેટલાક જીવો ગૂંગળાઈને મરી ગયા. કેટલાક જીવોએ ઓક્સિજનને સહન કરવાની ક્ષમતા કેળવી લીધી. જ્યારે અમુક ખાસ પ્રકારના જીવોએ આ ઓક્સિજનની સહાયથી પોતાના અસ્તિત્વને ટકાવી રાખવાની અદ્‌ભુત શક્તિ પ્રાપ્ત કરી.

બીજી ઘટના એ બની કે વાતાવરણમાંના ઓક્સિજનના ત્રણ પરમાણુઓના સંયોજનથી 'ઓઝોન' નામનો વાયુ પેદા થવા લાગ્યો. પૃથ્વી પરનાં નીલાતીત/પારજાંબલી કિરણોને અંતરિક્ષમાં જ રોકીને પૃથ્વી સુધી પહોંચવા જ ન દેતાં નીલાતીત/પારજાંબલી કિરણોની ઉષ્મીય ઊર્જાથી ઓક્સિજન પરમાણુઓને સંયોજિત કરી, ઓઝોન વાયુ નિર્માણ કરી, પૃથ્વી પર ઓઝોન વાયુનું રક્ષક કવચ રચી આપી, પ્રકૃતિએ કૃપા વરસાવી છે. આ ઓઝોન સ્તરની હૂંફાળી ગોદડીથી પૃથ્વી પરનું જીવન ઝડપથી વિકસવું અને ટકવું શરૂ થયું. આ નીલાતીત/પારજાંબલી કિરણોની મદદથી જ નીલાતીત/પારજાંબલી કિરણોને પૃથ્વી ઉપર આવતાં રોકવાની વ્યવસ્થાને કુદરતની કમાલ વ્યવસ્થા ગણાવાય છે. ઓઝોન સ્તરના રક્ષક કવચ સ્તરને લીધે પૃથ્વી પરની જીવસૃષ્ટિ ગરમીથી બળી જતી નથી કે ઠંડીથી થીજી જતી નથી.

આદિ કોષ કેન્દ્રીય 'પ્રોકેરિયોટિક' સજીવોને જીવતા રહેવા માટે ખોરાકની જરૂર ઊભી થઈ. આ ખોરાકની ઊભી થયેલી જરૂરિયાતે આ જીવોમાં ખેંચતાણ કરાવીને વિકૃતિ પેદા કરી. આ વિકૃતિનું પરિણામ એ આવ્યું કે કોષરચનામાં વિવિધ પ્રકારની અંગિકાઓ ઉદ્‌ભવી અને અનુકોષ-કેન્દ્રીય જીવો 'યુકેરિયોટિક' જન્મ્યા.

આજથી ત્રણેક અબજ વર્ષ પહેલાં જન્મેલા આ યુકેરિયોટિક સજીવ કોષને જ પાયાના કોષ ગણાવાય છે કે જેમાંથી કાળક્રમે બે વિભાજન થયાં. જે યુકેરિયોટિક ઓક્સિજનને સહન કરી અન્ય પદ્ધતિથી પોતાનો ખોરાક ગ્રહણ કરવાની ક્ષમતા મેળવી શક્યાં, તેમાંથી પ્રાણી સૃષ્ટિ જન્મી, જ્યારે યુકેરિયોટિક સજીવ કોષોએ ઓક્સિજનની સામે કાર્બનડાયોક્સાઈડની મદદથી પોતાના ખોરાકને જાતે પેદા કરી લેવાની ક્ષમતા મેળવી, તેમાંથી વનસ્પતિ સૃષ્ટિનો જન્મ થયો. નીલકણો નિર્માણ કરીને પોતાનો ખોરાક બનાવી લેવા ઉપરાંત આ સજીવોએ વાતાવરણમાં ઓક્સિજનનું સપ્રમાણ સાચવી રાખવાની બહુમૂલ્ય જવાબદારી પણ સ્વીકારી !

ઓઝોન સ્તરના રક્ષક કવચના પરિણામે નીલાતીત/પારજાંબલી કિરણોની તલવારથી બચી જઈ બીજા સજીવો ધીમે ધીમે પાણીની સપાટી ઉપર આવવા લાગ્યા અને વાતાવરણમાં ઓક્સિજનની સક્રિય ક્રિયાશીલતાથી સજીવોની વૃદ્ધિ ઝડપી બનવા લાગી. બહુ ઝડપથી જમીન ઉપર સજીવોનો ફેલાવો થવા લાગ્યો અને સજીવ ઉત્ક્રાંતિએ વેગ પકડ્યો.

આજથી બે અબજ વર્ષ પહેલાં સર્જનહારે પૃથ્વી ઉપરના જીવન અને પ્રાણવાયુ (ઓક્સિજન) વચ્ચેના સંબંધ એવી સ્થિતિમાં મૂકી આપ્યા છે કે આપણે કહેવું પડે કે વાતાવરણમાં ઓક્સિજન છે, કારણ કે પૃથ્વી ઉપર જીવન છે. પૃથ્વી ઉપર જીવન છે કારણ કે વાતાવરણમાં ઓક્સિજન છે !

આજથી એકાદ અબજ વર્ષ પહેલાં કાળક્રમે યુકેરિયોટિક સજીવોમાંથી ઉત્ક્રાંતિવાદ પ્રમાણે વનસ્પતિસૃષ્ટિ અને પ્રાણીસૃષ્ટિના એક પછી એક નરી આંખે દેખાતા સજીવોનું આગમન થયાનું વિજ્ઞાનીઓ સ્વીકારે છે. જે જીવો અનુકૂલન સાધી ન શક્યા તે જે તે કાળે નાશ પામ્યાનું પણ સમજાવાય છે. આ સજીવોને જીવતું રાખતું રસાયણ અને પર્યાવરણ ટચુકડા એવા બેક્ટેરિયાઓએ કમાલની ગોઠવણી કરીને સજીવસૃષ્ટિને જિવાડી છે. પ્રકાશ-સંશ્લેષણ, વાતજીવી શ્વસન અને આથવણ-સડવણની સમતુલિત ઘટના બન્યા કરવી જોઈએ. એટલે વનસ્પતિસૃષ્ટિ, પ્રાણીસૃષ્ટિ અને સૂક્ષ્મતમ જીવજંતુઓનું ૩૩-૩૩ ટકા પ્રમાણ જાળવી રાખીને કુદરતે અદ્‌ભુત સંતુલન ગોઠવી આપ્યું છે.

આમ, પૃથ્વી ફરતું રક્ષક કવચ રચી આપી, પોષણશૃંખલા ગોઠવી આપી, યોગ્ય વાતાવરણ રચી આપી, કુદરતે પૂરા સન્માન સાથે દરેક જીવને પૃથ્વી ઉપર આમંત્રણ પાઠવ્યું છે. 'કીડીને કણ અને હાથીને મણ' મળી રહે તેવી સંપૂર્ણ ન્યાયી વ્યવસ્થા ચૈતન્યસભર સૃષ્ટિના રચયિતાએ રચી આપીને સમગ્ર જીવસૃષ્ટિને તેની ઋણી બનાવી છે. આથી જ કહેવાયું છે કે પૃથ્વી તમામ જીવોનું પનોતું પારણું છે. આથી આપણી પૃથ્વીને એક 'જીવતો ગ્રહ' તરીકે પણ ઓળખાવાય છે.

આપણી ચૈતન્યસભર પૃથ્વી ઉપર કરોડો પ્રકારના અબજો સંખ્યામાં જીવો વસે છે. આ તમામે તમામ જીવોને તેમની જરૂરિયાત પ્રમાણે 'કીડીને કણ અને હાથીને મણ' મળી રહે તેવી અદ્‌ભુત ન્યાયી વ્યવસ્થા રચયિતાએ રચી હોવા છતાં એક માત્ર માણસને તેણે અલગ પાડ્યો છે. માણસ સિવાયના તમામ સજીવો પ્રાકૃત જીવો છે, એ તમામ પ્રકૃતિને આધિન છે. પ્રકૃતિએ કરેલી ગોઠવણ-વ્યવસ્થા અને ઘડી આપેલી તેમની જીવનશૈલી તેમજ સમયપત્રક પ્રમાણે એ સૌ જીવો જીવે છે. માણસ પ્રકૃતિને આધિન ન રહ્યો ! આથી તેને સંસ્કૃત રાખવો-બનાવવો અનિવાર્ય છે.

અલબત્ત, તેણે પ્રકૃતિ સાથેની સુસંવાદી જીવનશૈલી અપનાવવાની હતી, છતાં તેણે પોતાને કુદરતે બક્ષેલી બુદ્ધિ, સાહસવૃત્તિ, કુતૂહલવૃત્તિ, સંવેદનાઓ અને કલ્પનાશક્તિની મદદથી પોતાની આગવી સંસ્કૃતિ ઊભી કરી. ગુફામાંથી બહાર નીકળી તેણે અન્ન, વસ્ત્ર, આવાસનાં વિશિષ્ટ સાધનો વિકસાવ્યાં. એક અભ્યાસ એવો પણ થયો છે કે આજથી છ કરોડ વર્ષ પહેલાં બે પગે ચાલતાં સસ્તન વર્ગનાં પ્રાણીઓ અસ્તિત્વમાં આવ્યાં. આજથી ચાલીસ લાખ વર્ષ પૂર્વે અર્ધમાનવ 'ઓસ્ટ્રોપિથેસિન્સ', આજથી વીસ લાખ વર્ષ પૂર્વે પ્રારંભિક આદિમાનવ 'હોમોહેબીલ્સ', પાંચ લાખ વર્ષ પૂર્વે આદિમાનવ - 'હોમોઇરેક્ટ્સ' અને એક લાખ વર્ષ પૂર્વે આધુનિક માનવ - 'હોમોસેપિયન'નું આગમન થયું. આમ, સર્જનહારે પ્રથમ જીવ બિંદુમાંથી આધુનિક માનવને સર્જવા પૂરા બે અબજ નવ્વાણું કરોડ અને નવ્વાણું લાખ વર્ષ જેટલો સમય લીધો.

બે પગે ચાલતો થયેલો વાનર જ્યારે તેના આગલા બે પગને અનેકવિધ પ્રવૃત્તિઓમાં જેમ જેમ જોડતો ગયો, તેમતેમ તેના મગજમાં બુદ્ધિ વિકસતી-વિસ્તરતી ગઈ. આગલા પગને હાથ બનતાં પૂરાં ૩૨ હજાર વર્ષનો સમય



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

લાગ્યો. ૮૮ હજાર વર્ષ તો માણસ સાવ અન્ય પશુ-પક્ષીઓની જેમ જ ભટકતું જીવન જીવતો રહ્યો. બારેક હજાર વર્ષથી એ ખેતી કરતો થયો અને ખેતીની ઊપજ લેવા તેને સ્થિર જીવન જીવવાની ફરજ પડી.

છેલ્લાં છએક હજાર વર્ષથી જ સંસ્કૃત થયેલા માણસને એ વખતે પણ આનંદ-પ્રસન્નતાની ભૂખ જાગેલી. પણ એ અન્ન, વસ્ત્ર, નિવાસમાંથી ન સંતોષાતાં તેની શોધ આગળ ચાલી. એ વખતના ઋષિઓએ અનેક સ્થળોએ સ્વતંત્ર રીતે કરેલા પ્રયોગોમાં કેટલાકને ધ્યાન-તપ દરમિયાન થયેલી પરમાત્માની અનુભૂતિએ પ્રેરણા આપી કે સાચું સુખ તો આત્માના સાક્ષાત્કારમાં જ રહેલું છે. આ અનુભવનો સૌને લાભ આપવાના શુભ હેતુથી તેમણે વેદોની રચના કરી. સામાન્ય માણસોને આ વેદો સમજવા અઘરા જણાયા. આથી તેને અનેકવિધ પરિચિત દૃષ્ટાંતોથી સરળ રીતે સમજાવવા માટે ઉપનિષદોની રચનાઓ થઈ. ઉપનિષદોનો મુખ્ય હેતુ બ્રહ્મજ્ઞાન આપવાનો હતો કારણ કે જગત એ બ્રહ્મની અભિવ્યક્તિ છે.

આમ, માણસના શરીર અને આત્માની કેળવણી માટે ભારતીય દર્શનશાસ્ત્ર પાસે વરસોથી જીવનનું અખંડદર્શન કરાવતી કેળવણી હાથવગી જ રહી છે. માનવજાતની પાયાની જરૂરિયાતો સંતોષાઈ એટલે તેણે આનંદ અને સુખાકારીનાં સાધનો-માધ્યમો શોધી કાઢ્યાં. એટલે સુધી વાંધો નહોતો પણ પછીના તબક્કે ભોગવિલાસ અને ભૌતિક સુખાકારીની ગળાકાપ હરીફાઈ સાથેની આંધળી દોટે માનવજાતને વિવેકહીન બનાવી મૂકી. પ્રકૃતિને સંસ્કૃત અને વિકૃત કરવાની અદ્‌ભુત શક્તિ ધરાવતી માનવજાત, બાહ્ય સુધારાને સંસ્કૃતિ માનીને, અંતઃકરણને ઢંઢોળીને કરવાના, પ્રકૃતિની જાળવણી સાથેના માનવતાભર્યા વ્યવહારને ભૂલી ગઈ. સંસ્કૃતિના આધારે જીવતી માનવજાત વિકૃતિઓમાં ફસાઈ ગઈ.

એક વૈજ્ઞાનિક સર્વે પ્રમાણે પૃથ્વીલોક પર દસેક કરોડ પ્રકારના જીવો વસે છે. અલબત્ત, આ યાદી હજુ અપૂર્ણ છે ! આ ૧૦ કરોડ જીવો પૈકી માત્ર ૧૭ લાખ જીવોનો જ અભ્યાસ થઈ શક્યો છે. તમામ જીવોમાં બે લક્ષણો સર્વસામાન્ય જાણવા મળ્યાં છે. એક છે, તમામ જીવોનું અંતિમ લક્ષ્ય સુખ ભોગવવાનું- મોજ કરવાનું, જલસા કરવાનું છે. બીજું છે, તે તેની પ્રસન્નતાની અભિવ્યક્તિ નૃત્ય દ્વારા કરે છે. મનુષ્ય નામના જીવની સતત દોડ, ઝંખના ઇચ્છા કોઈ હોય તો તે છે સુખ મેળવવાની. આથી આપણે એવું માનીએ છીએ કે જીવન એ સુખની શોધ છે. વાસ્તવમાં જીવન એ સત્યની શોધ છે. પણ કયા સત્યની શોધ કરવાની છે ! કયું સત્ય પામવાનું છે ? સચ્ચિદાનંદ સ્વરૂપ આત્માના સાક્ષાત્કારના સત્યને પામવાનું છે.

માણસમાં પશુત્વ અને મનુષ્યત્વ બંને છે, ત્યારે પશુત્વ ઘટાડવાનું છે અને મનુષ્યત્વ વધારવાનું છે. વળી, જીવતા રહેવાનું છે, તંદુરસ્ત રહેવાનું છે અને મોજ પણ કરવાની છે. આ બધાંનું વાજબી વ્યવસ્થાપન કરવું એ જ જીવન છે. જીવન પોતે એક ગૂઢ રહસ્ય છે અને સદાકાળ રહસ્ય જ રહેશે. દરિયામાં રહેતી માછલી જેમ દરિયાનો તાગ મેળવી શકતી નથી તેમ માણસ પણ જીવન અને જગતનો તાગ મેળવી શકે તેમ નથી.

બહિરંગની ગતિ અને અંતરંગની સ્થિતિના સંયોજનથી જીવન સર્જાય છે. જેમ અંતરિક્ષમાં કોઈપણ અવકાશીય પીંડને પોતાના અસ્તિત્વ માટે પોતાની ધરીની આસપાસ અને પોતાના માતૃપિંડની આસપાસ ફરતા રહેવું અનિવાર્ય છે, તે માણસ માટે પણ એટલું જ સાચું છે.

### જીવન પોતે એક અભિવ્યક્તિ છે

આપણી પાસે દિવસના ચોવીસ કલાક, આઠ પ્રહર છે. એમાંથી આઠ કલાક શરીરને સંભાળવામાં જાય છે. આઠ કલાક આજીવિકા-જીવન-નિર્વાહ માટે જાય છે. બાકી રહેલા આઠ કલાકમાં મોજનું-ભીતરની પ્રસન્નતાનું આયોજન કરવાનું છે. આઠ કલાકની મોજ માણવા માટે સોળ કલાક આપવાના છે. બીજી રીતે કહીએ તો માનવ જિંદગીનો ૩૩% સમય જીવન ટકાવી રાખવામાં અને ૩૩% સમય મોજ આનંદ-પ્રસન્નતા માટે રહે છે. એટલે કે ૩૩% સમય પ્રસન્ન રહેવા માટે માણસે ૬૬% સમયનું સટિક આયોજન કરવાનું છે. આ ૩૩% પ્રસન્નતા મળી એમાં વધેલા ૧% ઉમેરીએ તો ૧૦૦% જીવન જીવંત બની જાય છે.

ત્રીજી રીતે સમજીએ, તો સરસ કેરીના રસનો સ્વાદ માણવો છે તો કેરીની છાલ અને ગોટલાને સ્વીકારવાનાં છે. કામ તો રસનું-સ્વાદનું છે. પણ રસ-આસ્વાદ-તૃપ્તિ તો જ શક્ય છે, જો આપણે છાલ અને ગોટલાનો સ્વીકાર કરીએ. અહીં છાલ અને ગોટલાનું વજન અને વિસ્તાર જો વધારે હોય તો તેટલો રસ ઓછો મળે ! આમ, આપણી પાસે દિવસમાં આઠ કલાક અથવા જીવનમાં ૩૩% સમય પ્રકૃતિએ મોજ કે પ્રસન્નતા માટે ફાળવ્યો છે. આ મોજની ગુણવત્તાનો આધાર તમે બાકીના ૧૬ કલાક કે ૬૬% સમય ક્યાં અને કેવી રીતે ખર્ચો છો તેની પર નિર્ભર કરે છે.

પશુ-પંખીઓમાં આ બાબત વંશ પરંપરાગત પ્રાકૃતિક રીતે ઊતરી આવે છે. એટલે કોયલને ટહુકા માટે રિયાઝ કરવો પડતો નથી, પક્ષીઓને કલરવ માટે સંગીતનું કોચિંગ લેવું પડતું નથી કે મોરને નૃત્ય માટે પ્રેક્ટિસનાં સેશન્સ નથી હોતાં કે સુગરીને માળો બાંધવાની તાલીમ લેવી પડતી નથી. પણ માણસને સર્જનહારે 'ઓટોનોમી' (સ્વાયત્તતા) બક્ષી છે ! માણસે જાતે કેળવાવાનું છે, જાતે શિક્ષિત-દીક્ષિત થવાનું અને નિજાનંદી બનવાનું છે. માણસ માટે તંદુરસ્ત રહેવા, આજીવિકા મેળવવા અને પ્રસન્ન રહેવા માટેનું હાથવગું કોઈ સાધન હોય તો તે એકમાત્ર છે, શિક્ષણ. આમ, માણસ માટે શિક્ષણ એ તો આનંદયાત્રા છે. દુર્ભાગ્યે આજનું શિક્ષણ મોજીલી યાત્રા બનવાને બદલે યુદ્ધ બની ગયું છે. ડર, સ્વાર્થ, હાર-જીત, સ્પર્ધા, આધિપત્ય, પ્રભાવ, દંભ વગેરેએ શિક્ષણને લૂણો લગાડ્યો છે. આત્માને થકવી દીધો છે. ૯૯% લાવનાર પણ કોઈ એક ટકો વધારે લઈ લેશે તો ?- એવા ડરથી ભણે છે !

નિષ્ફળતા એ હાર નથી, અનુભવ છે; એવું કોઈ સમજાવતું જ નથી. શિક્ષણમાંથી જીવનનો અનુબંધ દૂર થતો ગયો એનું આ પરિણામ છે. એક સમયે એકથી બાર ધોરણનાં પાઠ્યપુસ્તકોમાં આત્માને પોષક પાઠ-ભજનની, સંતોની, સાધકોની, સંસ્કૃતિ અને સંસ્કારની સરિતાઓ પાનાંઓ પર વહેતી રહેતી હતી. ધીમે ધીમે એ સંસ્કાર અને સંવેદનાની સરિતાઓ ઓસરી ગઈ, તેથી પ્રસન્નતા-મોજનું પોષણ



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

પણ વિસરાતું ગયું. ગીતો ગણગણવાને બદલે ગણિત-ગણતરીઓ આવી, તેથી તણાવ વધતો ગયો, હતાશા આવી ને હળવાશ ગઈ.

સાચા વિકાસમાં ધરતી લુંટાતી નથી, પોષિત-સંવર્ધિત થતી રહે છે. સ્થાયી વિકાસનું રહસ્ય સમપોષિત વિકાસમાં રહેલું છે. શિક્ષણને નિર્ભાર, બોજમુક્ત કરીને ખોજ + મોજયુક્ત કરવાનું છે. પ્રવૃત્તિ અને અનુભવ દ્વારા અપાતું મોજીલું શિક્ષણ જ જીવનલક્ષી બને છે. શિક્ષણ વિષયવસ્તુ નથી, સંસ્કાર, શિસ્ત, આવડત, તાલીમ, પ્રકૃતિ, સંસ્કૃતિ, સંવેદના અને પ્રસન્નતા આધારિત સાધના-તપ છે, એને વિષયોમાં ધરબી દેવાને બદલે વિષયના વાડામાંથી ખીલો ખેંચી કાઢવાનો છે. સાંકળ છોડી-ઢીલી કરી દેવાની છે. શિક્ષણ માણસને જડ નહીં, જીવંત અને સંવેદનશીલ બનાવતું હોવું જોઈએ. શિક્ષણમાં પરિણામ કે પરીક્ષા અગત્યની નથી, પ્રક્રિયા મહત્ત્વની હોય છે. વર્ગખંડનું શિક્ષણ માના રસોડે કે બાપદાદાના ખેતરે ખપ ન લાગે તો તે શિક્ષણ વાંઝિયું છે. શિક્ષણનું મૂળ કામ તો આત્માનું પોષણ કરવાનું છે. શરીરને મારી શકાય છે, આત્માને મારી શકાતો નથી. આપણે યોગ, ઉદ્યોગ અને સહયોગ દ્વારા સંવેદનાઓના સંસ્કારનું સિંચન કરતું શિક્ષણ ખપનું છે. આવું શિક્ષણ આપણા દેશમાં ત્રણસો વર્ષ સુધી ટક્યું હતું. તેવું 'પાતંજલ યોગસૂત્ર'માં જણાવવામાં આવ્યું છે.

આપણાં વિદ્યાલયોમાં વિદ્યાનો જ લય થઈ રહ્યો છે. સર્જનાત્મકતા અને રચનાત્મકતા વગરની એક્ટીવીટીને કારણે પ્રોડક્ટીવીટી ભુલાઈ ગઈ છે. સોક્રેટિસ જેવાએ સમજાવ્યું છે તેમ માણસ મૂળભૂત રીતે સજ્જન જ છે, જે કાંઈ દોષો દેખાય છે તે અજ્ઞાનના કારણે છે. અત્યારના આધુનિક શિક્ષણે સોડિયમ વગરનું મીઠું, કાંટા વગરનો થોર, ઝેર વગરનો સાપ અને સંવેદના વગરનો માણસ તૈયાર કર્યો છે. અંતે માણસે શરીરને અને આત્માને બંનેને પોષવાનાં છે. શરીરને પોષવાનું પ્રમાણમાં સરળ છે પણ આત્માને રાજી રાખવાનું આપણી સહજ વૃત્તિઓએ અઘરું બનાવી દીધું છે. શરીરના પોષણ જેટલું જ તે સરળ હોવા છતાં તેનું શિક્ષણ અપાતું ન હોવાથી આજની પરિસ્થિતિ નિર્માણ થઈ છે. શરીરને બુદ્ધિથી અને આત્માને હૃદયથી સમજવાનાં, પોષવાનાં છે. શરીર અને આત્મા વચ્ચેનાં આવરણો દૂર કરવાનાં છે.

શરીરને શેનાથી અને શી રીતે પોષાય, એ ક્ષેત્રે ખૂબ અભ્યાસ, પ્રયાગો, સંશોધનો થયાં છે અને થઈ રહ્યાં છે. જ્યારે આત્માના પોષણ માટે ખાસ કોઈ ગંભીર નથી. આત્માનું પોષણ શું ? ક્યાં મળે, કેવી રીતે મળે ? સત્ય, પ્રેમ અને કરુણા આત્માનો ખોરાક છે. સત્કર્મો, સત્સંગ, પ્રેમાળ હૃદય, નિર્મળ મન એ આત્માને ભાવતાં પકવાન છે. માણસાઈ એ આત્માને ભાવતી મીઠાઈ છે. સચ્ચિદાનંદ સ્વરૂપ આત્મા એ મનુષ્યનું મૂળ સ્વરૂપ છે, મૂળ ઓળખ છે, આધારકાર્ડ છે.

સામાન્ય માણસની વૃત્તિઓ નીચે પ્રમાણે છે :

જિજ્ઞાસાવૃત્તિ : જ્ઞાન-માહિતી જ્ઞાન

આધિપત્યની વૃત્તિ : શક્તિ + સ્વતંત્રતા : ચિત્તપ્રાપ્તિ (ચ્ચિ)

જાતીયવૃત્તિ : પ્રેમ + આનંદ + સૌંદર્ય : પ્રસન્નતા (દા)

જિજીવિષા વૃત્તિ : અમરત્વ : સત્ય (નં)

પ્રતિષ્ઠા-કીર્તિવૃત્તિ : શાંતિ + આનંદ : પ્રેમ (દ)

માનવસહજ આ વૃત્તિઓમાંથી મળતાં જ્ઞાન, શક્તિ, સ્વતંત્રતા, પ્રેમ, સત્ય, સૌંદર્ય, શાંતિ, પ્રસન્નતા, નિજાનંદ અને અમરત્વનું પોટલું બાંધો તો તે પોટલા પર 'આત્મા'નું લેબલ લાગે. આત્મા સહજ છે, તે કર્તા હોઈ શકે જ નહીં. 'અહિંસા' શબ્દ આત્મસ્વરૂપ છે, આધ્યાત્મિક છે. અહિંસા આત્માનું સ્વરૂપ છે. એ હિંસા કરી શકતો જ નથી. હિંસા એ શરીરની શક્તિ છે. આથી શરીર મટી જાય છે પણ આત્મા મરતો નથી. આત્મા મરતો નથી, મરાવતો નથી અને મારતો પણ નથી. જે આત્મા મારામાં છે એ જ આત્મા તમારામાં અને સૌમાં છે. આત્માની આ વ્યાપકતા અહિંસાની પ્રતિષ્ઠા કરે છે. આ વ્યાપકતા-સમરસતાના કારણે એક આત્મા બીજા આત્માની હિંસા કરી શકતો જ નથી. મન, બુદ્ધિ, વિચાર અલગ અલગ હશે પણ આત્મતત્ત્વ તો એક જ છે. આત્માનું સ્વરૂપ શાંત છે, આત્મત્વ ઘણું સૂક્ષ્મ છે, બીજમાં રહેલા વિશાળ વૃક્ષની જેમ, આત્મા તો અવિભાજ્ય, પૂર્ણ, સમાન, શાંત, નિર્દોષ, સર્વવ્યાપી અને સનાતન છે. આમ, આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ છે અને પૂર્ણ છે.

અંતે સુખપ્રાપ્તિની દોડ છે શા માટે ? જીવનનો ખાલીપો, અભાવો, ભય, અધૂરપ વગેરે દુઃખનું કારણ છે. સચ્ચિદાનંદ સ્વરૂપ આત્માથી દૂર જવાથી અભાવો જન્મે છે. ભારે આશ્ચર્યજનક અને હાસ્યાસ્પદ હકીકત એ છે કે આ અભાવો ભ્રામક છે ! પાણીને લાગેલી તરસ જેવો ભ્રામક છે !! આત્મપ્રાપ્તિ-સ્વીકાર જ સુખની ગુરુચાવી છે. આત્મપ્રાપ્તિમાં જ માનવજીવનની પરમ કૃતાર્થતા છે. સચ્ચિદાનંદ સ્વરૂપ આત્મપ્રાપ્તિ માટેનો પથ એ જ અધ્યાત્મ પથ. આ આત્મા પ્રત્યે, આત્મા તરફ જવાની ગતિ એટલે અધ્યાત્મ. વિકાસ એ જીવનનો અનિવાર્ય સ્વરૂપગત ગુણધર્મ છે. જીવનવિકાસનું સર્વોત્તમ માધ્યમ એ અધ્યાત્મ છે. જીવન પોતે જ મહાચૈતન્યની અભિવ્યક્તિ છે. આત્મા મનુષ્યના અસ્તિત્વની ઓળખનું કેન્દ્ર છે. આથી ગીતામાં પણ આત્માપ્રાપ્તિ માટેની વિદ્યા-અધ્યાત્મવિદ્યા એ તમામ વિદ્યાઓમાં કેન્દ્રસ્થવિદ્યા ગણાવાઈ છે.

આધિ + આત્મા = અધ્યાત્મ. આત્મા તરફ જવાની ગતિ-વિદ્યા-પ્રયત્ન. આત્માનું સત્ય તો એ છે કે - આત્મા એ ચેતનાનો પ્રવાહ છે. જેમ વીજળી એ સ્થૂળ વસ્તુ નથી, એ ઈલેક્ટ્રોનનો પ્રવાહ છે. આત્માને આમંત્રિત કરી શકાતો નથી પણ તેને ચેતનાના પ્રવાહમાં ભેળવી શકાય છે. જેમ સાગરબુંદ સાગરને આમંત્રિત કરી શકે નહીં, પણ પોતે સાગરમાં ભળી શકે છે. આત્મા નથી મેળવવાનો કે નથી ગુમાવવાનો. આત્મા સૌને પ્રાપ્ત જ છે. તેનો સ્વીકાર કરવાનો છે. આત્મપ્રાપ્તિ તો પ્રતસ્ય પ્રાપ્તિ છે ! આત્મા તો આત્મા થકી આત્માને પામે છે. વળી માણસ માત્ર 'આત્મા' નથી તેને 'શરીર' પણ છે. માણસની રચના આત્મા અને શરીરથી બનેલી છે. શરીર ભૌતિક છે. તેને વજન-આકાર-ગુણો છે. આત્મા નિર્ગુણ અને નિરાકાર છે. શરીર નાશવંત છે. આત્મા અજર-અમર છે.

(જુઓ પાન નં. ૨૩)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# સરદાર વલ્લભભાઈ પટેલ : એક પ્રબુદ્ધ બૌદ્ધિક



## ૧૫૦મી જન્મજયંતીએ સરદાર પટેલના પ્રદાનનું પુનર્મૂલ્યાંકન

જ્યારે સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતી ઊજવાઈ રહી છે ત્યારે તેમના પ્રદાનનું પુનર્મૂલ્યાંકન કરવું સમયોચિત છે. ફક્ત 'લોખંડી પુરુષ' તરીકે નહીં, પરંતુ એક પ્રબુદ્ધ બૌદ્ધિક (enlightened intellectual) તરીકે. એક પ્રબુદ્ધ (enlightened) વ્યક્તિ ઊંડી સમજ, ગહન સંવેદનશીલતા અને અપરિમિત શાણપણનો માલિક હોય છે. તેની દરેક પ્રવૃત્તિમાં આત્મજાગૃતિ અને વિચારની સ્પષ્ટતા હોય છે – જે તર્ક, કરુણા, નૈતિકતા અને જીવનનાં સત્યોની ઊંડી સમજણથી પ્રેરિત હોય છે. જ્યારે બૌદ્ધિક (Intellectual) એક એવી વિચારશીલ વ્યક્તિ હોય છે જે વિશ્લેષણાત્મક અને વિવેચનાત્મક બુદ્ધિ ધરાવે છે. દરેક પ્રબુદ્ધ વ્યક્તિમાં બૌદ્ધિક ક્ષમતાઓ હોય છે, પરંતુ દરેક બૌદ્ધિક પ્રબુદ્ધ નથી હોતો.

સરદાર પટેલમાં એક પ્રબુદ્ધ બૌદ્ધિક તરીકેના આ ગુણો ભરપૂર હતા. છતાં, કમનસીબે અત્યાર સુધી આપણે કાં તો તેનું મહત્ત્વ ઓછું આંકતા આવ્યા છીએ અથવા ક્યારેક તો અવગણના કરતા આવ્યા છીએ. સરદાર પટેલ ઍકેડેમિક દૃષ્ટિએ ફિલોસૉફર કે બૌદ્ધિક નહોતા, પરંતુ તેમના નિર્ણયો તાર્કિક (rational) અને સુસંગત દૃષ્ટિકોણ પર આધારિત હતા. તેઓ જવાહરલાલ નહેરુ જેવા લેખક, ઇતિહાસકાર કે સ્વપ્નદૃષ્ટા નહોતા. કદાચ પુસ્તકો લખવાની તેમની ન તો ખ્વાહેશ હતી, ન તો નવરાશ. પરંતુ તેમનાં જાહેર પ્રવચનો અને તેમનું દસ મોટા ગ્રંથોમાં પથરાયેલું માત્ર પાંચ વર્ષનું (ઈ.સ. ૧૯૪૫-૫૦) પત્રસાહિત્ય એમની એક તેજસ્વી બુદ્ધિપ્રતિભા વ્યક્ત કરે છે.

તેમના વિષે એક પ્રચલિત માન્યતા એવી છે કે તેઓ કઠોર વાસ્તવવાદી હતા. એમણે પોતાના દૃઢ સંકલ્પ અને વહીવટી કુશળતા દ્વારા ભારતને એક અખંડ રાષ્ટ્ર બનાવ્યું તેથી મહદંશે આપણે તેમને ''ભારતના લોખંડી પુરુષ'' તરીકે ઓળખીએ છીએ. સરદાર પટેલની આવી છબી, સાચી હોવા છતાં, અપૂર્ણ છે. એમની દૃઢ સંકલ્પશક્તિ અને વ્યાવહારિક કુશળતા પાછળ એમની એક બૌદ્ધિક તરીકેની અદ્વિતીય ચિંતનશક્તિ અને એક પ્રબુદ્ધ વ્યક્તિ તરીકેની નીતિમત્તા તથા સત્ય પ્રત્યેની અડગ પ્રતિબદ્ધતા હતી. ઉશ્કેરણીજનક પરિસ્થિતિઓમાં પણ સ્પષ્ટ અને તાર્કિક રીતે વિચાર કરવાની હિંમત, નૈતિક રીતે વર્તવાની નિષ્ઠા અને રાજકીય કે આર્થિક સિદ્ધાંતોને અનુભવની કસોટીએ ચકાસવાની ક્ષમતા એ એમની આગવી લાક્ષણિકતા હતી. એમનો વારસો ફક્ત ભારતની રાજકીય ભૂગોળમાં જ નહીં, પરંતુ એમણે જે બૌદ્ધિકતાનું અને પ્રબુદ્ધતાનું ઉદાહરણ આપ્યું તેમાં રહેલો છે.

આજના ભારતમાં જ્યારે એક યા બીજા કારણે રાષ્ટ્રીય એકતાને જોખમમાં મૂકે એવું ધ્રુવીકરણ વધી રહ્યું છે, જાહેર જીવનમાં છીછરી અને સંકુચિત માનસિકતાનું પ્રભુત્વ વધી રહ્યું છે ત્યારે તર્કસંગત (rational) અને નીતિપૂર્ણ (moral) નિર્ણય લેવાની શક્તિને વરેલા આ મહાપુરુષના પ્રદાનનું પુનર્મૂલ્યાંકન કરવું જરૂરી છે.

## પ્રારંભિક બૌદ્ધિક ઘડતર

ઈ.સ. ૧૮૭૫માં ગુજરાતના નડિયાદ શહેરમાં જન્મેલા અને કરમસદના વતની, સરદાર પટેલ એવા વાતાવરણમાં ઊછર્યા હતા જ્યાં સખત મહેનત, સામુદાયિક જવાબદારી અને સ્વશિસ્તની કદર કરવામાં આવતી હતી. તેમના પિતા ઝવેરભાઈ અને માતા લાડબાઈ એમની ધર્મનિષ્ઠા માટે જાણીતાં હતાં. સ્વાભાવિક રીતે જ સરદાર પટેલના પ્રારંભિક નૈતિક વિચારો ઉપર તેમનાં માતા-પિતાના ધાર્મિક વિચારોનો પ્રભાવ પડ્યો હતો. ચરોતરના એક મધ્યમ કક્ષાના ખેડૂત કુટુંબમાં જન્મ્યા અને ઊછર્યા હોવાથી ખડતલતા, નિર્ભયતા, પ્રામાણિકતા, અતૂટ આત્મવિશ્વાસ, સ્વતંત્રતા અને વાસ્તવલક્ષી જીવનદૃષ્ટિ જેવા ગુણો તેમને વારસામાં મળ્યા હતા.

યુવાન વલ્લભભાઈએ બાવીસ વર્ષની ઉંમરે મૅટ્રિક શિક્ષણ પૂર્ણ કરીને કાયદાનો અભ્યાસ કર્યો. ઈ.સ. ૧૯૦૦માં એમણે કાનૂની પ્રૅક્ટિસ શરૂ કરી. અને ગોધરા અને બોરસદમાં પોતાની કુશાગ્ર બુદ્ધિ, વ્યાવસાયિક કુશળતા તથા સત્તાસ્થાને બિરાજેલ લોકોને પડકારવાની ક્ષમતાથી પ્રતિષ્ઠા મેળવી. એક સફળ અને યશસ્વી વકીલ તરીકે ખ્યાતિ મેળવીને ૧૯૧૦માં, ૩૫ વર્ષની ઉંમરે તેઓ બૅરિસ્ટર બનવા ઇંગ્લૅન્ડ ગયા, જ્યાં એમણે ત્રણ વર્ષનો કાયદાનો અભ્યાસક્રમ માત્ર અઢી વર્ષમાં ઝળહળતી સફળતા સાથે પૂર્ણ કર્યો. પ્રથમ વર્ગમાં સ્થાન મેળવ્યું અને એમના ઉત્કૃષ્ટ પ્રદર્શન માટે ૫૦ પાઉન્ડનું ઈનામ મેળવ્યું.

એક સફળ વકીલ તરીકે પુરાવા અને તર્ક પર આધારિત દલીલો કરવાની એમની કાબેલિયત ઇંગ્લૅન્ડની કાયદાકીય શિક્ષણની કઠોર તાલીમથી વધુ ખીલી. હકીકતોને લાગણીઓથી અલગ કરવી, ચકાસણીયોગ્ય પુરાવાઓમાંથી તારણો કાઢવાં અને તર્કના દૃષ્ટિકોણથી છતાં માનવીય ગરિમાને ધ્યાનમાં રાખીને દરેક પરિસ્થિતિનું મૂલ્યાંકન કરવું એ એમની કાયમી આદત બની ગઈ. ઈ.સ. ૧૯૧૩માં ભારત પાછા ફર્યા પછી, સરદાર પટેલ અમદાવાદમાં એક પ્રખ્યાત ફોજદારી બૅરિસ્ટર બન્યા અને ખૂબ જ ટૂંકા ગાળામાં કાયદા-કાનૂન પરના તેમના પ્રભુત્વ માટે જાણીતા થઈ ગયા. આમ, તેમનામાં ભારતીય સમાજની પરંપરાગત સંસ્કૃતિ અને પશ્ચિમની આધુનિકતાનો સમન્વય થયો હતો.

## અમદાવાદની નગરપાલિકામાં સરદાર પટેલની ભૂમિકા

સરદાર પટેલના જાહેર જીવનની શરૂઆત થઈ હતી અમદાવાદ નગરપાલિકાથી. ઈ.સ. ૧૯૧૭થી ઈ.સ. ૧૯૨૪ સુધી તેઓ નગરપાલિકાના સભાસદ હતા અને ઈ.સ. ૧૯૨૪થી ઈ.સ. ૧૯૨૮ દરમિયાન તેના પ્રમુખ હતા. અમદાવાદ મ્યુનિસિપાલિટીમાંના આ કાર્યકાળમાં એમની બુદ્ધિપ્રતિભા અને શાસન પ્રત્યેનો પ્રબુદ્ધ અભિગમ પ્રગટ થાય છે. સરદાર પટેલે



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

અમદાવાદ નગરપાલિકાને એક નોકરશાહી સંસ્થામાંથી જવાબદાર સ્થાનિક સ્વશાસનના મૉડલમાં પરિવર્તિત કરી. એમણે વિનાશક પ્લેગ રોગચાળા પછી કચરાનું વ્યવસ્થાપન, આધુનિક ડ્રેનેજ સિસ્ટમ અને જાહેર આરોગ્યની રક્ષા માટે કડક અને નક્કર પગલાં લીધાં હતાં. સ્વચ્છતા, પાણીપુરવઠો, શિક્ષણ, વિશ્વસનીય અને નૈતિક વહીવટ તથા નાણાંકીય જવાબદારી એમની પ્રાથમિકતાઓ હતી. હંમેશાં એમનો આગ્રહ રહેતો કે ખર્ચવામાં આવતા દરેક રૂપિયાથી દષ્ટિગોચર અને માપી શકાય તેવા સામાજિક લાભ મળવા જોઈએ. આમ સરદાર પટેલે એમની પ્રારંભિક રાજકીય કારકિર્દીથી જ જાહેર જીવનને સત્તા કે પ્રતિષ્ઠાના સ્થાનને બદલે લોકશાહી જિમ્મેદારી તથા નૈતિક અને બૌદ્ધિક કવાયત તરીકે જોયું હતું.

## સરદાર પટેલનું સ્વાતંત્ર્યસંગ્રામમાં યોગદાન

જ્યારે તેઓ ગાંધીજીના પ્રભાવ હેઠળ સક્રિય રાજકારણમાં પ્રવેશ્યા ત્યારે એમણે ગાંધીવાદી નૈતિકતાને આત્મસાત્ કરી લીધી. સાદગી, નૈતિક જવાબદારી તથા વૈશ્વિક માનવતાવાદી મૂલ્યોની ઊંડી સમજ કેળવી. પરંતુ ક્યારેય એમણે એમની પોતાની સ્વતંત્ર અને વિવેચનાત્મક રીતે વિચારવાની આદતનો ત્યાગ કર્યો નહીં. તેઓ કાયમ પોતાને ગાંધીજીના એક અદના સૈનિક તરીકે ઓળખાવતા, પણ તેઓ અંધભક્ત નહોતા.

ઈ.સ. ૧૯૧૮માં, ખેડા જિલ્લામાં પાક નિષ્ફળ ગયા પછી પણ બૉમ્બે પ્રેસિડેન્સીએ સંપૂર્ણ જમીન મહેસૂલ વસૂલવાનો અગ્રહ રાખ્યો હતો. ગાંધીજીની વિનંતીથી સરદાર પટેલે તેનો પ્રતિકાર કરવા નેતૃત્વ લીધું. આદેશ ગાંધીજીનો હતો, પણ આયોજન સરદાર પટેલનું હતું. દરેક ગામનો પ્રવાસ કર્યો અને શિસ્તબદ્ધ કરમુક્તિ અભિયાનની બુદ્ધિપૂર્વક વ્યવસ્થિત યોજના બનાવી. ખેડૂતોને અડગ રહેવા માટે પ્રોત્સાહિત કર્યા. અંતે સરકારે હાર માની અને સમાધાન કર્યું. ગાંધીજીએ પાછળથી એમની પ્રશંસા કરીને એમને પોતાના અનિવાર્ય 'ડેપ્યુટી સેનાપતિ' ગણાવ્યા.

તે પછી સરદાર પટેલે બોરસદ સત્યાગ્રહની આગેવાની લીધી (ઈ.સ. ૧૯૨૨-૧૯૨૪). તે સમયે ગુજરાતના ખેડા જિલ્લાના બોરસદ તાલુકામાં મુંબઈ સરકારે વાસ્તવિક ગુનેગારોને પકડવાને બદલે ડાકુઓને આશ્રય આપતા હોવાના આરોપમાં ત્યાંના રહેવાસીઓ પર દંડાત્મક કર નાખ્યો હતો. અહીં પણ સરદાર પટેલે શિસ્તબદ્ધ અને અહિંસક કરમુક્તિ ઝુંબેશ કરી તથા કાયદો અને વ્યવસ્થાની નિષ્ફળતા પાછળની સરકારી મીલીભગત અને બિનકાર્યક્ષમતાને ઉજાગર કરીને મુંબઈ સરકારને કર પાછો ખેંચવાની ફરજ પાડી.

ઈ.સ. ૧૯૨૩માં જ્યારે અંગ્રેજોએ છાવણી વિસ્તારોમાં રાષ્ટ્રધ્વજ ફરકાવવા પર પ્રતિબંધ મૂક્યો, ત્યારે સરદાર પટેલે રાષ્ટ્રીય પ્રતીકોનું સન્માન કરવાના લોકોના અધિકારને પ્રસ્થાપિત કરવા નાગપુર ધ્વજ સત્યાગ્રહનું (ઈ.સ. ૧૯૨૩-૧૯૨૪) નેતૃત્વ કર્યું અને સરકારને પ્રતિબંધ રદ કરવાની ફરજ પાડી. ગુજરાતની બહાર આ તેમનું પહેલું અભિયાન હતું, જેમાં વિવિધ પ્રદેશોમાંથી આવેલ કાર્યકરોનું સંકલન કરવાની એમની ક્ષમતા પ્રગટ કરી અને એક વિશ્વસનીય અખિલ ભારતીય નેતા તરીકે ઊભરી આવ્યા.

ત્યાર બાદ બારડોલી ચળવળ (૧૯૨૮)માં પણ સામાન્ય જનતા અને ખાસ કરીને ખેડૂતો પ્રત્યેની એમની સહાનુભૂતિ અને આંદોલનના વિચક્ષણ આયોજન માટેની એમની ક્ષમતા પ્રગટ થઈ. એમણે જમીનના રેકોર્ડનો અભ્યાસ કર્યો, કરની ગણતરી કરી અને ગ્રામીણ લોકોની તકલીફનાં આર્થિક કારણો બરાબર સમજીને વાસ્તવલક્ષી લડત આપી. અહીં પણ આપણને એમનો પ્રબુદ્ધ અને બૌદ્ધિક અભિગમ જોવા મળે છે.

આ બધા જ સત્યાગ્રહોમાં એમનો વિરોધ ભાવનાત્મક અપીલને બદલે નીતિમત્તા તથા તથ્યો પર આધારિત હતો. આ દરેક આંદોલનમાં એમણે નૈતિક પ્રતિબદ્ધતાને સામૂહિક ચેતનામાં રૂપાંતરિત કરવાની પોતાની ક્ષમતા પ્રગટ કરી. તે દરેકમાં આપણને કાનૂની દલીલ, શિસ્તબદ્ધ સંગઠન અને નૈતિક સમજાવટ પર આધારિત પ્રતિકારનું એક નવું જ સ્વરૂપ જોવા મળે છે. ત્યાર બાદની એમની રાષ્ટ્રીય નેતા તરીકેની બધી જ પ્રવૃત્તિઓમાં એમની આવી ક્ષમતા નિરંતર પ્રગટ થતી જોવા મળે છે.

## રચનાત્મક પ્રવૃત્તિઓ

વલ્લભભાઈ પટેલે ગાંધીજીના 'રચનાત્મક કાર્યક્રમ' તરીકે ઓળખાતા શિક્ષણ અને સામાજિક સુધારણા જેવા કાર્યક્રમો દ્વારા રાષ્ટ્રવાદી ભાવનાને જીવંત રાખવામાં મહત્ત્વનો ફાળો આપ્યો હતો.

એમણે રાષ્ટ્રીય આદર્શો પર આધારિત સ્વદેશી શિક્ષણ આપવા માટે ગૂજરાત વિદ્યાપીઠ (૧૯૨૦-૨૧)ની સ્થાપના કરવામાં ગાંધીજીને મદદ કરી. તદુપરાંત, જ્યારે એમની પ્રેરણાથી અમદાવાદ મ્યુનિસિપાલિટીએ પોતાની શાળાઓ થકી રાષ્ટ્રીય શિક્ષણને પ્રોત્સાહન આપવાના પ્રયત્નો કર્યા ત્યારે અંગ્રેજોએ અમદાવાદ મ્યુનિસિપાલિટીને સસ્પેન્ડ કરી (ઈ.સ. ૧૯૨૨થી ઈ.સ ૧૯૨૪) હતી. પરંતુ વલ્લભભાઈ પટેલે 'પીપલ્સ પ્રાઈમરી એજ્યુકેશન બોર્ડ' બનાવીને રાજ્યની દખલ અને નિયંત્રણથી મુક્ત સામુદાયિક-ભંડોળવાળી શાળાઓ ખોલી અને શિક્ષણ ચાલુ રાખ્યું. આમ વિવિધ પ્રકારની રાજકીય અને રચનાત્મક પ્રવૃત્તિઓ દ્વારા એમણે બુદ્ધિપૂર્વક નીતિમત્તા પર આધારિત રાષ્ટ્રવાદી ઊર્જાને વિવેકશીલ નાગરિક સંગઠન અને નૈતિક શિસ્તમાં પરિવર્તિત કરી.

## રજવાડાંઓનું એકીકરણ

રજવાડાંઓના એકીકરણમાં પણ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રબુદ્ધ બૌદ્ધિકતા જોવા મળે છે, જેમાં એમની ઐતિહાસિક સમજ, બંધારણીય દૂરંદેશી અને વ્યાવહારિક નીતિમત્તાનો સમાવેશ થાય છે. એમણે એક સમજાવટની (જરૂર પૂરતા દબાણ દ્વારા સમર્થિત) વ્યૂહરચના અપનાવી હતી. અને રાજાશાહી વિશેષાધિકારોનો પ્રજાસત્તાક નાગરિકતા સાથે સમન્વય કરીને તથા રાજાઓનું સન્માન જાળવીને રજવાડાંઓનું ભારતીય સંઘમાં ક્રમબદ્ધ વિલીનીકરણ કર્યુ. જેને 'રક્તહીન ક્રાંતિ' તરીકે ઓળખાવવામાં આવે છે. રાજમોહન ગાંધી નોંધે છે તેમ, ભલે જૂનાગઢ અને હૈદરાબાદ જેવા મુશ્કેલ કિસ્સાઓમાં દઢતાની જરૂર પડી હોય, પણ મહદંશે રાજા-મહારાજાઓ સાથેની વાટાઘાટોમાં સરદાર પટેલની વાસ્તવલક્ષી દષ્ટિ અને તેમના નૈતિક સંયમને વધુ પ્રકાશિત કરે છે.



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

## સ્વાશ્રય આધારિત ગ્રામીણ-વિકાસલક્ષી મૉડલનું સર્જન

ગ્રામજનોના પોતાના પ્રયત્નોથી જ તેમનું સશક્તીકરણ થાય તે માટે ચરોતર પ્રદેશમાં સરદાર પટેલની પ્રેરણા, માર્ગદર્શન અને સક્રિય સહાયથી સ્થાપવામાં આવેલ નીચે જણાવેલ ત્રણ મહત્ત્વની સંસ્થાઓ પાછળ પણ આપણને એમની દૂરંદેશી અને પ્રબુદ્ધ બુદ્ધિ દેખાય છે.

એક, આઝાદ ભારતમાં ચરોતર જેવા ગ્રામ્ય વિસ્તારના યુવાનોને ઉચ્ચ શિક્ષણનો, ખાસ કરીને આધુનિક યુગમાં જે અનિવાર્ય છે તેવા વિજ્ઞાન અને ટેકનિકલ બાબતોના શિક્ષણનો, લાભ મળે અને એમની ભાવિ કારકિર્દી ઉજ્જવળ બને તે માટે સ્થાપવામાં આવેલ વલ્લભ વિદ્યાનગરનો (૧૯૪૬) પાયો નાખવા પાછળ આ મહાપુરુષનું માર્ગદર્શન હતું. જે આજે પણ સરદાર પટેલ યુનિવર્સિટી ઉપરાંત અનેક પ્રતિષ્ઠિત વિદ્યા સંસ્થાનોથી ધમધમે છે.

બીજું, જ્યારે ખેડાના ખેડૂતોનું ખાનગી ડેરીઓ દ્વારા શોષણ કરવામાં આવતું હતું ત્યારે સરદાર પટેલે ખેડૂતોની એક સહકારી મંડળી સ્થાપવાની પ્રેરણા આપી અને જરૂરી માળખાકીય મદદ પૂરી પાડી. આ એક અહિંસક અને રચનાત્મક પ્રતિકારની યોજના હતી. જેને કારણે ઈ.સ. ૧૯૪૬માં આણંદ ખાતે સ્થપાયેલ ખેડૂતોની માલિકીની સહકારી સંસ્થા આજે 'અમૂલ' તરીકે વિશ્વ વિખ્યાત છે. અમૂલે 'સફેદ ક્રાંતિ' (white revolution) લાવીને ભારતના આર્થિક વિકાસમાં અમૂલ્ય ફાળો આપ્યો છે અને સમગ્ર ભારતની સહકારી ચળવળને પ્રોત્સાહન આપ્યું છે.

ત્રીજું, આઝાદી પછી ગ્રામીણ ભારતના કૃષિ ઉદ્યોગોનો વિકાસ થાય અને અન્ન ઉત્પાદનમાં દેશ સ્વનિર્ભર બને તે વાસ્તે ખેડૂતોને વૈજ્ઞાનિક રીતે ખેતી કરવાનું માર્ગદર્શન આપવા માટે આણંદમાં સરદાર પટેલના આગ્રહથી જ ઍગ્રિકલ્ચર કૉલેજ (૧૯૪૬-૪૭)ની સ્થાપના કરવામાં આવી હતી. જે હાલમાં આણંદ કૃષિ યુનિવર્સિટીનું મુખ્ય મથક છે.

આમ, આ બધાં જ અધિસ્થાનો સરદાર પટેલને એક પ્રબુદ્ધ બૌદ્ધિક તરીકે પ્રગટ કરે છે. સ્થાનિક લોકોનું સશક્તીકરણ કરવા, સરકારી મદદથી નહીં, પણ મહદંશે સ્થાનીય લોકોની પોતાની સહાયથી જ ઊભી કરવામાં આવેલ આ બધી સંસ્થાઓ દ્વારા ભારતના આ મહાન સપૂતે ચૂપચાપ (કોઈ પણ જાતની જાહેરાત વિના), સ્વાશ્રય પર આધારિત, એક ગ્રામીણ-વિકાસલક્ષી મૉડલનું સર્જન કરીને આધુનિક ભારતના નવનિર્માણ માટે એક નવી દિશાનો રાહ ચીંધ્યો હતો.

આજે જ્યારે આપણે એક બાજુ 'વોકલ ફોર લોકલ'ની વાતો કરીએ છીએ અને બીજી બાજુ ભારતની મોટા ભાગની પ્રજાને સરકારી રેવડીઓ પર જીવવા લલચાવીએ છીએ ત્યારે સ્થાનિક સ્વનિર્ભરતા અને ઉત્પાદક સહકાર જેવા નાગરિક આદર્શોને મૂર્તિમંત કરનાર આ ઘટનાઓનું મહત્ત્વ સાચા અર્થમાં સમજવા આપણે અહીં બે બાબતો યાદ રાખવી જોઈએ. એક, આ બધી સંસ્થાઓનું નિર્માણ આઝાદી પહેલાં થયું હતું, જ્યારે સરદાર પટેલ પાસે ન કોઈ સત્તા હતી કે ન તો ધારાસભ્યો અને સાંસદોને તેમના મતવિસ્તારના વિકાસ માટે લખલૂટ ભંડોળ મળે છે અને તેમાં પણ ભ્રષ્ટાચાર અને બિનકાર્યક્ષમતાની ફરિયાદો થાય છે ત્યારે સરદાર પટેલે કોઈ પણ સરકારી સહાય વિના લોકસેવકનો નાગરિક ધર્મ બજાવ્યો હતો.

## બંધારણના નિર્માણમાં સરદાર પટેલની ભૂમિકા

બંધારણસભાની ચર્ચાઓ (૧૯૪૬-૪૯) દરમિયાન સરદાર પટેલનું બૌદ્ધિક યોગદાન અને એમની પ્રબુદ્ધતા ચરમસીમાએ પહોંચ્યાં હતાં. સરદાર વલ્લભભાઈ પટેલ બંધારણસભાની કેટલીક અગત્યની સમિતિઓના સભ્ય હોવા ઉપરાંત ત્રણ અગત્યની સમિતિઓના અધ્યક્ષ હતા :

(૧) મૂળભૂત અધિકારો, લઘુમતીઓ અને આદિવાસી અને બાકાત વિસ્તારો પર સલાહકાર સમિતિ (Advisory Committee on Fundamental Rights, Minorities, and Tribal and Excluded Areas).

આ સૌથી અગત્યની સમિતિઓમાંની એક હતી, જેને નાગરિક સ્વતંત્રતાઓ અને લઘુમતીઓના સંરક્ષણ માટેના માળખાને આકાર આપવાનું કામ સોંપવામાં આવ્યું હતું.

(૨) રજવાડાંઓ પરની સમિતિ (Committe on Integration of States).

આ પણ એક અગત્યની સમિતિ હતી. જેનું કામ નવા ભારતીય સંઘમાં રજવાડાંઓને કેવી રીતે એકીકૃત કરવા તે અંગે વાટાઘાટો અને ભલામણ કરવાનું હતું.

(૩) પ્રાંતીય બંધારણ સમિતિ (Provincial Constitution Committee).

આ સમિતિની જવાબદારી પ્રાંતીય (રાજ્ય) સરકારો માટે બંધારણીય માળખું ઘડવાની હતી.

આ બધી જ સમિતિઓમાં સરદાર પટેલની વિશ્લેષણાત્મક બુદ્ધિપ્રતિભા અને પ્રબુદ્ધતાનું અદ્‌ભુત પ્રદર્શન જોવા મળે છે. બંધારણમાં જેનું અત્યંત મહત્ત્વનું સ્થાન છે તેવા નાગરિકોના 'મૂળભૂત અધિકારો' અને સુશાસનના 'માર્ગદર્શક સિદ્ધાંતો' સરદાર પટેલના માર્ગદર્શન હેઠળ ઘડાયા હતા. તદુપરાંત મુસ્લિમ, ખ્રિસ્તી અને શીખ જેવી ધાર્મિક લઘુમતીઓના અભૂતપૂર્વ દબાણ છતાં એમણે લઘુમતીઓ માટેનાં અલગ મતદાર મંડળોની માગણી મક્કમતાપૂર્વક નકારીને સહિયારાં મતદાર મંડળોની રચના કરી હતી. તેમ છતાં તેઓએ બધી જ ધાર્મિક લઘુમતીઓ ઉપરાંત ભારતના આદિવાસીઓ અને દલિતો પ્રતિ સન્માનજનક વ્યવહાર થાય તે માટે જરૂરી કલમો બંધારણમાં સ્વીકારીને નિષ્પક્ષ અને બિનસાંપ્રદાયિક વલણ અપનાવ્યું હતું. આ ઉપરાંત ભારત એક મજબૂત રાષ્ટ્ર બને તે માટે સશક્ત કેન્દ્રીય સરકાર અને સમર્થ છતાં નિષ્પક્ષ અમલદારી માળખું ઘડવામાં પણ એમનો અમૂલ્ય ફાળો હતો.

તેથી જ ભારતીય બંધારણના અભ્યાસુ વિદ્વાનો સરદાર પટેલ અને જવાહરલાલ નહેરુને ભારતના બંધારણના મુખ્ય નિર્માતા તરીકે ઓળખાવે છે. જોકે ભારતના બંધારણની રચનામાં નહેરુની ભૂમિકા એક આદર્શવાદી અને સ્વપ્નદૃષ્ટા તરીકેની હતી, જ્યારે સરદાર પટેલની કામગીરી



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

આદર્શવાદને વ્યવહારુ બનાવવાની હતી. તેઓ આધુનિક ભારતને એક મજબૂત, સ્થિર અને વહીવટી રીતે સક્ષમ રાષ્ટ્ર બનાવવા માટે પ્રતિબદ્ધ હતા.

**સમાપન**

નૈતિકતા અને વાસ્તવલક્ષી તર્ક પર આધારિત દૂરંદેશિતા સરદાર વલ્લભભાઈ પટેલના જાહેર જીવનનો મજબૂત આધાર હતો. એમની પ્રબુદ્ધતા અને બૌદ્ધિક ઊંડાણ ક્યારેય અમૂર્ત નહોતાં – તે ક્રિયાલક્ષી હતાં. તેમનાં પ્રવચનો, પત્રો, વાટાઘાટો અને વહીવટી સુધારાઓ વગેરે તર્ક, વાસ્તવવાદ, હેતુની સ્પષ્ટતા, બંધારણીય વ્યવસ્થા માટે આદર, રાષ્ટ્રીય એકતા તથા નાગરિક અને લોકશાહી મૂલ્યો પ્રત્યેની પ્રતિબદ્ધતા પર આધારિત હતાં. તેઓ ફક્ત 'લોખંડી પુરુષ' તરીકે જ નહીં, પરંતુ ભારતની એકતા અને અખંડિતતાના પ્રબુદ્ધ અને વિચારશીલ શિલ્પી તરીકે આધુનિક ભારતના ઇતિહાસમાં એક વિરલ, ઉત્કૃષ્ટ અને અભૂતપૂર્વ મહામાનવ તરીકે પોતાની અમીટ છાપ છોડીને ગયા છે. આજે જ્યારે ભ્રષ્ટાચાર, ધાર્મિક-સામાજિક ધ્રુવીકરણ, અનૈતિકતા અને અમલદારશાહી જડતા ભારતના જાહેર જીવનને જોખમમાં મૂકી રહ્યાં છે, ત્યારે સરદાર પટેલનું જીવન માત્ર રાજકારણમાં જ નહીં પણ જાહેર જીવનમાં એક દીવાદાંડી સમાન છે.

(નવનીત સમર્પણ) **– પ્રવીણ જ. પટેલ**

# શિક્ષણ વિચાર

ગાંધીજીને એક વાર કોર્ટમાં પૂછવામાં આવેલું કે ''તમારો ધંધો શો છે ?'' તો એમણે કહી દીધું : ''કાંતવાનો અને વણવાનો.'' વિનોબા કહે, ''મને જો પૂછવામાં આવે, તો હું કહું કે મારો ધંધો શિક્ષકનો છે.''

વિનોબાજીનું આખું જીવન જ શિક્ષણ-કાર્યમાં વીત્યું છે. એમણે કહ્યું છે : ''ક્યારેક આત્મ-શિક્ષણ ચાલ્યું. ક્યારેક વિદ્યાર્થીઓનું શિક્ષણ. મેં કોઈ કામ કર્યું હોય તો તે શિક્ષકનું ને વિદ્યાર્થીનું જ. જે શિક્ષક હોય છે, તે વિદ્યાર્થી પણ હોય છે. શિક્ષક ને વિદ્યાર્થી બંને એક જ છે. હું હંમેશાં શિક્ષક ને વિદ્યાર્થી જ રહ્યો છું. જીવનભર મેં અધ્યયન-અધ્યાપનનું કામ જ કર્યું છે. એવો એક પણ દિવસ નથી ગયો, જ્યારે મેં કોઈ નવું જ્ઞાન પ્રાપ્ત કર્યું ન હોય અને જૂનાનું ચિંતન કર્યું ન હોય. ચિંતનનો સમય ન મળે, તો મારું ચિત્ત જળ વિનાની માછલીની માફક તડપે છે. માટે જીવનભર મારું શિક્ષણકાર્ય જ ચાલ્યું છે.''

ઉમાશંકર જોશીએ એક વાર કહેલું કે અત્યર સુધીની ક્રાંતિઓ મહદ્અંશે રાજકીય-આર્થિક હેતુસર થઈ છે, પણ હવે પછીની ક્રાંતિ આજની શિક્ષણપ્રથામાં ધરમૂળથી પરિવર્તન લાવનારી ક્રાંતિ હશે, આવી શૈક્ષણિક ક્રાંતિ માટેનું ઘણું અણમોલ ચિંતન-મનન, વિચારભાથું તેમજ અનુભવભાથું આ પુસ્તક પૂરું પાડે છે. વિદ્યાના સહુ ઉપાસકો તથા કેળવણી દ્વારા સ્વસ્થ-શાણા સમાજના ઘડતરમાં રસ છે એવા સહુ કોઈ આનું અનુશીલન-પરિશીલન કરે, એ જ પ્રાર્થના !

**– કાન્તિ શાહ**

**પદ્માબહેનનું સ્મૃતિપટ.....** (પાન ૧૯નું ચાલુ)

આરંભ સ્થળે પોરબંદર, મહારાષ્ટ્ર પ્રવેશ વખતે નવાપુર અને પૂર્ણાહુતિ વખતે હું અને પદ્માબહેન સાથે ગયાં હતાં.

આંતરરાષ્ટ્રિય મહિલા વર્ષ નિમિત્તે બેંગકોક મીરાબહેન, હંસાબહેન સાથે ગયાં હતાં. સંમેલનમાં પોતાના વિચારો પ્રગટ કર્યા હતા.

ગાંધીના પડકાર વખતે સ્કૂલો, હાઈસ્કૂલોમાં હું અને પદ્માબહેન જતાં અને કાર્યક્રમો ગોઠવતાં હતાં. અમદાવાદની ઘણી બધી સ્કૂલોમાં અમે ગયાં હતાં. સાથે સાથે પુસ્તકોનું વેચાણ પણ કરતાં હતાં.

સાવરકુંડલામાં સર્વોદય સમાજના સંમેલનમાં નક્કી થયા પ્રમાણે ગુજરાતમાં સર્વોદય પ્રેસ સર્વિસના કામ માટે પદ્માબહેન સાથે હું જોડાઈ અને એ કામ અમે ઉપાડી લીધું. સાથે સાથે બહેનો માટે ત્રિમાસિક 'ચિનગારી' પણ વર્ષ ૧૯૯૯થી ચાલુ કર્યું અને ૨૦ વર્ષ સુધી ચલાવ્યું. કોરોના પછી તે બંધ થયું.

પદ્માબહેને પાંચ વર્ષ સુધી ભૂમિપુત્રના સંપાદનના કામમાં પણ મદદી કરી.

શ્રી નારાયણભાઈ દેસાઈના મહત્ત્વના બે ગ્રંથો ૦ અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ અને ૦ મારું જીવન એ જ મારી વાણી પુસ્તકોના સંદર્ભો શોધવામાં, પ્રૂફ જોવાનું સંપૂર્ણ કામ પદ્માબહેને કર્યું. મેં પણ તેમાં મદદ કરી હતી. તેઓ સ્પષ્ટવક્તા હતાં. શેહ શરમ રાખ્યા વગર જે કહેવાનું હોય તે કહી દેતાં હતાં. જીવનના છેલ્લા દિવસોમાં ૧૦ દિવસ અનાજ પાણી છૂટ્યાં અને તા. ૧૨-૬-૨૦૨૬ના રોજ દેહત્યાગ કર્યો.

મેં મારાં સ્નેહી-પ્રેમાળ મોટાં બહેનને ગુમાવ્યાં. મોટાભાગનાં કામોમાં તેમની સાથે મારી આવડત અને શક્તિ પ્રમાણે ખભેખભા મિલાવીને કામ કર્યું. સાથી મિત્રો 'પદ્મા-દિપીકાની જોડી' તરીકે અમને સંબોધતાં હતાં. મારા દિલ દિમાગમાં તેમની સ્મૃતિ કાયમ માટે રહેશે.

**– દીપિકા રાવલ**

**દેશની પર્યાવરણીય.....** (પાન ૧૫નું ચાલુ)

| | |
|---|---|
| ❍ કર્ણાટક – ૯૫૪ | ❍ નાગાલેન્ડ – ૯૬૨ |
| ❍ મધ્યપ્રદેશ – ૯૩૪ | ❍ હિમાચલ પ્રદેશ – ૯૪૭ |
| ❍ ઉત્તરાખંડ – ૯૭૫ | ❍ મહારાષ્ટ્ર – ૯૧૦ |
| ❍ મેઘાલય – ૯૬૦ | ❍ દિલ્હી – ૯૪૧ |
| ❍ મણિપુર – ૯૭૪ | ❍ ઉત્તરપ્રદેશ – ૯૯૫ |

**■ આરોગ્યના પ્રશ્ને આપઘાત**

ભારતમાં વર્ષ ૨૦૨૩માં સહી ન શકાય તેવી બીમારીના કારણે આપઘાત કરનારની સંખ્યા ૩૨ હજાર ૫૦૩ હતી, જેમાં લાંબા સમયની બીમારીના કારણે આપઘાત કરનારની સંખ્યા ૧૫ હજાર ૯૭૦ એટલે કે ૪૯ ટકા હતી. જ્યારે ગાંડપણ, ઉન્માદ, ચિત્તભ્રમ જેવી માનસિક બીમારીના કારણે મરનારની સંખ્યા ૧૩ હજાર ૯૭૮ એટલે કે ૪૩ ટકા જેટલી હતી.

**– રજની દવે**



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# સમસ્યાઓથી ઘેરાયેલા દેશમાં જંતરમંતર એક આશાનું કિરણ

### ■ Politics of Resistance

યોગેન્દ્ર યાદવે THe Indian Expressમાં એક લેખ લખ્યો હતો. જેમાં વિરોધ પક્ષોને સૂચવ્યું હતું કે ચૂંટણીમાં જીત મેળવીને પરિવર્તન લાવવાનો વિચાર છોડીને 'Politics of Resistance - પર ભાર આપો ! વર્તમાનમાં દેશમાં ચાલતી Grassroots movements માં સક્રિય થઈને લોકો વચ્ચે જવાની જરૂર છે.

આવા સૂચન પાછળની એક વાસ્તવિક ભૂમિકા પણ સમજવા જેવી છે. વર્તમાન સત્તાપક્ષે ચૂંટણીને એક મજાક બનાવી દીધી છે. યેનકેન પ્રકારે સત્તા પર ટકી રહેવાની, જીતેલી પાર્ટીને પૈસાના જોરે તોડવાની, દરેક પ્રકારના સામ, દામ, દંડના રસ્તે પોતાનું ધારેલું પરિણામ મેળવવાનું ફાવી ગયું છે. કોને વોટ આપવા દેવા, કોને ન આપવા દેવા તેના રસ્તા પણ શોધી નાંખ્યા છે. વિરોધ પક્ષ ચૂંટણીપંચને ફરિયાદ કરે કે કોર્ટમાં જાય પરંતુ ન્યાય મળતો નથી.

ADRના રિપોર્ટ પ્રમાણે BJP પાસે Fund Balance રૂ. ૭,૧૧૩ કરોડ છે. જ્યારે કોંગ્રેસ પાસે રૂ. ૮૭૫ કરોડ, TMC પાસે રૂ. ૭૦૦ કરોડ, સમાજવાદી પાર્ટી પાસે રૂ. ૯૦ કરોડ, બીજુ જનતા દળ -બીજેડી પાસે રૂ. ૧૧૮ કરોડ છે. આ ઉપરાંત વિરોધ પક્ષોની એકતા કોઈ મૂલ્યના આધારે લાંબા ગાળા સુધી ટકી રહે તેવી નથી. પાર્ટીના ઘણા બધા સભ્યોનું માનસ આયારામ ગયારામ જેવું છે. પ્રજાનો કેટલોક વર્ગ ધર્મના નામે ખોટી દિશામાં દોરવાઈ જાય છે. આવાં નાનાં મોટાં અનેક કારણો ગણાવી શકાય.

### ■ નિરાશ પ્રજા

આની સામે પ્રજા પણ પોતાને હારી ગયેલી અનુભવે છે. તેના અવાજને દબાવી દેવામાં આવે છે. દેશના મોટા ભાગની ચેનલો અદાણી અને અંબાણીના હાથમાં છે. ચેનલો, છાપાઓને જાહેરાતો મળે છે. પ્રજા-લક્ષી સમાચારો આપવાનું પછી કોણ વિચારે ? જોકે દેશનું સદ્‌નસીબ છે કે રવીશકુમાર જેવા કેટલાક પત્રકારો રાત દહાડો મહેનત કરીને સત્ય અને તથ્ય, લોકશિક્ષણ, લોકજાગૃતિ માટે તેમની સોશ્યલ ચેનલ કે યુ-ટ્યુબ પર રજૂ કરતા રહે છે.

સત્તા ટકાવવા માટે સરકારે લોકશાહીના બધા જ પાયા ખોખલા કરી નાખ્યા છે. પ્રજાએ ન્યાય મેળવવાની આશા છોડી દીધી છે. લઘુમતી - અલ્પ સંખ્યકોમાં ડર પેસી ગયો છે. ખાનગીકરણની પ્રક્રિયા મોટાપાયે ચાલી રહી છે, જેનો લાભ થોડાક જ ઉદ્યોગગૃહોને મળી રહ્યો છે.

જળ, જંગલ, જમીન લોકોના હાથમાંથી છીનવાઈ રહ્યાં છે. આ એકની એક વાત લખવાનું પણ હવે ગમતું નથી. પ્રજા કોઈ જગ્યાએ દેખાવો કરવા પ્રયત્ન કરે તો પહેલાં તેને મંજૂરી આપવામાં ન આવે, તેમ છતાં કોઈ દેખાવો કરવા આગળ આવે તો મંજૂરી નથી લીધી તેમ કહી અટકાવવામાં આવે છે. અહિંસક રીતે પોતાની વાત રજૂ કરવાના બંધારણીય હકને અવગણવામાં આવે છે.

### ■ સંવેદના મરી પરવારી છે

સોનમ વાંગચુકના ઉપવાસના દિવસો લંબાતા ગયા. આખા દેશમાં એક ચિંતાનું વાતાવરણ ફેલાઈ ગયું હતું. વર્ષ ૨૦૧૧માં ગંગાના શુદ્ધિકરણના પ્રશ્ને સ્વામી નિગમાનંદે ૧૦૦ દિવસ ઉપવાસ કરીને મોતને વહાલું કર્યું હતું. વર્ષ ૨૦૧૮માં કાનપુર આઈ.ટી.આઈ.ના પ્રોફેસર અને પર્યાવરણ નિષ્ણાત પ્રોફેસર શ્રી જી.ડી. અગ્રવાલ સાહેબ ૧૧૧ દિવસના ઉપવાસના અંતે મૃત્યુ પામ્યા હતા. સરકારે તેમને મરવા દીધા. મધ્ય પ્રદેશમાં તાજેતરમાં કેત-બેતવાની જોડાણનાં યોજનામાં એક ડેમ બાંધવામાં જે ૫૦૦૦ આદિવાસીઓના આવાસ તેમજ જમીનો ડૂબમાં જવાનાં છે તેમને સારી રીતે પુનઃવસન કર્યા વગર તેમના આવાસો તોડી પાડવામાં આવ્યા. તેમની માંગણીઓ સંતોષવામાં આવી નથી. ગ્રામજનો પાણીમાં રહીને ૧૪ દિવસથી સત્યાગ્રહ કરતા હતા. પોલીસબળથી તેમને હટાવવામાં આવ્યા છે.

ઉત્તર પ્રદેશની બુલડોઝર ન્યાય પ્રણાલી શરૂ થઈ તેનો ચેપ અન્ય રાજ્યોને પણ લાગ્યો. ધીરે ધીરે ‘બુલડોઝર’ સત્તાનું પ્રતીક બની ગયું.

### ■ ખેડૂતોની વાત ધ્યાન પર લેવી જોઈએ

દેશમાં ૧૯૯૫થી ૨૦૧૮ સુધીમાં ૪ લાખ ખેડૂતોએ આપઘાતનો માર્ગ અપનાવ્યો હતો. વર્ષ ૨૦૨૩માં ૧૦,૭૮૬ ખેડૂત + ખેતમજૂરોએ આપઘાત કર્યા હતા. આ નાજુક સ્થિતિમાં કિસાનોના પ્રશ્નોને પ્રેમપૂર્વક સાંભળીને શક્ય તેટલા ઉકેલો લાવવા જોઈએ.

વર્ષ ૨૦૨૦-૨૦૨૧, દિલ્હીની સરહદો પર કિસાન આંદોલન ચાલ્યું તેમાં ૭૦૦ થી ૭૫૦ જેટલા ખેડૂતોનાં મોત આંદોલન સ્થળે થયાં. ત્રણ કાળા કાનૂન સરકારે પાછા ખેંચ્યા પણ આજ સુધી સ્વામીનાથન કમિટીના સૂચન પ્રમાણે ખેત ઉત્પાદનોને મિનિમમ સપોર્ટ પ્રાઇસ (M.S.P.) મળે તેવું માળખું સરકારે રચ્યું નથી.



નવા નવા પ્રોજેક્ટમાં ખેતીની જમીનોનું યોગ્ય વળતર મેળવવા માટે આંદોલન કરવું પડે છે. તાજેતરમાં ગુજરાતમાં ખેતરમાંથી પસાર થતી વીજ લાઈનોના થાંભલા ઊભા કરતાં ગુમાવવી પડતી જમીનના વળતર મેળવવાનું આંદોલન ચાલ્યા કરે છે.

સરકારે અમેરિકન સરકાર સાથે નવા વ્યાપારી કરાર (India US Trade Agreement) કર્યા છે. તેની સામે ૨૧ જુલાઈ ૨૦૨૬થી કિસાન આંદોલન ચાલે છે. અમેરિકામાંની, મોટા પાયે સબસિડી મળતી ખેતીની પેદાશો ભારતમાં ઠલવાશે, અહીંના ખેડૂતોની ખેતીની ઊપજના ભાવ તૂટશે.

ખેડૂતોએ પહેલાં ૨૦૨૦-૨૦૨૧માં ભારતના કાર્પોરેટ સેક્ટર સામે આંદોલન છેડ્યું હતું, આજે અમેરિકાથી આવનારી ખેતીની પેદાશો સામેનું આંદોલન ચાલુ કર્યું છે. આ બંનેના મૂળમાં ભારતની સરકાર જ જવાબદાર છે.

### ■ વિવિધ ઉદ્યોગો-કારખાનાંમાં કામ કરતાં શ્રમિકો લઘુતમ વેતનમાં વધારો માંગે છે

દિલ્હીના ગુરુગ્રામ વિસ્તારમાં એપ્રિલ ૨૦૨૬માં શ્રમિકોએ પોતાની માંગણીને માન્ય કરાવવા હડતાળનો આશરો લીધો હતો. તેમજ ૮ કલાકથી વધારે કામ કરે તો યોગ્ય દરે ઓવરટાઈમનો પગાર આપે તેવી માંગણી કરી હતી. સરકારે આંદોલન કરતા શ્રમિકોને જેલ ભેગા કર્યા હતા.

વર્તમાનમાં મોંઘવારી વધી રહી છે તેથી જૂના પગારો પોષાતા નથી. રાંધણગેસના બાટલાના ભાવ પણ વધી ગયા છે.

### ■ E-20 જનતા પાર્ટી આંદોલન

દિલ્હીમાં હજુ કોકરોચ જનતા પાર્ટીનું આંદોલન પત્યું-ના પત્યું ત્યાં E-20 જનતા પાર્ટીના પડઘમ સંભળાઈ રહ્યા છે. ઘણા બધા વાહન ચાલકોના ધ્યાનમાં આવ્યું કે E-20 ઇથેનોલ મેળવેલા પેટ્રોલથી વાહનને નુકસાન થાય છે. માઇલેજ પણ



ઓછા થાય છે. સરકાર આ વાત માનવા તૈયાર નથી. Deccan Herald છાપામાં પ્રગટ થયેલા સમાચાર પ્રમાણે (૧૬ જુલાઈ ૨૦૨૬) રાયપુર ડિસ્ટ્રિક્ટ કન્સ્યુમર કોર્ટ રીડ્રેસલ કોર્ટે E-20 ઇથનોલ પેટ્રોલના કારણે મારૂતિ સુઝુકીને થયેલા નુકસાનનું વળતર આપવા કંપનીને હુકમ કર્યો છે. પ્રજા શુદ્ધ પેટ્રોલ માંગે છે.

તેહસીન પુનાવાલાએ દિલ્હીમાં ‘ગાડી માર્ચ’ કરવાની જાહેરાત કરી છે. આ માર્ચમાં દિલ્હી ટેક્ષી યુનિયન પણ ભાગ લેવાનું છે.

સરકાર સંવાદ ટાળે છે, 'wire' ના રિપોર્ટ પ્રમાણે જ્યારે વિશ્વમાં પેટ્રોલના, ક્રુડ ઓઈલના ભાવ ઘટે છે ત્યારે ભારતમાં પેટ્રોલના ભાવ ઘટતા નથી.

ક્રુડ ઓઈલના ભાવ ૧૩૮ ડોલર/બેરલ હતા ત્યારે પેટ્રોલનો ભાવ રૂ. ૧૦૧ પ્રતિ લિટર હતો પણ ક્રુડ ઓઈલનો ભાવ ૬૯ ડોલર થયો ત્યારે પેટ્રોલ પ્રતિ લિટર રૂ. ૧૧૨ હતો (Instagram.com) ! લોકસભામાં પ્રશ્ન પૂછવામાં આવ્યો કે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રુડ ઓઈલના ભાવ ઘટતાં દેશમાં પેટ્રોલના ભાવ ઘટશે ? સરકારે તેનો જવાબ આપવાનું ટાળ્યું હતું અને દેશ ૮૮ ટકા ક્રુડ ઓઈલ પરદેશથી મંગાવે છે તેવી વાત કરી હતી.

### ■ મોંઘવારી + બેરોજગારી

દેશમાં મોંઘવારી ઘટે, રોજગારી વધે તે માટેનાં પગલાં સરકાર ભરતી હોય તેવું દેખાતું નથી. યુવાનોમાં સ્નાતક થયેલા શિક્ષકોમાં બેરોજગારીનો દર ઘણો ઊંચો છે. ૧૫ થી ૨૫ની વયના ભણેલા યુવાનોમાં ૪૦ ટકા બેકાર છે. ૨૫ થી ૨૯ વર્ષના ગ્રેજ્યુએટ ૨૦ ટકા યુવાનો બેકાર છે. (૧૯ માર્ચ ૨૦૨૬ બીબીસી ન્યુઝ) વર્તમાન વિકાસ - Jobless Growth છે. તે માટેનાં અન્ય કારણોનો પણ વિચાર કરવા જેવો છે. ઓટોમેશન વધી રહ્યું છે. સરકાર ભરતી કરવાનું ટાળે છે. અર્થતંત્ર પર કાબૂ નથી, અથવા અર્થતંત્ર પર કોર્પોરેટનો પ્રભાવ વધારે છે.

### ■ કથળતી શિક્ષણ વ્યવસ્થા

છેલ્લા દશકામાં દેશમાં ૯૪૦૦૦ સરકારી પ્રાથમિક શાળાઓ બંધ કરવામાં આવી છે. ખાનગી શાળાઓ તરફનો અભિગમ વધ્યો છે. છેલ્લાં ૧૦ વર્ષમાં રોજની ૨૫ શાળાઓ બંધ થઈ રહી છે. ગુજરાતમાં ૮૦૦૦ શિક્ષકોની જગ્યા ખાલી છે. સરકાર વધુ પ્રાથમિક શાળાઓ બંધ કરવા માંગે છે તેવો સંકેત NITI Aayog આપી રહ્યું છે. સરકાર કહે છે, શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા ઓછી થતી જાય છે. ખર્ચ પરવડતો નથી. આ એક ચિંતાનો વિષય છે.

### ■ પેટનો ખાડો કેમ પૂરવો ?

દેશમાં ૯૦ ટકા ભારતીઓની માસિક સરેરાશ આવક રૂ. ૨૫૦૦૦ કરતાં ઓછી છે. આમાંના નીચલા સ્તરના ૫૦ ટકા લોકોની આવક તો રૂ. ૫૯૦૦ થી ૧૨૫૦૦ રૂ. પ્રતિ માસ છે. ભારતમાં ખેડૂતની માસિક આવક રૂ. ૧૦૨૧૮ છે તેમ સરકારના આંકડા કહે છે.

આપણે સમજીએ છીએ કે સરકાર પાસે કોઈ જાદુઈ લાકડી નથી જે બધું બરાબર કરી નાંખે. પણ દેખાવું જોઈએ કે સરકાર સાચી દિશામાં પગલાં ભરી રહી છે.

### ■ દેશ કયા માર્ગે ?

સરકાર સત્તા ટકાવવા તેમજ ચૂંટણી જીતવા માટે ૨૪ x ૭ કામ કરી રહી છે. પ્રધાનમંત્રી વારંવાર પરદેશ જાય છે. વિવિધ ખાતાના મંત્રીઓ સ્વતંત્ર નિર્ણય લઈ શકતા નથી. પી.એમ.ઓ. દેશનું તંત્ર ચલાવે છે અથવા કહો ભગવાન ભરોસે દેશ ચાલે છે.

સરહદ પરનાં આક્રમણોને અવગણવામાં આવે છે. દેશના જુવાનો ઓપરેશન સિંદુરમાં શહીદ થયા તેના સમાચાર મોડા મોડા આપે છે. સરહદ પર ચીન ઘૂસી આવે તેના સમાચારને અવગણે છે. ઇઝરાયેલ જેવા દેશ સાથે ગાઢ સંબંધો કેળવવામાં આવે છે. આ દેશે ૨૦,૦૦૦ બાળકોને ગોળીઓ મારીને ખતમ કર્યાં છે, ગાઝામાં આતંક ફેલાવ્યો છે. આંતરરાષ્ટ્રીય સંબંધોમાં આપણે થાપ ખાઈ રહ્યા છીએ. ઇરાન સાથેના સદીઓ જૂના સંબંધો જાળવવામાં આપણે ઊણા ઊતર્યા છીએ.

અમેરિકાએ ભારતના દરિયા કિનારા નજીક જ - ઇરાનના જહાજ પર આક્રમણ કર્યું હતું. આજે ઇરાન સાથેના સંબંધો તણાવપૂર્ણ છે.

દેશમાં નાના મોટા પ્રશ્નો ક્યાંક ને ક્યાંક અસંતોષ પેદા કરી રહ્યા છે. લાચાર યુવાનો જાનના જોખમે આંદોલન કરી રહ્યા છે. સમાચાર માધ્યમો સત્ય છુપાવવાનો ખતરનાક ખેલ પ્રજા સાથે ખેલી રહ્યાં છે. લોકશાહી પર કાળાં વાદળો છાઈ રહ્યાં છે. પ્રજાએ આળસ છોડવાની જરૂર છે.

**- રાજુ રૂપપુરીઆ**



YAGNA PRAKASHAN SAMITI

https://www.bhoomiyagna.org

# દેશની પર્યાવરણીય પરિસ્થિતિ પર અધ્યયન લેખ - ૫

## ■ વિશ્વસ્તરે મહામારીથી બચવાના ઉપાયો




Down to Earth ના State of India's Environments-2026 રિપોર્ટમાં એક નાનું પ્રકરણ છે - A Treaty For Pandemic. તરન દેવલે નોંધ તૈયાર કરી છે.

COVID-19 મહામારીએ વિશ્વને કેટલાક પાઠ ભણાવ્યા છે. કઈ મહામારી ક્યારે એક દેશમાંથી અન્ય દેશમાં ફેલાઈ જાય તે કહી ન શકાય. રોગના જંતુઓને દેશની સરહદોને ઓળંગતા કોઈ રોકી શકતું નથી. આ મહામારીને નાથવા સામૂહિક પ્રયત્નો કરવા પડે. Infectious diseases do not respect national borders, making collaborative, multilateral responses essential.

પરંતુ આમ કરવામાં ઘણાં વિઘ્નો આવતાં હોય છે. વિશ્વ આરોગ્ય સંસ્થા વર્ષ ૧૯૪૮થી કાર્યરત છે. તેની મુખ્ય ઓફિસ સ્વિટ્ઝર્લેન્ડના જિનીવા શહેરમાં આવેલી છે. વિશ્વના ૧૯૪ દેશો તેના સભ્ય છે. સંસ્થા ચલાવવા માટે આર્થિક રીતે સંપન્ન દેશો તેને મદદ કરે છે. પરંતુ મદદનો, દાનનો પ્રવાહ અટકી પડતાં મુશ્કેલી વધી જાય છે. વર્ષ ૨૦ જાન્યુઆરી ૨૦૨૫થી અમેરિકાએ WHOને આર્થિક મદદ કરવાનું બંધ કર્યુ છે.

અન્ય દેશોએ હવે પોતાની રીતે, પોતાના બળે આગળ વધવાનું રહ્યું, જોકે આ માટે સામૂહિક રીતે કરારો કરવા જોઈએ. કેટલાક દેશો પોતાની રીતે અન્ય દેશ સાથે પણ કરારો કરે છે, જેને Bilateral Agreement - દ્વિપક્ષીય કરાર કહેવામાં આવે છે.

મહામારીઓમાંથી ઊગરવા માટે રોગના મૂળમાં રહેલા જંતુ, બેક્ટેરિયા, વાયરસની ઓળખાણ થવી જોઈએ, તેમજ તે અંગેના ડેટા અન્ય દેશોને પણ આપવા જોઈએ. જે તે દેશોમાં તે અંગે શોધાયેલી, કે શોધ થવાની દવા કે વેક્સિન હોય તે સૌ માટે સુલભ હોય, જરૂર પડે તો જે તે દેશ પોતાના દેશમાં તેનું ઉત્પાદન કરી શકે તેવો માહોલ હોવો જોઈએ. આ માહોલ રાજ્યમાંની સરકારો જ ખડો કરી શકે.

પ્રશ્ન આવે દવા કે વેક્સિન બનાવનારી કંપનીઓ આ માટે કેટલી તૈયાર થાય ? આ પ્રશ્ન ગરીબ દેશો માટે ખૂબ મહત્ત્વનો છે. છતાં હકીકત એ પણ છે વિશ્વમાં એકાદ દર્દી પણ જે તે રોગનો હયાત હોય તો પણ મહામારી ફેલાવાનો ડર રહે જ છે.

મે ૨૦૨૫માં ૭૮મી વર્લ્ડ હેલ્થ એસેમ્બલીમાં વિશ્વ મહામારીને અટકાવવા સંવાદ સાધીને જરૂરી વિગતોની આપ-લે કરવા તૈયાર થયું. તેમજ ૭૯મી વર્લ્ડ હેલ્થ એસેમ્બલીમાં તે દિશામાં વધુ આગળ વધવાનું નક્કી કરવામાં આવશે તેમ ૧ મે, ૨૦૨૬ની મિટિંગમાં જાહેર કરવામાં આવ્યું.

આંતરરાષ્ટ્રીય સંમેલનોમાં વિવિધ દેશોની વિવિધ માંગણીઓ હોય છે, અપેક્ષાઓ હોય છે. ગરીબ દેશો પોતાના હક સમાનતાના ધોરણે પ્રાપ્ત થાય તેવી માંગણી કરે છે, જે વાજબી પણ છે.

કોવિડ મહામારીમાં આપણે જોયું કે વિશ્વ મહામારીમાંથી ઊગરવા માટે નબળું પુરવાર થયું હતું. ગરીબ દેશોને અલ્પ માત્રામાં મદદ મળી હતી. મોટા પાયે મોત થયાં હતાં. સમગ્ર વ્યવસ્થા ઠપ થઈ ગઈ હતી. લોકો લાચારી અનુભવતા હતા. એક ભયંકર નિરાશાનું મોજું છાઈ ગયું હતું.

- ગ્લોબલ વોર્મિંગના પ્રશ્ને કાર્બન કટની વાત હોય,
- આરોગ્ય પ્રશ્ને WHO ને મદદ કરવાની હોય,
- અણુશસ્ત્રોમાંથી મુક્તિ મેળવવાની હોય,

- વિશ્વના આર્થિક રીતે સંપન્ન દેશો તૈયાર થતા નથી. તેમ છતાં કેટલીક વિશ્વ સ્તરની સંસ્થાઓ સતત પ્રયત્ન કરતી રહે. મહામારીના પ્રશ્ને જરૂરી એગ્રીમેન્ટ થાય તેવી આશા રાખીએ.

## ■ Anti MIcrobial Resistance - AMR : Global Health Crises

સામાન્ય રીતે દર્દી કે દર્દીનાં સગાંવહાલાં ડૉક્ટરને વિનંતી કરતા હોય છે કે - સાહેબ જલદી સારું થઈ જાય તેવી દવા આપો. ઘણા બધા ડૉક્ટરો Antibiotics દવા આપી દે છે. કેટલાક દર્દીઓ પણ દવાની દુકાનેથી એન્ટીબાયોટીક દવા મંગાવી લેતા હોય છે.

વધારે પ્રમાણમાં એન્ટીબાયોટીક દવાના વપરાશના કારણે શરીરમાંના બેક્ટેરિયાએ તેની સામે ટકી રહેવાની પોતાની ક્ષમતા બનાવી દીધી છે. The bacteria mutate or change their structures so the drug can no longer kill them, creating 'superbugs'. આપણે તે પણ જાણી લેવું જોઈએ કે એન્ટીબાયોટીક દવા વાયરસને ખતમ કરતી નથી. કોવિડ મહામારીમાં તેનો પણ અનુભવ થયો.

આરોગ્ય ક્ષેત્રે એવો માહોલ બનાવવો પડશે કે જેથી ડૉક્ટરો એન્ટીબાયોટીક દવા દર્દીને લખી જ ન આપે. આજ કાલ આર્ટીફિસીયલ ઇન્ટેલીજન્સ (AI) નો ઉપયોગ ટ્રીટમેન્ટ માટે કરવામાં આવે છે તેમાં જ એવી સગવડ કરવામાં આવે કે એન્ટીબાયોટીક દવાની ભલામણ જ ન કરવામાં આવે.

સેન્ટર ફોર સાયન્સ એન્ડ એન્વાયર્નમેન્ટ (CSE) એ દિલ્હીમાં વિશ્વભરના વિવિધ નિષ્ણાતોની એક મિટિંગ બોલાવી હતી જેમાં ડૉક્ટરો, વિજ્ઞાનીઓ, પોલિસી રચવાવાળાઓ, જાગૃત નાગરિકો વગેરેને બોલાવવામાં આવ્યા હતા. સૌએ પોતપોતાના અનુભવો અને અભિપ્રાયોનું આદાન-પ્રદાન કર્યુ હતું. સૌને લાગ્યું કે, સક્ષમ નવો 'Global Action Plan' બનાવવો જોઈએ. આરોગ્ય જાળવણીને ખ્યાલમાં રાખી એન્ટીબાયોટીક



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

દવાના સ્થાને નવી દવાઓના સંશોધન તરફ વિશેષ ધ્યાન આપવું જોઈએ, જેમાં વાયરલ દ્વારા સર્જાતા રોગોનો પણ ઉકેલ મળી રહે.

ખાનગી કંપનીઓ આવી દવાઓ પોતાની મોનોપોલી દાખવી મોંઘા ભાવે વેચે નહીં તેની પણ કાળજી રાખવી જોઈએ. સરકારે પણ સંશોધન કરતી રાષ્ટ્રીય સંસ્થાઓને પૂરતા પ્રમાણમાં ફંડની ફાળવણી કરવી જોઈએ.

પશુ ચિકિત્સાના ક્ષેત્રે પણ વૈકલ્પિક દવાઓ ઉપલબ્ધ થાય તેવાં પગલાં ભરવાં જોઈએ.

## ■ ભારતમાં સરેરાશ આયુષ - Life Expectancy

બાળક જન્મે ત્યારે તે વખતના વાતાવરણ, દેશનો ખોરાક, પાણી, આરોગ્યની સગવડ મુજબ નક્કી કરેલી પદ્ધતિ પ્રમાણે તેનું આયુષ ધારી શકાય; તેને સરેરાશ આયુષ, આયુષ્ય મર્યાદા, અપેક્ષિત જીવનમર્યાદા તરીકે ઓળખવામાં આવે છે.

ભારતમાં ૧૯૭૦ના દાયકામાં સરેરાશ આયુષ ૪૯.૭ વર્ષ ગણવામાં આવતું હતું, જે વર્ષ ૨૦૧૬-૨૦ના ગાળામાં ૭૦ વર્ષનું થયું હતું. કોવિડ-૧૯ના મહામારીના ગાળામાં તેમાં ઘટાડો થયો હશે. વર્ષ ૨૦૧૭-૨૧ના ગાળામાં આયુષ આંક ૬૯.૮ વર્ષનો થઈ ગયો.

Down to Earth ના ૨૦૨૬ના રિપોર્ટના પાન નં. ૯૯ પર ભારતનાં વિવિધ રાજ્યોમાં સરેરાશ આયુષની શું સ્થિતિ છે તે ગ્રાફથી દર્શાવવામાં આવ્યું છે.

## ■ બાળમૃત્યુ - Infant Deaths

વર્ષ ૨૦૨૧માં બાળમૃત્યુનું પ્રમાણ ૧૩૬૬૪૮ હતું, જે વર્ષના કુલ મૃત્યુ ૧૦૨૨૪૫૦૬ના ૧.૩ ટકા થાય. ૧૯૯૦ પછી નોંધાયેલાં મૃત્યુમાં તે સૌથી વધારે હતાં.

## ■ Covid-19 મહામારી દરમ્યાન થયેલો વધારાનો મૃત્યુ આંક

વર્ષ ૨૦૨૦-૨૦૨૧ના ગાળામાં ભારત દેશ COVID-19 મહામારીનો ભોગ બન્યો હતો. તે દરમ્યાન એક ગણતરી પ્રમાણે ૩૦ લાખ ૬૦૦૦૦ જેટલાં મોત સામાન્ય કરતાં વધુ થયાં હતાં. જોકે ઓફિશ્યલ આંકડો તો ૪ લાખ ૮૦૦૦૦ બતાવે છે.

Down to Earth ના રીપોર્ટ ૨૦૨૬ના પાન નં. ૧૦૨-૧૦૩ પર દેશનાં અલગ અલગ રાજ્યોમાં કોરોનાના કારણે થયેલાં મોતના આંક દર્શાવવામાં આવ્યા છે. આંધ્રમાં ઓફિશ્યલ કરતાં ૧૪.૩૬ ગણાં, ગુજરાતમાં ૩૨.૧૧ ગણાં, બિહારમાં ૧૯.૨૫ ગણાં, મધ્યપ્રદેશમાં ૨૨.૮૨ ગણાં, ઓડિશા ૧૩.૮૧ ગણાં, ઉત્તર પ્રદેશમાં ૧૪.૬૮ ગણાં મોત થયાં હતાં.

નદીકિનારે દાટેલી લાશો, નદીમાં તરતી લાશોના ફોટા મહામારી દરમ્યાન જોવા મળતા હતા.

## ■ રીપોર્ટ માંડે છે દવાઓ તેમજ ઉપચાર પાછળ થતા ખર્ચનો હિસાબ

ભારતમાં રોગમાંથી ઊગરવા થતો ખર્ચ સામાન્ય માણસને માટે અસહ્ય બનતો જાય છે.

○ એક વ્યક્તિ પ્રતિ વર્ષ ઉપચાર પાછળ રૂ. ૨૬૦૦નો ખર્ચ પોતાના ખિસ્સામાંથી કરે છે. આ આંક વર્ષ ૨૦૨૧-૨૨નો છે. જે વર્ષ ૨૦૧૭-૧૮માં ૨૦૯૭, વર્ષ ૨૦૧૮-૧૯માં ૨૧૫૫, વર્ષ ૨૦૧૯-૨૦માં ૨૨૮૯ અને વર્ષ ૨૦૨૦-૨૧માં ૨૪૧૫ રૂ. હતો.

○ પ્રતિવ્યક્તિ આરોગ્ય પાછળ થતા કુલ ખર્ચમાં સરકારના ખર્ચનો ફાળો - ૨૦૨૧-૨૨માં ૪૫.૧ ટકા, વર્ષ ૨૦૨૦-૨૧માં ૪૯.૫ ટકા, ૨૦૧૯-૨૦માં ૫૨ ટકા, ૨૦૧૮-૧૯માં ૫૩.૨ ટકા, જ્યારે ૨૦૧૭-૨૦૧૮માં ૫૫.૧ ટકા હતો. મતલબ કે સરકાર આરોગ્ય પાછળ થતા ખર્ચમાં સતત કાપ મૂકતી રહી છે.

## ■ રાજ્યોની સ્થિતિ

વર્ષ ૨૦૨૧-૨૨ની વિગતો પ્રમાણે દેશમાંનાં ૨૧ રાજ્યોમાંથી પાંચ રાજ્યોમાં આરોગ્ય પાછળ થતા ખર્ચમાં ૫૦ ટકા ઉપરાંત ખર્ચ વ્યક્તિના પોતાના ખિસ્સામાંથી કાઢવો પડે છે. આ આંક વર્ષ ૨૦૨૧-૨૨માં ઉત્તર પ્રદેશમાં ૬૩.૭ ટકા, કેરાલામાં ૫૯.૧ ટકા, પ.બંગાળમાં ૫૮.૩ ટકા, પંજાબમાં ૫૭.૨ ટકા અને આંધ્રમાં ૫૨ ટકા હતો.

ડાઉન ટુ અર્થના વર્ષ ૨૦૨૬ના રિપોર્ટના પાન નં. ૧૦૫ પર વિવિધ રાજ્યોમાં વ્યક્તિ દીઠ આરોગ્ય જાળવવામાં થતો કુલ ખર્ચ અને તેમાં વ્યક્તિના ખિસ્સા પર કેટલો ભાર પડે છે તેની વિગતો આપી છે.

## ■ જન્મ સમયનો લિંગ ગુણોત્તર - Sex Ratio at Birth

રીપોર્ટના પાન નં. ૧૦૬, ૧૦૭, ૧૦૮ અને ૧૦૯ પર ભારતનાં રાજ્યોમાં લિંગ ગુણોત્તરની શું સ્થિતિ છે તે દર્શાવવામાં આવ્યું છે.

દેશનાં ૧૮ રાજ્યો તેમજ યુનિયન ટેરીટરીનાં મોટાભાગનાં રાજ્યોમાં લિંગ ગુણોત્તર ઘટતો માલૂમ પડ્યો છે. કેટલાંક રાજ્યોની વિગતો જોઈએ. ૧૦૦૦ પુરુષો સામે સ્ત્રીઓની સંખ્યા કેટલી છે તે ટૂંકમાં આપણે અહીં નોંધીએ છીએ. આંકડા વર્ષ ૨૦૨૧ના છે.

| | |
|---|---|
| ○ લદાખ - ૯૪૯ | ○ ચંદીગઢ - ૯૨૫ |
| ○ જમ્મુ અને કશ્મિર-૯૩૩ | ○ હરિયાણા - ૯૧૧ |
| ○ આસામ - ૮૬૩ | ○ તેલંગણા - ૯૨૨ |
| ○ આંદામાન નિકોબાર - ૯૫૭ | ○ આંધ્ર - ૯૩૫ |
| ○ બિહાર - ૯૦૮ | ○ અરુણાચલ પ્રદેશ - ૯૯૭ |
| ○ ત્રિપુરા - ૯૪૮ | ○ પ.બંગાળ - ૯૪૮ |
| ○ રાજસ્થાન - ૯૦૫ | ○ ઓડિશા - ૯૩૩ |
| ○ દાદરાનગર હવેલી અને દીવ - ૮૭૯ | ○ કેરાલા - ૯૬૭ |
| | ○ પોંડિચેરી - ૯૪૧ |
| ○ લક્ષ દ્વિપ - ૯૬૩ | ○ પંજાબ - ૯૨૪ |
| ○ ઝારખંડ - ૯૫૫ | ○ ગુજરાત - ૯૦૯ |
| ○ તામિલનાડૂ - ૯૪૧ | ○ ગોવા - ૯૪૭ |
| ○ મિઝોરમ - ૯૫૮ | ○ છત્તીસગઢ - ૯૪૯ |

(જુઓ પાન નં. ૧૧)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# ડૉ. પંકજ જોષીની નજરે વિજ્ઞાન અને અધ્યાત્મ - ૩



## ■ ગ્રાન્ડ યુનિફાઇડ થિયરી

શ્રી પંકજભાઈ તેમના લેખોમાં 'ગ્રાન્ડ યુનિફાઇડ થિયરી'ની વાત અલગ અલગ રીતે કરતા રહે છે. નીચેની તેમની નોંધ આ થિયરી અંગે સાદી સમજ આપે છે -

''છેલ્લાં ત્રણસો-ચારસો વર્ષમાં ભવ્ય વિકાસ પામેલું આધુનિક વિજ્ઞાન બ્રહ્માંડ અથવા સૃષ્ટિમાં કેટલાંક મૂળભૂત બળોનું અસ્તિત્વ સ્વીકારે છે. આ બળોને ૦ ગુરુત્વાકર્ષણ બળ ૦ વીજ ચુંબકીય બળ તથા ૦ પરમાણુના કેન્દ્રમાં કામ કરતાં બળો ૦ તીવ્ર અને ૦ મધ્યમ ન્યુક્લિયસમાં કામ કરતાં બળો તરીકે ઓળખવામાં આવે છે.

''વિજ્ઞાનીઓને હંમેશા બ્રહ્માંડને સમગ્રતામાં જોવું ગમે છે ! જુદાં-જુદાં બળો તેમના અલગ અલગ નિયમથી પોતાનું કામ કરે તેવું નહિ, પરંતુ કોઈ એવું મૂળભૂત બળ અવશ્ય હોવું જોઈએ જે આ સર્વ બળોને પણ સંચાલિત કરતું હોય. આવી શોધ વિજ્ઞાનીઓ હંમેશા કરતા આવ્યા છે. ઉપરોક્ત ચાર બળોમાંનું દરેક બળ પણ કુદરતની અનેકવિધ ઘટનાઓને સમગ્રતા દ્વારા વર્ણવે છે. જેમ કે પૃથ્વીની આસપાસ ચંદ્રની ગતિ અથવા તો સૂર્યની આસપાસ સર્વે ગ્રહોની ગતિ અથવા ભરતી અને ઓટ, ગ્રહણો, આ સર્વને ગુરુત્વાકર્ષણ બળની ઘટનાઓ તરીકે વર્ણવે છે. આવી જ વાત બીજાં સઘળાં બળ માટે પણ ખરી છે. પરંતુ કેવળ આટલી વાતથી વિજ્ઞાનીઓને સંતોષ નથી. તેઓ તો પૂછે છે કે આ સઘળાં બળોને પણ સંચાલન કરનારું બળ કેવું અને શું હશે ? આવી શોધની પાછળ આઇન્સ્ટાઇને પોતાના જીવનના છેલ્લા ત્રણ દશક કાર્ય કર્યું, પરંતુ તેમને સફળતા મળી નહિ. આ પછી પણ છેલ્લા સાત દાયકામાં આ દિશામાં વિજ્ઞાનીઓએ ભારે પ્રયત્નો કર્યા છે, પરંતુ આજ સુધી તેમાં કોઈ સફળતા મળી નથી.

''ગુરુત્વાકર્ષણ સિવાયનાં બીજાં ત્રણ બળોને સમગ્ર રીતે વર્ણવી શકાય તેવાં સમીકરણો તો વિજ્ઞાનીઓ શોધી શક્યા છે. આ ત્રણ બળોના સમગ્રતાના સિદ્ધાંતને ગ્રાન્ડ યુનિફાઇડ થિયરી કહેવાય છે. પરંતુ ગુરુત્વાકર્ષણ અને ક્વૉન્ટમ બળો એકબીજાથી જુદાં પડે છે. એવી થિયરી અથવા સિદ્ધાંત જે ગુરુત્વાકર્ષણને બીજાં ત્રણ બળો સાથે જોડી આપે, એ હજુ આધુનિક વિજ્ઞાનની શોધનો વિષય છે. જો આ કાર્ય સંપન્ન થાય તો બ્રહ્માંડનાં અનેક નવાં રહસ્યો ખૂલશે તેની વિજ્ઞાનીઓને આશા અને દઢ શ્રદ્ધા પણ છે.''

## ■ સૃષ્ટિ અને આપણે એકબીજાથી સંપૂર્ણપણે ભિન્ન નથી : ક્વૉન્ટમ સિદ્ધાંત

''આધુનિક વિજ્ઞાનમાં હજુ પણ એવો ખ્યાલ પ્રચલિત છે કે બ્રહ્માંડ જુદાં અને આપણે પણ તેનાથી જુદા. (આવી માન્યતાના કારણે) બ્રહ્માંડનું અવલોકન કરીને, વિવિધ પ્રયોગો કરીને આપણે તેનાં રહસ્યો અને તેના નિયમો સમજીએ અને તેનો ઉપયોગ કરીએ.''

''એક રીતે કહી શકાય કે આજનું વિજ્ઞાન હજુ પણ એ સૃષ્ટિને એક જડ પદાર્થ, એક મહાકાય યંત્ર માને છે. જોકે ક્વૉન્ટમ સિદ્ધાંતને કારણે આ વિચારમાં હવે થોડું પરિવર્તન પણ આવતું જાય છે કે આપણે અને સૃષ્ટિ એકબીજાથી સંપૂર્ણ ભિન્ન નથી. પણ એકંદરે, ચૈતન્ય તત્ત્વનો વિશ્વ સાથે શો સંબંધ કે નિયમન હોય તેની આધુનિક વિજ્ઞાનને હજુ વિશેષ ખબર નથી. બીજી બાજુ ભારતીય પરંપરામાં ઈશ્વર તત્ત્વને પરમ ચૈતન્યમય અને દેખાતા સર્વ ચેતન કે જડ પદાર્થોનું પણ પાયાનું ચૈતન્ય કહેવાયું છે.

## ■ 'હરી સે લાગી રહો મેરે ભાઈ, તેરી બનત બની જાય ! - મકરંદભાઈ દવે

પરમ સત્યને પામવા માટે વિજ્ઞાની હોય કે અધ્યાત્મપથનો સાધક હોય, તેને લાગી રહેવું પડે. વિજ્ઞાનના ક્ષેત્રે વીજળીના બલ્બની શોધ કરનાર થોમસ આલ્વા એડિસનનું ઉદાહરણ આપણી સમક્ષ છે. સાંઈબાબાના શબ્દો છે 'શ્રદ્ધા અને સબૂરી'. ધીરજ રાખી લાગી રહેવું પડે. કાર્ય ચાલુ રાખવું જોઈએ. આંબાની મીઠી કેરી ખાવા ઇચ્છનારાએ યાદ રાખવું પડે - 'ઉતાવળે આંબા ન પાકે.'

## ■ બુદ્ધિ અને અધ્યાત્મ

ઘણી વાર કહેવામાં આવે છે - અધ્યાત્મનો પ્રદેશ તો બુદ્ધિથી પર છે. એ બુદ્ધિમાં પકડાય નહિ. તો શું અધ્યાત્મ અને ધર્મનું મૂળ તત્ત્વ બુદ્ધિ અને વિચારથી પર છે ? ધર્મ, અધ્યાત્મ અથવા ઈશ્વરતત્ત્વની વાત કરીએ ત્યારે બુદ્ધિના દરવાજા બંધ કરી દેવાના છે ?

સમાજની આ પ્રચલિત માન્યતા ખોટી છે. ધર્મ કે અધ્યાત્મની વાતમાં પ્રશ્ન પુછાય નહિ, કેવળ શ્રદ્ધા અને સ્વીકાર જ હોય, આવી વાતને કારણે સામાન્ય લોકો ક્યારેક ડર કે પછી સંકોચને કારણે કંઈ પણ વિચાર્યા સિવાય ગતાનુગતિક ચાલતા હોય છે. કોઈ વાર તો કેવળ પોતાનો સ્વાર્થ સાધવા માટે પણ આવી વાતો અને પ્રચાર થતો હોય છે.

આપણે એ વાત કરીએ કે બુદ્ધિ એટલે શું ? અને અધ્યાત્મ એટલે શું ?

અધ્યાત્મ શબ્દ બે મૂળ ધાતુઓ 'અધિ' અને 'આત્મ' મળીને બને છે. તેમાં આત્મ એટલે તો પોતે ખુદ, અને બીજા શબ્દ 'અધિ'નો અર્થ છે, તેની આસપાસનું, તેના વિષેનું, અથવા તેની આજુબાજુની વાત, અને તેની આજુબાજુના સઘળા સંબંધવાળી વાત અને વિગત એટલે અધ્યાત્મ.



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

આ જ રીતે વિચારીએ કે બુદ્ધિ એટલે શું જેના દ્વારા આપણે વિચારીએ છીએ, સંકલ્પ કરીએ છીએ, નિર્ણય કરીએ છીએ ? આ સઘળાં ઉદ્‌ગમ અને કાર્ય જેના દ્વારા થાય છે તેને આપણે સામાન્ય રીતે મન તથા બુદ્ધિ અથવા ચિત્ત નામથી ઓળખીએ છીએ.

જેને આપણે અંતઃકરણ તરીકે કહીએ કે ઓળખીએ છીએ તેનાં જ આ બધાં જુદાં જુદાં સ્વરૂપો છે. સમયે સમયે અને પ્રસંગ પ્રમાણે આ અંતઃકરણ જ મન, બુદ્ધિ, ચિત્ત વગેરે સ્વરૂપો ધારણ કર્યા કરે છે. તે અંદરથી કામ કરે છે એટલે તેને અંતઃકરણ કહેવાય છે. અંતઃકરણને શુદ્ધ અને સૂક્ષ્મ કરાય ત્યારે તે સમગ્ર વિશ્વમાં વ્યાપ્ત ચૈતન્યનું પ્રતિબિંબ ઝીલે છે. શુદ્ધ અને સ્થિર જળમાં જેવી રીતે આકાશમાં રહેલો ચંદ્ર અત્યંત સ્પષ્ટ અને જેવો છે તેવો જ દેખાય છે તેના જેવી વાત છે. અંતઃકરણ અથવા ચિત્ત તે વિશ્વવ્યાપ્ત ચૈતન્યનું પ્રતિબિંબ ઝીલે છે. આપણો જાણીતો ગાયત્રીમંત્ર બુદ્ધિને શુદ્ધ અને સ્થિર કરવા માટેની જ પ્રાર્થના છે.

આપણી આજની લૌકિક બુદ્ધિ પાસે એ શક્તિ અત્યારે નથી. એવું નથી કે ધર્મ અથવા અધ્યાત્મના પ્રદેશમાં બુદ્ધિનું કોઈ કામ જ નથી. વાસ્તવમાં તો યોગ કહો કે ભક્તિ અથવા જ્ઞાન, આ સઘળાં બુદ્ધિ, અંતઃકરણને શુદ્ધ કરવાનાં સાધનો જ છે. આપણે એ પણ સમજવું પડશે કે તત્ત્વ તરફ અગ્રસર, અભિમુખ થયેલી બુદ્ધિ જ્યારે સૂક્ષ્મ થાય ત્યારે તેને તત્ત્વ દર્શન થાય છે. મન, બુદ્ધિ, અંતઃકરણમાં સમગ્ર વિશ્વનું ચૈતન્ય શું છે એ વિષે જિજ્ઞાસા પેદા થવી, એ તરફ અભિમુખતા ઊભી થવી એ બુદ્ધિની શુદ્ધિ જ દર્શાવે છે. બુદ્ધિ, શ્રદ્ધા અને ધર્મ કે અધ્યાત્મ એક બીજાના વિરોધી નથી, પૂરક છે. બુદ્ધિ અને અધ્યાત્મની યાત્રા સાથે જ ચાલે છે !

### ■ બુદ્ધિ, મેધા, પ્રજ્ઞા - ઋતંભરા પ્રજ્ઞા

પંકજભાઈ અધ્યાત્મ અંગેની વિચારયાત્રાને આગળ લઈ જાય છે. સ્થૂળ જગત અને સૂક્ષ્મ જગત અંગેની સમજની ભૂમિકા તૈયાર કરે છે. આજે આપણે જગતના નાના ભાગને જ જાણીએ છીએ. મોટા ભાગનું જગત અથવા બ્રહ્માંડ આપણા અનુભવમાં કે સમજણમાં આવી શકતું નથી. કેવા અદ્‌ભુત વિશ્વમાં આપણે વસીએ છીએ તેની આપણને કલ્પના પણ નથી ! આવું શા માટે ? કારણ કે આપણી ઇન્દ્રિયોની મર્યાદા છે. જેમ કે આપણી આંખ અમુક મર્યાદિત તરંગ લંબાઈનો પ્રકાશ જ જોઈ શકે છે. એનો અર્થ એવો નથી કે બ્રહ્માંડમાં આપણે જે નથી જોઈ શકતાં તેવો બીજો કોઈ પ્રકાશ કે કિરણો નથી. પારરક્ત કિરણો અને પાર-જાંબલી કિરણો અને એક્સ-રે અને એવું ઘણું બધું છે, જે આપણી દૃષ્ટિમર્યાદાની બહાર છે. આવી જ રીતે સાંભળવામાં પણ આપણે કેટલીક તરંગલંબાઈ મર્યાદામાં જ આપણા કાન દ્વારા સાંભળી શકીએ છીએ. કેટલાંક પ્રાણીઓ આપણે ન સાંભળી શકીએ તેવા ધ્વનિ સાંભળતાં હોય છે. એટલું જ નહિ, આવા ધ્વનિ દ્વારા તેઓ એકબીજા સાથે સંપર્ક પણ કરતાં હોય છે.

શ્રી મકરંદભાઈ જણાવે છે -

અત્યારે આપણી પાંચ ઇન્દ્રિયો આપણને જેટલું દર્શન કરાવે છે એટલા જ મર્યાદાજગતમાં જીવવું પડે છે. પરંતુ શુદ્ધ અંતઃકરણ અથવા અંતરજ્ઞાન પ્રાપ્ત થતાં તૂટીફૂટી ઝૂંપડીમાં રહેવાવાળો જાણે મહાન રાજાધિરાજ મહારાજાના મહેલમાં આવી ચઢ્યો છે !

શાસ્ત્રીજી કહે છે - આ તો અનુભવનો માર્ગ છે. અનુભવ પ્રાપ્ત થયા પછી કોઈ શ્રદ્ધાને ડગાવી શકતું નથી. શુદ્ધ અને સૂક્ષ્મ બુદ્ધિ વિશાળ દર્શન કરનારી આંતરપ્રજ્ઞા બની જાય છે. ત્યારબાદ અતીન્દ્રિય જ્ઞાનના દરવાજા ખૂલી જાય છે.

### ■ સૂક્ષ્મ અને શુદ્ધ બુદ્ધિનું આગળનું પગથિયું : ઋતંભરા પ્રજ્ઞા

પંકજભાઈ શાસ્ત્રીજીને પૂછે છે - ક્યારેક પેટા પ્રશ્નો પણ પૂછે છે. શંકાઓ પણ રજૂ કરે છે. શાસ્ત્રીજી શુદ્ધ-સૂક્ષ્મ બુદ્ધિ સત્ત્વગુણયુક્ત અંતઃકરણના આગળના પદને પ્રજ્ઞા અને ત્યારબાદ ઋતંભરા પ્રજ્ઞા તરીકે સમજાવે છે. પ્રજ્ઞા અને ઋતંભરા વચ્ચેના ભેદને સમજાવતાં તેઓ કહે છે - ઘરના આંગણામાં પ્રવેશ તે પ્રજ્ઞા છે, જ્યારે ઓરડામાં જઈને આસન-ગ્રહણ કરીએ તે પરિપૂર્ણ પ્રજ્ઞા અથવા ઋતંભરા પ્રજ્ઞા કહેવાય. આવી પ્રજ્ઞાને પ્રાપ્ત કરવા ધ્યાન-પ્રાણાયામ, ભક્તિ કે જ્ઞાનના સાધનાપથ પર ચાલવું પડે. જેમ જેમ અભ્યાસ વધતો જાય તેમ તેમ અંતઃકરણ વિશેષ અને વિશેષ શુદ્ધ-સૂક્ષ્મ-સ્થિર બનતું જાય છે.

આવા સાધનાપથ પર ''ચાલવાનું અટકવું જોઈએ નહિ. ઘણી વાર એવું થઈ જાય છે કે મનુષ્ય ગમે તે કારણે હતોત્સાહ થઈ જાય તો એ પછી તે પોતાનો મૂળ રસ્તો અથવા માર્ગ અને ધ્યેય જ છોડી દે છે. ક્યારેક મનનો ઉત્સાહ ભલે ઓછો થાય, ક્યારેક દુઃખનો અનુભવ પણ થાય તો પણ સાધનાપથ પર ચાલવાનું અટકવું ન જોઈએ.''

આપણે પંકજભાઈના 'જ્ઞાની અને વિજ્ઞાની' પુસ્તકમાંની કેટલીક મહત્ત્વની વાતો પર નજર નાંખી.

લેખમાળાના આગળના અંકમાં નવનીત સમર્પણમાં પ્રગટ થયેલા 'વિજ્ઞાન અને અધ્યાત્મ' લેખો પર નજર નાંખીશું.

– રેવારજ


## શ્રી અરવિંદ સાધના શિબિર અંબાજી

પ્રોફેસર ભારતસિંહ ઝાલા (એમ.એ.તત્વજ્ઞાન) ની શ્રી અરવિંદ સાધના શિબિર અંબાજીમાં તા. ૨૯-૧૦-૨૬ થી તા. ૦૧-૧૧-૨૬ સુધી રાજપૂત એકતા ભવન, એસ.બી.આઈ. બેંક પાસે, અંબાજીમાં રાખવામાં આવી છે. રહેવા જમવાના ખર્ચ પેટે રોજના ૫૦૦/- રૂા. રાખવામાં આવ્યા છે.

વધુ માહિતી માટે સંપર્ક કરો

શ્રી રણજિતસિંહ જાડેજા, મેનેજરશ્રી, મો. ૯૨૨૮૮૦૯૦૫૧

શ્રી ભારતસિંહ ઝાલા, (વક્તા) મો. ૯૪૨૬૬૯૫૧૯૮




YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# કિરણ કિરણ જમા કરેં હમ : એક નયા સૂરજ બનાયેં હમ

ગુજરાતમાં રેશનાલિઝમની પ્રવૃત્તિ પ્રમાણમાં ઠીકઠીક ચાલી રહી હોવા છતાં અને વડી અદાલતની દરમ્યાનગીરીથી વિધાનસભાએ અંધશ્રદ્ધા વિરુદ્ધ કાયદો પસાર કર્યો હોવા છતાં ગુજરાતી સમાજમાં વહેમ, અંધશ્રદ્ધા અને ચમત્કારનું વાતાવરણ કાયમી બનેલું છે. આવા સમયમાં કિરણ નાણાંવટી (૧૦-૩-૧૯૫૭ થી ૨૧-૮-૨૦૨૦) નામના એક રેશનાલિસ્ટના જીવન અને કાર્ય વિશે લંકેશ ચક્રવર્તીના સંપાદનમાં તૈયાર થયેલ એક દળદાર પુસ્તકનો લોકાર્પણ કાર્યક્રમ નાણાંવટી પરિવાર દ્વારા અમદાવાદ ખાતે યોજાઈ ગયો. જાણીતા સમાજશાસ્ત્રી ઘનશ્યામ શાહ અને ગોધરા સ્થિત ડૉ. સુજાત વલીની પ્રેરક હાજરીમાં ઘણા બધા વક્તાઓએ આ કાર્યક્રમમાં કિરણ નાણાંવટીની રેશનલ, સામાજિક અને માનવતાભરી પ્રવૃત્તિઓને યાદ કરી તેમના વિશે ઘણી પ્રેરક વાતો કરી હતી.

વક્તાઓમાં કિરણનાં બહેન શીલા, બનેવી પ્રતીક મુનશી ઉપરાંત એમના કુટુંબનાં ઘણાં સ્નેહીજનો હતાં, તો વળી અમદાવાદ-મુંબઈ રેશનાલિસ્ટ એસોસિએશનના કિરણ ત્રિવેદી, 'ગણતર'ના સુખદેવ પટેલ, પાલનપુરથી આવેલા રેશનાલિસ્ટ ગિરીશ સુંઢિયા, સુરત સત્યશોધક સભાના સિદ્ધાર્થ દેગામી, ડંકેશ ઓઝા વગેરે હતા. પ્રતીક મુનશીએ કિરણ અંગેનું એક વીડિયો પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું. પુસ્તકના સંપાદક લંકેશ ચતુર્વેદીએ શામળાજીમાં આદિવાસી બહેનો પર અંધશ્રદ્ધાના નામે થતા અત્યાચારની તથા રૂપાલની પલ્લીમાં માતાજીના નામે વેડફાતા મોંઘા શુદ્ધ ઘી વિશેના પલ્લી પરિવર્તન અભિયાન વિશેની વિગતો આપી હતી. કાર્યક્રમના અંતે બંધારણમાં નાગરિકોની ફરજોમાં વૈજ્ઞાનિક અભિગમ કેળવવાની જે વાત છે તે સંદર્ભે 'વૈજ્ઞાનિક અભિગમ એટલે શું' નામની હેમંતકુમાર શાહ દ્વારા લિખિત નાનકડી પુસ્તિકાનું વિમોચન થયું હતું. હેમંતકુમારે તદ્દન ટૂંકમાં પુસ્તિકાની વિગતો જણાવી હતી.

યુવાનવયે નવા વિચારોના સંપર્કમાં આવવાનું થાય તો પરિવર્તનના કેવા ચમત્કારો બને તેનું ઉદાહરણ કિરણ નાણાંવટીમાં જોવા મળે છે. અભ્યાસકાળથી ચર્ચા-સંવાદ અને સંશય તરફ વળેલા આ યુવાનોમાં કિરણ-અજય-ધીમંત હતા, જેમણે નાટકો દ્વારા અંધશ્રદ્ધા નિવારણની પ્રવૃત્તિઓ મુંબઈમાં શરૂ કરેલી. તે પછી ગામડામાં જઈને સ્વાશ્રયી બનીને જીવન જીવવાનો પ્રયોગ મહેમદાવાદ નજીકના રઢુ ગામે શરૂ કરેલો. ખેતરનું નામ રાખેલું 'નાસ્તિક ફાર્મ'. પત્રિકા શરૂ કરેલી - 'રેશનાલિસ્ટ પત્રિકા'. સમાજમાં અને તે ય ગ્રામીણ સમાજમાં આવી પ્રવૃત્તિઓ કરવામાં પડતી મુશ્કેલીઓ વચ્ચે આઠથી દસ વર્ષ આ પ્રવૃત્તિઓ ચાલી. તે પછી વડોદરા, સુરત, અમદાવાદ વગરે સ્થળે વિજ્ઞાનના પ્રયોગો અને તે દ્વારા વૈજ્ઞાનિક અભિગમનો પ્રસાર જેવી પ્રવૃત્તિઓ ચલાવી. કિરણે જ્ઞાતિસૂચક અટક બદલીને 'સ્કેપ્ટીક' અટક ધારણ કરી, પંદર વર્ષને અંતે ફરી પાછા નાણાંવટી અટક પર સ્થિર થયા. આ કંઈ સમજાતું નથી !




મહત્ત્વની વાત એ છે કે કિરણ નાણાંવટી જીવનના અંત સુધી સાતત્યપૂર્ણ રીતે વૈજ્ઞાનિક અભિગમના પ્રચાર-પ્રસારની પ્રવૃત્તિઓ સાથે જીવનભર જોડાયેલા રહ્યા. આ દરમ્યાન ડૉ. યાન બ્રેમન, શ્રી હર્ષમંદર, જયંતી પટેલ, ઘનશ્યામ શાહ, પ્રફુલ્લ ત્રિવેદી (જનપથ), ડૉ. રમેશચંદ્ર પરમાર (દલિત પ્રવૃત્તિ) વગેરે સાથે જોડાયેલા રહીને ઘણી બધી સ્વૈચ્છિક સંસ્થાઓમાં તેમણે કામ કર્યું. તેમાં 'અવાજ' અને 'સેવા' સંસ્થા ઉપરાંત ઓક્સફામ, આગાખાન ફાઉન્ડેશન અને કેર ઇન્ડિયા જેવી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ સાથે પણ ટૂંકા સમયગાળા માટે તેમણે કામ કર્યું. કોમી રમખાણો અને ખેતમજૂરોની સમસ્યાઓ અંગેનાં સર્વેક્ષણોમાં પણ તેઓ જોડાતા રહ્યા. કુદરતી આફતો અને માનવસર્જિત આફતો બંને વખતે તેમણે કોઈ ને કોઈ પ્રકારે સક્રિય બની રહેવાના સંનિષ્ઠ પ્રયાસો કર્યા. ગુજરાત બહાર કેટલાંક રાજ્યો સુધી પ્રવૃત્તિઓને કારણે તેઓ વિસ્તર્યા અને પ્રવાસી બની રહ્યા.

'એક કિરણ રેશનાલિઝમનું' શીર્ષકથી જે પુસ્તક તૈયાર થયું છે તેમાં મુખ્ય બે ભાગ છે. સવાસોથી વધુ પાનાંમાં એમણે જે સામયિક ચલાવ્યું તેમાંથી પસંદગીની વૈજ્ઞાનિક સામગ્રી મૂકવામાં આવી છે, તો વળી બીજાં સો પાનાંમાં રેશનલ પ્રવૃત્તિ સાથે જોડાયેલા કાર્યકરોએ એમની પ્રવૃત્તિઓ વિશે, પદ્ધતિ વિશે લખ્યું છે. નાણાંવટી કુટુંબના સગાંવહાલાંએ પણ નાનુમામા (કિરણ)ની મસ્તી, મજાક અને સદાય સહાયભૂત બનતા રહેવાના તેમના વલણ-વ્યવહારની અઢળક પ્રશંસા કરી છે. સૌથી મહત્ત્વની વાત એ છે કે અંધશ્રદ્ધા નાબૂદી કાયદો - ૨૦૨૪ અનુસૂચિ રૂપે મૂકવામાં આવ્યો છે ને શામળાજીમાં આદિવાસી સ્ત્રીઓને ડાકણ પ્રથામાંથી મુક્તિ અપાવવા ગુજરાતની વડી અદાલત સુધી જઈને જે ચુકાદો મેળવવામાં આવ્યો તેની પણ સિલસિલાબંધ વિગતો આપવામાં આવી છે. નવરાત્રિની નોમે રાજ્યના પાટનગરથી તદ્દન નજીક આવેલા રૂપાલ ગામે માતાજીના નામે જે શુદ્ધ ઘીનો બગાડ થાય છે તે અટકાવવાની નમ્ર અપીલ પણ 'પલ્લી પરિવર્તન અભિયાન'ની વિગતો સાથે આપવામાં આવી છે. પુસ્તકમાં આઠેક પાનાંનું ફોટો-ફોલ્ડર પણ ઉમેરવામાં આવ્યું છે.

એકવીસમી સદીમાં અંધશ્રદ્ધામાં ખૂંપેલા સમાજમાં પરિવર્તન માટે સંઘર્ષનો જે પડકાર ઊભો થાય છે તેનો સંનિષ્ઠ કાર્યકરોએ કેવી રીતે સામનો કર્યો છે ને સમાજ પરિવર્તન માટે કેવા વિપરીત સંજોગોમાં તેઓ મથતા રહે છે તેની ઝીણી ઝીણી અને પ્રેરક વિગતો આ પુસ્તકમાંથી વાચકને જરૂર મળશે અને એના પર વિચાર કરનારમાં માનસિક પરિવર્તન પણ યથાસંભવ શક્ય બનશે.

**- ડંકેશ ઓઝા**

પુસ્તક માટે : લંકેશ ચક્રવર્તીનો સંપર્ક કરવો : મો.નં.: ૯૪૨૬૩૭૫૩૮૧



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# 'પદ્માબહેનનું સ્મૃતિપટ પરનું ચિત્ર'



સર્વોદય કાર્યકર પદ્માબહેન ભાવસારનો જન્મ રંગૂનમાં ચુનીલાલ તથા માણેકબહેનના પરિવારમાં તા. ૧૬-૧૧-૧૯૩૦ના રોજ થયો હતો. પિતાનો ઝવેરાતનો ધીકતો ધંધો હતો. માતા-પિતાના ભક્તિના સંસ્કાર પદ્માબહેનમાં નાનપણથી જ ઊતરી આવ્યા હતા.

પિતાજી રંગૂનના પ્રમુખના પી.એ. હતા. તેમને ગાંધી વિચારમાં સંપૂર્ણ શ્રદ્ધા હતી. તેઓ ખાદીનાં જ કપડાં પહેરતા. પદ્માબહેનમાં આ સંસ્કાર પણ ઊતરી આવ્યા હતા.

ગૌહત્યા બંધી માટે પિતાજીએ રંગૂનથી વડાપ્રધાન ઇન્દિરાબહેન ગાંધીને પત્ર લખેલો. તેમજ રંગૂનના એક ગ્રુપને લઈને ભારત ઇન્દિરાબહેનને મળવા આવવાના હતા, પણ એ પહેલાં ઇન્દિરાબહેનનું દુ:ખદ અવસાન થયું હતું, તેથી તે કાર્યક્રમ પાર ન પડી શક્યો.

પદ્માબહેન ૧૪ વર્ષનાં હતાં ત્યારે માતા માણેકબહેન તેમને, તેમનાં બહેન ભગવતીબહેન અને ભાઈ અરવિંદભાઈને લઈને પાટણ આવ્યાં હતાં. માતાએ ત્રણે ભાઈ-બહેનોને ભણાવ્યાં. આશરે ૨૦ વર્ષની વયે પદ્માબહેનનાં લગ્ન ચીમનલાલ સાથે પાટણમાં થયાં. પણ પતિ ઝાઝું ભણેલા ન હતા. લગ્ન પછી પદ્માબહેનના આગ્રહના કારણે પતિએ ફાઈનલની પરીક્ષા આપી, પણ પરીક્ષાનું પરિણામ આવે તે પહેલાં તેમનું મૃત્યુ થયું.

૨૧ વર્ષની વયે પદ્માબહેન વિધવા થયાં. પણ તેઓ માતા બનવાનાં હતાં. અને દીકરી રશ્મિબહેનનો જન્મ થયો. વિધવા થયા પછી પદ્માબહેને સફેદ ખાદીનો સાલ્લો જ પહેર્યો ને જીવનભર સફેદ સાડી જ તેમનો પહેરવેશ રહ્યો.

પદ્માબહેને ૧૯૫૫થી ૧૯૫૮ સુધી પાટણમાં બી.ડી. હાઈસ્કૂલમાં શિક્ષિકા તરીકે નોકરી કરી. તેઓ મીરાબહેન, રમીલાબહેન, શ્યામસુંદરભાઈના પરિચયમાં આવ્યાં અને સર્વોદયના કામમાં જોડાયાં. ૩-૪ વર્ષનાં રશ્મિબહેનને માસી ભગવતીબહેન પાસે મૂકી સર્વોદયનાં કામો કરવા જતાં હતાં. આગળ ઉપર તેમનો પરિચય ભગવાનભાઈ, નારાયણભાઈ, પ્રબોધ ચોક્સી, જગદીશભાઈ શાહ, કાન્તિભાઈ શાહ, હરવિલાસબહેન, કાંતાબહેન શાહ, ઉષાબહેન વગેરે સાથે થયો.

૧૯૫૮થી ૧૯૬૩ સુધી તેઓ ભૂદાનયાત્રામાં વિનોબાની સાથે ગયાં. તેઓ એકાગ્રતા સાથે વિનોબાજીનાં પ્રવચનો એક પણ શબ્દ ન છૂટે તેમ નોંધી લેતાં. તે પ્રવચનો 'ભૂમિપુત્ર'માં પણ છપાતાં. તેમણે લખેલાં તેમાંનાં કેટલાંક પ્રવચનો ઉધઈ ખાઈ ગઈ હતી.

રાજસ્થાનમાં બ્રહ્મવિદ્યામંદિરની સ્થાપના થઈ ત્યારે ત્યાં રહેવાવાળાં બહેનોની યાદીમાં પદ્માબહેનનું નામ પણ હતું. પરંતુ જ્યારે વિનોબાજીને ખબર પડી કે પદ્માબહેન એક નાની દીકરીને ઉછેરી રહ્યાં છે ત્યારે વિનોબાજીએ કહ્યું કે નાની દીકરીને સાચવવી-ઉછેરવી તે તેમનો પહેલો સ્વધર્મ છે.

પદ્માબહેન ૧૯૬૩માં અમદાવાદ આવીને અસારવા વિદ્યાલયમાં શિક્ષિકા તરીકે સેવા બજાવવા લાગ્યાં. ચાલુ નોકરીએ બી.એડ. કર્યું. દીકરીને તેમજ અરવિંદભાઈનાં દીકરા-દીકરીને ભણાવ્યાં - સાચવ્યાં અને ઠેકાણે પાડ્યાં. રશ્મિબહેન ડોક્ટર બન્યાં.



ગુજરાતના સર્વોદય કાર્યકરો વિનોબાજીના સાંનિધ્યમાં

પદ્માબહેન નોકરી છોડીને ૧૯૮૪થી સર્વોદયના પૂર્ણ સમયના કામમાં લાગી ગયાં. સ્ત્રી શક્તિ જાગૃતિની પદયાત્રાઓ કરી, શાંતિસેનાનું કામ કર્યું. સર્વોદય સાહિત્ય પ્રચાર-પ્રસારનું કામ કર્યું. ગોહત્યાબંધીના કામમાં જોડાયાં. પગે ચાલવાની તકલીફ વધતાં સર્વોદયનાં કામો ઓફિસમાં બેસીને કરવા લાગ્યાં.

આંતરરાષ્ટ્રિય મહિલા વર્ષ નિમિત્તે હરવિલાસબહેનની સૂચનાથી ૧૦૦ દિવસની યાત્રામાં અમદાવાદની મહિલા સંસ્થાઓને પદયાત્રામાં જોડાવા માટે સંપર્ક કર્યો. યાત્રામાં સારું સંખ્યાબળ રહ્યું.

વિનોબા જન્મ શતાબ્દી મહિલા પદયાત્રા- પોરબંદરથી પવનાર-ના અમદાવાદના આયોજનમાં પણ તેઓ સક્રિય રહ્યાં. આ યાત્રાના

(જુઓ પાન નં. ૧૧)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# શસ્ત્રો અને યુદ્ધનો થઈ રહેલો વિરોધ : વિશ્વભરના વિજ્ઞાનીઓ આજે થોડા થોડા 'ગાંધી' બની રહ્યા છે

**અ**મેરિકા-ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે યુદ્ધવિરામ છે. ધમકીઓ અને પ્રતિધમકીઓ ચાલુ છે. દુનિયામાં સો ઉપરાંત સશસ્ત્ર સંઘર્ષો ચાલુ છે. એપ્રિલ વીતી રહ્યો છે ત્યારે લિનસ પોલિંગની યાદ આવ્યા વિના રહેતી નથી.

પ્રેસિડેન્ટ કેનેડીએ વ્હાઈટ હાઉસ ખાતે ૪૯ નોબેલ વિજેતાઓને ડિનર માટે આમાંત્ર્યા છે. ૨૯ એપ્રિલ, ૧૯૬૨ની તે સાંજે પોલિંગ પણ પત્ની આવા સાથે જોડાયા છે. "Mr. Kennedy,..We have no right to test" લખેલાં પ્લેકાર્ડ સાથે બંને છેલ્લા બે દિવસથી વ્હાઈટ હાઉસ સામે જ સૂત્રો પોકારતાં હતાં. ત્રણ હજાર અમેરિકનો અણુપરીક્ષણવિરોધી પ્રદર્શનમાં સામેલ હતાં. પોલિંગ વિજ્ઞાનજગતના વિરોધનું પ્રતીક હતા. ડિનર દરમિયાન કેનેડી પોલિંગને કહે છે' I hope you will continue to express your feel-ings" . જોકે ૧૯૬૩માં વૈશ્વિક વિરોધનું પરિણામ મળ્યું. મહાસત્તાઓ વચ્ચે મર્યાદિત અણુપરીક્ષણ સંધિ થઈ. ૧૯૬૩નું શાંતિ માટેનું નોબેલ મોડેથી લિનસ પોલિંગને એનાયત થયું. રસાયણ શાસ્ત્ર માટેનું નોબેલ તો તેમને ૧૯૫૪માં મળી ચૂક્યું હતું. યુદ્ધ વિરુદ્ધ વિજ્ઞાનીઓની નિસ્બતનો એક લાંબો, એકાદ સદી જૂનો ઇતિહાસ છે. ૨૦ મી સીદીની અણુશસ્ત્રો અને યુદ્ધવિરોધી ચળવળોમાં અનેક નામી વિજ્ઞાનીઓ સક્રિય હતા. બર્ટ્રાન્ડ રસેલ, પુગવોશ કોન્ફરન્સના સ્થાપક જોસેફ રોટબાલ્ટ, ૧૯૪૫ ની પિટિશનથી જાણીતા લિયો સિઝલાર્ડ અને મેનહટન જોડાણનું પ્રાયશ્ચિત્ત કરી રહેલા રોબર્ટ ઓપનહેમરનું પ્રદાન અવિસ્મરણીય છે, તો આઈન્સ્ટાઈનનો વારસો પોલિંગે સંભાળ્યો હતો. નેહરુ તો પુગવોશના સમર્થક હતા જ. હોમી ભાભા જેવા દિગ્ગજો અણુનિઃશસ્ત્રીકરણ માટે સક્રિય હતા. ડો. એમ. એસ. સ્વામિનાથન પુગવોશ કોન્ફરન્સના પહેલા ભારતીય પ્રમુખ હતા.

ડાબેરી ઝોક ધરાવતા વિજ્ઞાનીઓનું એક જૂથ ૧૯૩૨માં રચાયેલું. કેમ્બ્રિજ એન્ટીવોર ગ્રુપ તરીકે તે ઓળખાયેલું. ઝેરી ગેસ ધરાવતા બોમ્બની અસર તપાસવા ટ્રિનિટી કોલેજમાં ૧૯૩૭માં કરાયેલા પ્રયોગથી તે જાણીતું બનેલું. વિજ્ઞાનવિશ્વ જેમને ઋષિ તરીકે ઓળખતું તેવા જે.ડી. બર્નાલ તેમાં અગ્રેસર હતા. ૧૯૪૯માં આ જૂથની પુનઃ રચના થઈ હતી. આ જૂથે અણુ ઉપરાંત બાયોલોજિકલ વેપન્સની માનવજાત પરની અસરો અંગે ચિંતા સેવી હતી.

તાજેતરમાં વિજ્ઞાનીઓની યુદ્ધવિરોધી ચળવળો અને પ્રયત્નો વિશે વાત કરવાનું જરૂરી બન્યું છે. અબ્દુસ-સલામ ઇન્ટરનેશનલ સેન્ટર ફોર થિયોરિટિકલ ફિઝિક્સ, ઇટલીના યુવાન સંશોધક નાઈર ઔકાર બોઈડીની આગેવાની હેઠળ એક ઘોષણાપત્ર બહાર પડયું છે. ક્વોન્ટમ ફિઝિક્સના વિશ્વના ૫૦ વિજ્ઞાનીઓ તેમાં જોડાયા છે. જાન્યુઆરી, ૨૦૨૬ના તે મેનિફેસ્ટોનું શીર્ષક છે : 'Quan-tum Scientists for Disarmament'.

માનવેન્દ્રનાથ બેરા અને નાગ ભવ્ય તેજા જેવા મૂળ ભારતીય સંશોધકો પણ તેના સહીકર્તા છે. તેઓ પોતાનાં સંશોધનોના મિલિટરી ઉપયોગનો વિરોધ કરે છે. ક્વોન્ટમ ફિઝિક્સનાં સંશોધનોના નૈતિક ઉપયોગ અંગે એક જાહેર ચર્ચાનું તેમણે આહ્વાન કર્યું છે. પબ્લિક યુનિવર્સિટીઝમાં મિલિટરી કે સંરક્ષણ હેતુ માટે ચાલતાં સંશોધનોના હેતુઓ જાહેર કરવા તેમણે અપીલ કરી છે. નાટો દેશો દ્વારા જીડીપીના ૫ ટકા ખર્ચ સંરક્ષણ પાછળ કરવાના હેતુની ચર્ચા કરી છે. 'રિ-આર્મ યુરોપ' કે 'રેડીનેસ ૨૦૩૦' પ્લાનના સંદર્ભે સૌને ચેતવ્યા છે. વિજ્ઞાનીઓનું આ જૂથ જણાવે છે કે કોઈ પણ ટેકનોલોજી 'તટસ્થ' નથી. વિનાશના ક્ષેત્રે પણ તેનો ઉપયોગ થાય છે. ઘણા દેશો ક્વોન્ટમ ટેકનોલોજીનો ઉપયોગ શસ્ત્રોની મારણ-ક્ષમતામાં વધારો કરવા માટે કરે છે. યુરોપિયન યુનિયને ડિફેન્સ અને સિક્યોરિટીના હેતુઓ માટે ક્વોન્ટમ ટેકનોલોજીનો ઉપયોગ શરૂ કર્યો છે. રશિયા અને ચીનના રોડમેપ તો ચિંતાજનક છે. ક્વોન્ટમ ટેકનોલોજીના ડિફેન્સ સહિતના ડ્યુઅલ યુઝ એપ્લિકેશન્સ માટે અમેરિકા કૃતનિશ્ચયી છે. નેશનલ ક્વોન્ટમ મિશન મારફતે ખાનગી અને જાહેર ક્ષેત્ર દ્વારા સંરક્ષણના હેતુઓ પાર પાડવાનું લક્ષ્ય ભારત પણ ધરાવે છે. ગ્લોબલ સાઉથની સંશોધન સંસ્થાઓનો ઉપયોગ વિકસિત દેશો સાથેના કરાર અંતર્ગત યુદ્ધ માટેનાં સંશોધનો માટે થવાની દહેશત પણ છે.

"Weapons have never been built not to be used" જેવું સાચુકલું વિધાન વિજ્ઞાનીઓના ઢંઢેરામાં ધ્યાન ખેંચે છે. આ ઢંઢેરામાં ગાઝા પરના આક્રમણમાં ઇઝરાયેલ દ્વારા વપરાયેલી ટેકનોલોજીનું ઉદાહરણ આપવામાં આવેલું છે. ઈટલીની શસ્ત્રો માટેની સૌથી મોટી સોદાગર પેઢી લિયોનાર્ડો દ્વારા ઈઝરાયેલની સંશોધન સંસ્થાઓ સાથે કરેલ ભાગીદારી તરફ અંગુલિનિર્દેશ છે. યુનાઈટેડ નેશન્સ હાઈકમિશ્નર ફોર હ્યુમન રાઇટ્સના ૨૦૨૫ના રિપોર્ટનો આધાર લેવામાં આવ્યો છે.

૧૮ માર્ચ, ૨૦૨૨માં સાઇન્ટિસ્ટ્સ અગેઈન્સ્ટ વોર નામના એક જૂથે વિશ્વના નેતાઓને કરેલી અપીલે ધ્યાન ખેંચ્યું હતું. સિથિકુરિપ્પુ પાન્ડા નામના ભારતીય વિજ્ઞાની તેમાં અગ્રેસર હતા. તેઓ સેન્ટર ફોર રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ, મોહાલી ખાતે ઊંઘ સંબંધિત સંશોધનમાં કાર્યરત છે. વિશ્વભરના ૬૫ વિજ્ઞાનીઓ તેમાં સામેલ હતા. આ અપીલ ભગવદ્ ગીતાના શ્લોક(અધ્યાય - ૧૧ શ્લોક -૩૨) આધારિત વિધાન, "Now I am become Death, The destroyer of world's" થી શરૂ થાય છે અને મહાત્મા ગાંધીના વિધાન "I see neither bravery nor sacrifice in destroying life or property for offence or defense" થી પૂર્ણ થાય છે. રશિયાના યુક્રેન પરના હુમલાની પશ્ચાદ્ભૂમિમાં થયેલી અપીલમાં બંને તરફે ૨૦૦ મિલિયન નાગરિકોનાં જીવન જોખમમાં હોવાની ચેતવણી છે. હવે પછી આવનારા સમયમાં યુરોપના દેશોની આશ્રિતોની સમસ્યા તથા વિશ્વના અર્થતંત્રને થનાર અસરો પ્રત્યે તેમણે ધ્યાન દોર્યું છે. આ અર્થપૂર્ણ અપીલમાં તાજેતરનાં વર્ષોમાં માનવજાતે અનુભવેલ યુદ્ધોની અસરોની પણ છણાવટ છે.

(જુઓ પાન નં. ૨૩)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# વાંચન થાળ

■ **કલાતીર્થ ટ્રસ્ટ,** 'રંગ' ૧૮ રાજાનન સોસાયટી, વિભાગ-૩, ગજેરા સ્કૂલની સામે, કતારગામ, સુરત-૩૯૫૦૦૪. મો.: ૯૮૨૫૬૬૪૧૬૧ (શ્રી રમણીકભાઈ ઝાપડિયા)




○ કલાગંગોત્રી ગ્રંથ-૩૧ - હઠીસિંહનું જૈન મંદિર. સંપાદક - રમણીકલાલ ઝાપડિયા / વિમલા ઠક્કર

○ કલાગંગોત્રી ગ્રંથ-૩૨ - ઘૂમલી : શિલ્પ - સ્થાપત્યનો કલાવૈભવ Ghumli - The Grandeur of Architectural Art. નરોત્તમ પલાણ - / અનુવાદ : વિમલા ઠક્કર.

○ કલાગંગોત્રી ગ્રંથ-૩૩ - શિલ્પ સ્થાપત્યનું કલાધામ શામળાજી - Shamlaji - The Artistic Abode of Sculptural Architecture સંપાદક : રમણીક ઝાપડિયા / વિમલા ઠક્કર.

○ કલાગંગોત્રી ગ્રંથ-૩૪ - કચ્છનું સૌંદર્ય મંડિત સ્થાપત્ય - Ornamental Architecture of Kutch પ્રદીપ ઝવેરી / ડૉ. પૂર્વી ગોસ્વામી.

આપણે કલાગંગોત્રી ગ્રંથ-૩૦ 'સરલાદેવી મઝૂમદાર'નો પરિચય ભૂમિપુત્રના ૧૬-૨-૨૦૨૬ના અંકમાં આપ્યો હતો. તા. ૭-૧૦-૨૦૨૫થી ૧૫-૨-૨૦૨૬ના ગાળામાં ગ્રંથ ૩૧ થી ૩૪ પ્રગટ થયા છે. ચારે ગ્રંથોનાં બધાં પુસ્તકો ગુજરાતી અને અંગ્રેજી ભાષામાં લખાયેલાં છે. પુસ્તકો વિશ્વભરના સાહિત્યમાં સ્થાન પામી શકશે. પુસ્તકોના લખાણની ગુણવત્તા અને છાપકામ માટેનાં ઊંચાં ધારાધોરણો જાળવેલાં છે.

○ ગ્રંથ-૩૧માં હઠીસિંહના જૈન મંદિરને વસાવનાર શેઠ હઠીસિંહ અને શેઠાણી હરકુંવરબાનો પરિચય આપ્યો છે. આ મંદિર નગરની શોભા સમાન છે. ઈ.સ. ૧૮૪૮માં આ મંદિરનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. મંદિરના શિલ્પી પ્રેમચંદભાઈ સલાટ હતા. બાવન જિનાલયોનું આ મંદિર છે. તે જમાનામાં રૂ. ૧૨ લાખના ખર્ચે મંદિર તૈયાર થયું હતું. તેમાંથી પાંચથી સાત લાખ રૂપિયા પ્રતિષ્ઠાના મહાન ઉત્સવ પાછળ ખર્ચાયા હતા. આ ઉત્સવ ત્રણ અઠવાડિયાં સુધી ચાલ્યો હતો. જેનો સમય ગાળો ૨૨ જાન્યુઆરીથી ૧૧ ફેબ્રુઆરી ૧૮૪૭ સુધીનો હતો.




આ પુસ્તકનું લખાણ હિંદીમાં પણ આપ્યું છે. સમગ્ર મંદિરની રચનાનું વર્ણન પુસ્તકમાં છે. ૨૦૦ વર્ષ જૂનું આ જિનાલય આજે જીર્ણોદ્ધાર પામ્યું છે.



પુસ્તક જિનાલયનું સપ્તરંગી દસ્તાવેજીકરણ છે.

મંદિરમાં બે શિલાલેખો આવેલા છે તેની વિગતો પુસ્તકમાં આપેલ છે. એક શિલાલેખ સંસ્કૃતમાં ૩૪ શ્લોકોના સ્વરૂપમાં છે.

બીજો શિલાલેખ ગુજરાતની પ્રાદેશિક ભાષામાં લખાયો છે. કલાગુરુ શ્રી રવિશંકર મ. રાવળ (કુમાર)ના મતે મંદિરની બાંધણી ઉત્તમ છે, પણ માનવ આકૃતિઓનું રૂપવિધાન પહેલા દરજ્જાનું ન ગણી શકાય. તેઓના મતે - પાંચ પાંચ સદીઓથી આપણા શિલ્પીઓને મુસ્લિમ આદર્શોના કારણે રૂપકામથી વિમુખ રહેવું પડ્યું હતું. તેથી આકારમાં ઊપજેલી સંદિગ્ધતા અને નિશ્ચેતનતા બહાર પડી આવે છે.




○ ગ્રંથ-૩૨માં ઘૂમલી વિસ્તારનાં મંદિરોની વાત કરવામાં આવી છે. તેમાંના નવલખા મંદિરનું નિર્માણ ઈ.સ. ૧૧૧૪માં થયું છે તેમ માનવામાં આવે છે. પાટણની રાણકીવાવનાં શિલ્પોમાં જોવા મળતાં નેણ, નાક અને કટિનો વળાંક ઘૂમલી નવલખાનાં શિલ્પોમાં ઝિલાયા છે. આ શિવમંદિર છે કે સૂર્યમંદિર છે તે પ્રશ્ન તેની વિશિષ્ટ રચનાથી ઊઠે છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડથી છ કિલોમીટરના અંતરે બરડાની ડુંગરમાળા વચ્ચે નાનું ઘૂમલી ગામ આવેલું છે.

ઘૂમલીનો ઇતિહાસ જેઠવા વંશના ૮૦૦ વર્ષના શાસનકાળ સાથે સંકળાયેલો છે. વર્ષ ૧૪૦૪ પછીથી ઘૂમલી ખંડેર છે. ચારણી કંઠસ્થ સાહિત્યમાં ઘૂમલીની વાતો જાણવા મળે છે.

પુસ્તકમાં શ્રી કે.કા.શાસ્ત્રીજીનો લાંબો લેખ છે. જેમાં ઘૂમલીની રાજકીય ભૂમિકા રજૂ કરવામાં આવી છે. જ્યારે સવિતાબહેન મહેતાના લેખમાં ઘૂમલી અંગે પુરાતત્ત્વની દૃષ્ટિએ સારી નોંધ છે. સાથે શિલ્પના ફોટોગ્રાફ પણ સરસ છે. ઘૂમલી પાસેના ખોદકામમાં મળેલી ચીજો અંગેની નોંધ છે. અહીં બૌદ્ધ વિહારના પ્રાચીન અવશેષો પણ મળ્યા છે.

ઘૂમલી વિસ્તારમાં ઈ.સ. પૂર્વે બૌદ્ધ વિહારથી માંડી વીસમી સદીના આશાપુરા મંદિર સુધીના સ્થાપત્યને ગણાવી શકાય. આદી માનવના વસવાટથી લઈ આજ સુધી સતત માનવ વસવાટ ઘૂમલીમાં રહ્યો છે. છેલ્લાં ૨૦૦૦ વર્ષના તો કડીબંધ અવશેષો ઘૂમલીમાં પ્રાપ્ત છે.

ઘૂમલીના શિલ્પ-સ્થાપત્યના કલાવૈભવ અંગે નરોત્તમભાઈ પલાણનો શિલ્પોના ફોટોગ્રાફ સાથેનો લેખ વાંચવા જેવો છે.

ઘૂમલી અંગેનું આ પ્રકાશન ઘણી વિગતોસભર છે.

○ ગ્રંથ-૩૩માં શામળાજીના શિલ્પ સ્થાપત્યની વાત કરવામાં



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org




આવી છે. શામળાજીનું મંદિર ઈસવીસન સોળમી સદીનું હશે તેમ તેની સ્થાપત્યકલા પરથી અનુમાન કરવામાં આવે છે. ગુજરાતના રાજસ્થાનની સરહદે આ મંદિર આવેલું છે. આદિવાસી પ્રજાના શામળિયા ભગવાન આરાધ્યદેવ છે. અરવલ્લીની ગિરિમાળાઓની વચ્ચે મેશ્વા નદીના કિનારા પાસે આ મંદિર આવેલું છે. શામળાજી સાબરકાંઠા જિલ્લાના ભીલોડા તાલુકાનું મનોહર ગામ છે.

શામળાજીનું હૃદય દેવગદાધરનું મંદિર વૈષ્ણવ સંપ્રદાયનું મંદિર છે. તેમાં વિષ્ણુ ભગવાનની મૂર્તિ છે. આ મંદિર દસમી અગિયારમી સદીમાં બંધાયું હોય તેમ માનવામાં આવે છે. મંદિરનો જીર્ણોદ્ધાર થતાં કેટલાંક ખંડિત શિલ્પોના સ્થાને નવાં શિલ્પો બેસાડવામાં આવેલ છે. ઈંટ અને પથ્થરનું બનેલ આ મંદિર ૧૦૯' x ૭૬' x ૬૨' નું વિશાળ મંદિર છે.



પુસ્તકમાં મંદિરની ચારે બાજુએ આવેલ દેવ દેવીઓની મૂર્તિના ૮૦થી વધુ સુંદર ફોટોગ્રાફ આપવામાં આવ્યા છે. આ ઉપરાંત મંદિરની ચારે બાજુ આવેલી વિવિધ પ્રસંગોની પેનલોના પણ સુંદર ફોટા આપ્યા છે.

ઘણા પ્રાચીનકાળથી શામળાજી ગુજરાતનું એક મહત્ત્વનું યાત્રાધામ બન્યું છે. અહીંનાં પ્રાચીન સ્થાપત્યો અને શિલ્પો ગુજરાતનો અમૂલ્ય ખજાનો છે. અહીં બૌદ્ધ, શૈવ, વૈષ્ણવ વગેરે સંપ્રદાયોનો સમન્વય, ઉદય અને અસ્ત જોવા મળે છે. અહીંનાં શિલ્પો માનવીને લગભગ બે હજાર વર્ષ પહેલાંના ભારતના ભવ્ય કલા-વારસાની યાદ અપાવે છે.

❍ ગ્રંથ-૩૪માં કચ્છના સ્થાપત્યની વાત કરવામાં આવી છે. ગ્રંથનાં ૧૧ પ્રકરણોમાં ઘણા બધા ફોટોગ્રાફ આપ્યા છે. પ્રકરણોના મહત્ત્વનાં મથાળાંમાં ૦ સ્થાપત્ય અને સાંસ્કૃતિક અભિવ્યક્તિ ૦ પરંપરાગત સ્થાપત્ય ૦ સ્થાપત્ય પર ગુજરાતનો પ્રભાવ ૦ યુરોપીય વસવાટનો પ્રભાવ ૦ રાજાશાહી આવાસો ૦ આલંકારિક સ્થાપત્યના આશ્રયદાતાઓ ૦ સ્થાપત્ય શિલ્પીઓ ૦ સ્થાપત્યની કાષ્ઠ અને શિલ્પ કલાગાથા ૦ ચિત્રિત સ્થાપત્ય ૦ કચ્છનાં નોંધપાત્ર સ્થાપત્ય સ્થળો.

કચ્છમાં તેનાં લાકડાં અને પથ્થરની ઉત્કૃષ્ટ કોતરણીથી સજ્જ આલંકારિક સ્થાપત્ય પરંપરાઓ તરફ ઘણું ઓછું ધ્યાન આપવામાં આવ્યું છે. આ કલાત્મક પરંપરા મોટે ભાગે અદસ્તાવેજિત રહી છે. છેલ્લી બે સદીઓમાં વિકસેલી તેની સૂક્ષ્મ સ્થાપત્ય કોતરણીની મહત્તાને યોગ્ય માન્યતા મળી નથી. પ્રદીપભાઈ ઝવેરીએ આ પુસ્તક દ્વારા કલા રસિકો સામે કચ્છના કલાના પાસાને ખૂબ મહેનત કરીને ફોટો કલા દ્વારા ઉપસાવવા પ્રયત્ન કર્યો છે.

એક સમયમાં સ્થાપત્યની અદ્‌ભુતતા ગણાતાં આ અલંકારિત મકાનો આજે સમયના પ્રહાર અને માનવીય બેદરકારીના કારણે ક્ષય પામી રહ્યાં છે. કેટલાંક જોવાલાયક સ્થળોમાં ૦ ધોળાવીરા ૦ સિયોત ગુફાઓ ૦ પુંઅરોગઢ અને વડીમેડી ૦ ભડેશ્વર મંદિર ૦ અંજાર ૦ કેરા મંદિર ૦ કોટાય મંદિર, ભુજ ૦ ભદ્રેશ્વરની મસ્જિદો વગેરેની ગણતરી કરી શકાય.

કચ્છમાં ઘણી વાવો આવેલી છે. તેની ભીંતો પર કોતરકામ કરેલું હોય છે. ગોખલાઓ હોય છે. ક્યાંક મિનારા પણ હોય છે. ભદ્રેશ્વરમાં આવેલી હુદાની વાવ કચ્છની ઐતિહાસિક ધરોહર છે. આ વાવનું નિર્માણ ૧૨મી સદીના પૂર્વાર્ધમાં થયું હોવાનું મનાય છે.

❍ કચ્છમાં જોવા મળતી શિલ્પ કોતરણી એ અહીંના સ્થાપત્યનું એક વિશિષ્ટ લક્ષણ છે. તેમાં અહીંનો સમૃદ્ધ સાંસ્કૃતિક અને કલાનો વારસો ઝળકે છે.

❍ ઘણાં વર્ષો હોલેન્ડમાં રહી પરત ફરેલા રામસિંહ માલમ ભૂજ આવીને સ્થાનિક સલાટોને તાલીમ આપી યુરોપીય કલાનાં તત્ત્વોને કચ્છની પરંપરાગત સ્થાપત્ય શૈલીમાં દાખલ કરે છે.

❍ ભૂજમાં આવેલ કચ્છ મ્યુઝિયમ ગુજરાતનું સૌથી પૌરાણિક મ્યુઝિયમ છે. આ મ્યુઝિયમમાં ઈ.પૂ. ૨૫૦૦ થી ૨૧મી સદી સુધીના અવશેષો જોવા મળે છે.

❍ કચ્છના રાજાશાહી આવાસો રાજપૂત શૈલી અને મુઘલ શૈલીની અસરવાળા છે.

❍ અબડાસા તાલુકામાં આવેલો તેરા કિલ્લો મહત્ત્વનું ઐતિહાસિક સ્થળ છે. બીજો નખત્રાણા તાલુકાનો રોહા કિલ્લો પણ જોવા જેવો છે. પુસ્તકમાં તેના ફોટા આપેલા છે.

❍ કચ્છની કલાની જાળવણીમાં કચ્છ બહાર જઈને આર્થિક રીતે સંપન્ન થનારા ભાટિયા, લોહાણાનો સારો એવો ફાળો છે. તેમણે સલાટો, સુથારોને રોજગાર પૂરો પાડ્યો છે. ભાટિયાઓ મૂળ સિંધમાંથી આવ્યા છે.

❍ શ્રી રવિશંકર રાવળ (કુમાર) લખે છે –

ઘરને સ્વરૂપ કે શૃંગાર આપવાની વાત આજથી સો વર્ષ પહેલાં કોઈને સમજાવવી પડતી નહોતી. એ લોકોને અનાકર્ષક દ્વાર કે બારી અપશુકન લાગતાં હતાં.

આવી દૃષ્ટિ હોય તો નગરની શોભા વધે. જતા-આવતા લોકોને સૌંદર્ય-દર્શન થાય. સૌંદર્યની શણગાર સામગ્રી માટે ભારતીય સ્થાપત્યમાં રૂપ અને નકશીના ભંડાર પડ્યા છે. કચ્છ સ્થાપત્યનું આ પુસ્તક કલાપ્રેમીઓ માટે એક અમૂલ્ય દસ્તાવેજ છે.

– રશાંસ



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

## શિક્ષણનું અધ્યાત્મ.... (પાન ૭નું ચાલુ)

આપણા ભજનમાં ગવાયું છે કે, 'અજરા કાંઈ જરિયા ના જાય... વીરા મારા, અજરા કાંઈ જરિયા ના જાય. એવા થોડે રે થોડે રે તમે સાધ, પીઓ રે....જી...' માનવરૂપી પંખીની બે પાંખો છે : શરીર/ખોળિયું અને આત્મા; પ્રકૃતિ અને પુરુષ; જડ અને ચેતન; દશ્ય અને દ્રષ્ટા; વિષય અને વિષયી; ત્રિગુણાત્મિકા અને ગુણાતીત; ભોગ્ય અને ભોક્તા; અવિદ્યા અને વિદ્યા; વિશ્વનું કારણ અને વિશ્વથી પર; બંધનનું કારણ અને મુક્ત, સ્વભાનરહિત અને સ્વભાનયુક્ત.

કોઈ પણ જીવને જન્મ પછી પાયાની બે જરૂરિયાત અનિવાર્ય બને છે : પોષણ અને પ્રસન્નતા. પોષણ એ શરીર/ખોળિયું/પ્રકૃતિનો ખોરાક છે. પ્રસન્નતા એ આત્મા/પુરુષનો ખોરાક છે. આ આત્મા-ચેતના-ચૈતન્ય તમામ જડ અને ચેતનમાં રહેલું છે. પથ્થરમાં સુષુપ્ત છે, વનસ્પતિમાં શ્વસે છે. પ્રાણીઓમાં ક્રિયાશીલ છે, મનુષ્યમાં ચૈતન્યરૂપે રહેલ છે. આમ, દરેક જડ-ચેતન જગતના કણેકણમાં ઈશ્વર છે. અથવા તો જડ-ચેતન જગતનું તમામ કણ સ્વયં ઈશ્વર જ છે. પ્રકૃતિમાં ક્રિયાન્વિત તમામ કાયદાઓમાં ઈશ્વર છે. સમગ્ર બ્રહ્માંડના અસ્તિત્વનું રહસ્ય જે 'ચેતના'માં છુપાયેલું છે તે સચરાચર સચ્ચિદાનંદ જ છે.

આ ચેતના કે ઈશ્વરનો સ્વભાવ પરમ સ્વતંત્રતાનો છે. સ્વામીત્વ વગરનું અસ્તિત્વ એટલે પરમાત્મા. પ્રકૃતિને અનુકૂળ થઈ સ્વતંત્રતામાં જીવો એટલે સુખ મળે. પ્રકૃતિને પ્રતિકૂળ થઈ પરતંત્રતામાં જીવો એટલે દુ:ખ મળે. ઈશ્વરનો અભિગમ સમગ્રતાનો છે, પૂર્ણતાનો નહીં. સમગ્રતામાં સત્ય + પ્રેમ + કરુણાની અખંડધારા વહે છે. જ્યારે પૂર્ણતામાં ઈર્ષા + સંઘર્ષ + શોષણની શક્યતા રહેલી છે. જીવનમાં આ સમગ્રતાનો સ્વીકાર કરવો એ સૌથી મોટી ઉપલબ્ધિ છે. અહીં સ્વીકાર કરવો અને સમર્પણ કરવું એ લાચારી નથી. કોઈનો અસ્વીકાર નહીં અને તમામનો સ્વીકાર પણ નહીં એ જ દિવ્યજીવનની ગુરુચાવી છે. સમગ્રતાનો સ્વીકાર એ ઉત્તમ અધ્યાત્મ માર્ગ છે.

જ્યારે તમે સઘળું સ્વીકારો છો ત્યારે તેનો હકારાત્મક અર્થ એ થાય છે કે તમે બધું જોયા, સમજ્યા પછી પણ તેનો અસ્વીકાર કરતા નથી ! આ અભિગમ એ જ અધ્યાત્મ. અધ્યાત્મ જીવનદર્શન કરાવે છે. કોઈ પણ સર્જન માટે સર્જનકર્તા અનિવાર્ય છે. કોઈ પણ કાર્ય માટે ઊર્જા અનિવાર્ય છે. અધ્યાત્મમાં કર્તા અને કૃતિ અલગ નથી, એકરૂપ છે. ચિત્ર અને ચિત્રકાર એક છે, નૃત્ય અને નૃત્યકાર એક છે.

હૃદયથી સ્વીકારી લેવું એ જ દિવ્યજીવન છે. આ સ્વીકાર એ સ્વર્ગનું દ્વાર છે. જે 'એવરીવ્હેર' છે તેને 'સમવ્હેર' શા માટે શોધવું ? આપણે ઈશ્વરને આપણી સમજ બુદ્ધિથી કલ્પવાનો નથી. પરમની અનુભૂતિ થાય એટલે બસ. આ કોણ સમજાવશે ? એકમાત્ર સક્ષમ સાધન શિક્ષણ છે. પ્રથમ સમજવાનું છે, પછી આચરણમાં મૂકવાનું છે અને અંતે પામવાનું છે. આત્માને પામવાની અનુભૂતિ કરાવતું સંવેદનશીલ શિક્ષણ જ આ કરી શકે.

સાભાર : 'ઘર શાળા' **- અરુણ દવે**

## શસ્ત્રો અને યુદ્ધ..... (પાન ૨૦નું ચાલુ)

૯ માર્ચ, ૨૦૨૫ ના રોજ વિશ્વવિખ્યાત એસ્ટ્રોફિઝિસિસ્ટ કાર્લો રોવેલીના વડપણ હેઠળ ૯૦ જેટલા વિજ્ઞાનીઓ દ્વારા એક ઢંઢેરો બહાર પાડવામાં આવ્યો હતો, તેનું શીર્ષક હતું: "Scientists Against Re-armament." યુરોપિયન દેશોના વડાઓને પ્રશ્ન પૂછવામાં આવ્યો કે શું પશ્ચિમની સંસ્કૃતિનાં મૂલ્યોનું રક્ષણ કરવાના બહાને તેઓ માનવજાતનાં સાર્વત્રિક મૂલ્યોનું રક્ષણ કરવા માગતા નથી? માનવજાતનો ચોથો ભાગ યુદ્ધગ્રસ્ત વિસ્તારોમાં રહેતો હોવાનું બિહામણું સત્ય અહીં રજૂ થયું છે. અણુ વિજ્ઞાનીઓના બુલેટિનમાં પ્રસિદ્ધ થતી "Dooms-day Clock' માં આટલું મોટું જોખમ ક્યારેય દર્શાવાયું નથી. માર્ચ, ૨૦૨૫માં 'રિ-આર્મ યુરોપ' પ્લાન રજૂ થયો હતો. યુરોપના સંરક્ષણ બજેટમાં થનારા જંગી વધારાનો વિજ્ઞાનીઓ વિરોધ કરી રહ્યા છે. આ ઢંઢેરામાં ૨૦૨૪માં વિશ્વના તમામ દેશોનું સંરક્ષણ ખર્ચ ઇતિહાસમાં સૌથી વધુ ૨૪૪૩ બિલિયન ડોલર્સ હતું તે તરફ ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. ક્લાયમેટ ચેન્જ, ગરીબી અને ભૂખમરો જેવી કડવી વાસ્તવિકતાઓનો સામનો કરવાની તાતી જરૂરત પ્રત્યે પણ આ વિજ્ઞાનીઓએ ધ્યાન દોર્યું છે.

'સાયન્ટિસ્ટસ ફોર ગ્લોબલ રિસ્પોન્સિબિલિટી' નામે વિજ્ઞાનીઓનું એક મંડળ યુ.કે.માં છે. વિવિધ દેશોની સરકારોને શાંતિ અને સહઅસ્તિત્વ માટે જવાબદારી અદા કરવા તે ચેતવતું રહે છે. પોર્ટુગલના જાણીતા વિજ્ઞાનીઓએ પણ એક દબાણજૂથ દ્વારા આ મુદ્દે સક્રિયતા દાખવી છે. ૯ ડિસેમ્બર, ૨૦૨૩ ના રોજ એક ઓનલાઈન કન્વેન્શન યોજાયું હતું. 'કન્વેન્શન અગેઈન્સ્ટ ડિસ્ટ્રક્ટિવ યુઝ ઓફ સાયન્સ' નામની તે પરિષદમાં ૪૦ દેશોના વિજ્ઞાનીઓ જોડાયેલા, કલકત્તાની બ્રેકથ્રુ સાયન્સ સોસાયટી જેવી સંસ્થાઓ પણ તેમાં સામેલ હતી. તાજેતરનાં યુદ્ધોમાં થઈ રહેલા માનવસંહાર અને વિજ્ઞાન તથા ટેકનોલોજીના દુરુપયોગ સામે આ સંસ્થાઓ અવાજ ઉઠાવે છે. સૌમિત્ર બેનર્જી જેવા જાણીતા ભારતીય વિજ્ઞાની તેમાં અગ્રેસર છે. આજે વિશ્વફલક પર નથી કેનેડી કે નથી નેહરુ, નથી આઈન્સ્ટાઈન કે નથી પોલિંગ. ગાંધી સર્વત્ર છે અને નથી પણ.... છતાં વિશ્વભરના વિજ્ઞાનીઓ થોડા થોડા ગાંધી બની શસ્ત્રો અને યુદ્ધોનો વિરોધ કરી રહ્યા છે તે નોંધવું રહ્યું.

(લેખક વિજ્ઞાનની સારપમાં વિશ્વાસ ધરાવતા નિવૃત્ત સનદી અધિકારી છે.) **- દીપક જોષી**

સાભાર - 'નવગુજરાત સમય'

ભૂમિપુત્ર

હુજરાતપાગા, વડોદરા-૩૯૦ ૦૦૧ ફોન : ૦૨૬૫-૨૪૩૭૯૫૭, મો. ૯૦૧૬૪ ૭૯૯૮૨

સંપાદક : **રજની દવે**

સં. મંડળ : **સ્વાતિ • પારુલ**

દર માસની તા. ૧ અને ૧૬મીએ પ્રસિદ્ધ તથા પોસ્ટ થાય છે.

વાર્ષિક લવાજમ રૂ.૩૦૦

આજીવન અનામત રૂ.૪૦૦૦. વિદેશમાં વાર્ષિક લવાજમ (એરમેલ) રૂ.૩૦૦૦

લવાજમની રકમ મનીઓર્ડર, ડ્રાફ્ટ કે એટપારના ચેક દ્વારા અથવા યજ્ઞ પ્રકાશન સમિતિના **બેંક ઓફ બરોડા,** માંડવી, વડોદરાના ખાતા નંબર **૦૧૯૨૦૧૦૦૦૩૦૫૯૧** **IFSC Code : BARB0LAHERI** માં પણ જમા કરાવી શકો છો. ચેક/ડ્રાફ્ટ **'યજ્ઞ પ્રકાશન સમિતિ'**ના નામનો મોકલવો. ખાતામાં પૈસા જમા કરાવ્યા બાદ આપનું નામ-સરનામું તથા પૈસા ભર્યાની સ્લીપ કાર્યાલય ઉપર મોકલવા વિનંતી.



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# હાથ છૂટ્યાની વેળા

**મ**ને એકલા એકલા પ્રવાસ કરવાનું બહુ ગમે. ભીડભાડથી દૂર, કોઈ એકાંત સ્થળે જઈને ત્યાંના વાતાવરણને અંતરમાં ઉતારવું એ મારો પ્રિય શોખ. વળી સુખ-સગવડ ભરી મુસાફરી કરવાને બદલે બીજા વર્ગમાં, મુસાફરો વચ્ચે ભીંસાતાં ભીંસાતાં ટ્રેનમાં જવું મને બે કારણોસર ગમતું. એક તો મારા જેવી નિવૃત્ત વ્યક્તિના ખીસાને પોસાય અને બીજું કે, પ્રવાસીઓનાં બોલ-ચાલ, વર્તન ને ખાણી-પીણીનો અભ્યાસ કરવાનું મળે. વળી બીજા વર્ગના પ્રવાસીઓ સહજતાથી એકમેક સાથે ભળી જાય છે. તેથી જ ઉત્તરાખંડ જવા માટે હું સેકંડ ક્લાસમાં  પ્રવાસ કરી રહ્યો હતો.

ટ્રેને ગતિ પકડી હતી અને મુસાફરો જરા ઠરીઠામ થયા હતા ખરા, પણ ડબ્બામાં લોકો એવા ઠાંસોઠાંસ ભરાયા હતા કે, પગ મૂકવાની પણ જગ્યા રહી નહોતી. સ્ટેશન આવ્યું એટલે વળી પાછી ગરબડ થવા લાગી. એક મજૂર જેવો લાગતો માણસ દાખલ થયો. એની સાથે એની માંદલી લાગતી પત્ની અને એણે કેડે વળગાડેલું બાળક હતાં. જરા જેટલી જગ્યા મળી જાય એવી આશામાં બંને નજર ફેરવી રહ્યાં હતાં પણ કોઈ જગ્યા કરી આપવા રાજી નહોતું. પેલું બાળક સતત રડી રહ્યું હતું અને બીમાર હોય એવું લાગતું હતું. મને દયા આવી. મેં મારી બાજુમાં ફેલાઈને બેઠેલી સ્ત્રીને વિનંતી કરી,

''બેન, તમારો થેલો નીચે મૂકો તો આ બાઈની જગ્યા થઈ જશે. માંદા છોકરાને તેડીને એ ક્યાં સુધી ઊભી રહેશે?''

મારી વાત પેલી સ્ત્રીને ગમી તો નહીં પણ નછૂટકે મોઢું બગાડીને એણે થોડી જગ્યા કરી. મેં પણ પગ પર પગ ચઢાવીને થોડી વધુ જગ્યા કરી. પતિ-પત્ની કશું બોલ્યાં તો નહીં પણ એમના ચહેરા પર મારા પ્રત્યે આભારની લાગણી સ્પષ્ટ દેખાતી હતી. છોકરાનો કકળાટ ચાલુ જ હતો. એને છાનો રાખવાના માના બધા પ્રયત્નો નિષ્ફળ ગયા ત્યારે એનો બાપ આગળ આવ્યો,

''લા, મેરેકો દે.'' કહીને એણે હાથ લંબાવ્યો પણ ટેણિયાએ ગુસ્સે થઈને એનો હાથ હડસેલી દીધો. એની  મા પાણી પાવા ગઈ ત્યારે ગ્લાસને ધક્કો માર્યો એટલે બધું પાણી મારાં કપડાં પર ઢોળાયું. ખસિયાણા પડેલા બાપે ગુસ્સે થઈને હાથ ઉગામ્યો,

''સાલ્લા, બાબુજીકે કપડે ખરાબ કરતા હૈ?'' મેં એને રોકીને કહ્યું, ''બચ્ચા હૈ. વો થોડે હી સમજેગા? ઔર કપડે ખરાબ હુએ તો મુજે કોઈ દિક્કત નહીં હૈ. ઉસે મારના મત.''

આટલું નાનું બાળક પણ જાણે સમજી ગયું હોય કે મેં એને બાપની થપ્પડથી બચાવ્યું એમ મારી સામે જોઈને હસવા લાગ્યું. જરા ચપટી વગાડીને મેં એને ખુશ કર્યું. જરા વાર પહેલાં જેને પોતાના બાપ પાસે નહોતું જવું એ બચ્ચું મારી પાસે આવવા હાથ લાંબા કરવા લાગ્યું.

''નૈ નૈ, બાબુજીકો પરેશાન મત કર.'' હજી તો એની મા વાક્ય પૂરું કરે એ પહેલાં એ કૂદીને મારી પાસે આવી ગયો. મારી સામે ધારી ધારીને જોઈને પછી મારાં ચશ્માં ખેંચવાની કોશિશ કરવા લાગ્યો.

''નહીં નહીં, ઐસી શૈતાની નહીં ચલેગી.'' કહીને હું એની સાથે રમવા લાગ્યો. અત્યાર સુધી કજીયે ચઢેલો છોકરો ખુશ થઈને મારી પર કૂદવા લાગ્યો. એને આનંદમાં જોઈને એની માએ થેલામાંથી ખાવાનાનો ડબ્બો કાઢ્યો. હજી તો એમાંથી ચમચી ભરીને દીકરાને ખવડાવવા જાય ત્યાં તો પેલાએ મોં ફેરવી લીધું. એનો બાપ દુઃખી થઈને મને કહેવા લાગ્યો,

''સા'બ તીન દિનસે ઈસને એક નિવાલા ભી નૈ ખાયા. ઐસા કરેગા તો મર જાયેગા.''

અરે! આવડું નાનું બાળક, ત્રણ દિવસથી ભૂખ્યું છે? મારાથી અનાયાસે એની માને કહેવાઈ ગયું, ''લાઓ, મુજે ડિબ્બા દો. દેખતે હૈં, અગર ખાયેગા તો અચ્છી બાત હૈ.''

હજી તો હું ચમચી ભરવા જાઉં ત્યાં તો એ મોઢું ખોલીને નજીક આવ્યો. આ મારી કલ્પના બહારની વાત હતી. એક સાવ અજાણ્યા માણસથી આ બચ્ચું આટલું બધું હળી કેવી રીતે જાય? થોડી વારમાં તો એણે આખો ડબ્બો સફાચટ કરી નાખ્યો અને પછી મારી પાણીની બોટલ ખેંચવા લાગ્યો. મારા જ હાથે એણે પાણી પણ પીધું ને થોડી વાર મારી સાથે રમીને મારા જ ખોળામાં સૂઈ ગયો. પેલો માણસ મારી નજીક આવ્યો ને મારો હાથ હાથમાં લઈ, પોતાના કપાળે અડાડીને કહેવા લાગ્યો, ''બોત મેરબાની સાબ, આપને મેરે બચ્ચેકો બચા લિયા.''

''પર મેરી સમજમેં નહીં આતા કિ ઉસકો મેરી શકલ જાની-પહેચાની ક્યું લગી?'' મેં સવાલ કર્યો.

''મૈં પૂરી બાત બતાતા હું સા'બ. યે મેરી બીબી હૈ ન, ઉસકો યે બચ્ચા પેટમેં થા તભી ટી.બી. હો ગયા. દાક્તરને બોલા, 'બચ્ચેકો હાથ નૈ લગાનેકા.' મેરા તો મજદૂરીકા કામ. મૈં ઉસે કૈસે સંભાલું?''

''ફિર?''

''ફિર તો મેરે બાબા આકે મુજે ઔર મુન્નેકો અપને સાથ લે ગયે. તબ સે લે કે અબ તલક વહી ઈસકી મા ઔર બાપ દોનોં બને. મુન્ના ઉનકે સાથ હી ખાતા-પીતા, નહાતા સબ કુચ..'' પેલી સ્ત્રીએ આંસુભરી આંખે અમારી વાતમાં જોડાતાં કહ્યું.

''બાત યે હૈ બાબુજી, મેરે સસુર તીન દિન પહેલે ગુજર ગયે તબસે લેકે મુન્નાને ખાના-પીના છોડ દિયા હૈ.''

મને આશ્ચર્ય થયું. તો પછી એ મને જોઈને કેમ આટલો ખુશ થયો?

''આપ બિલકુલ મેરે બાબા જૈસે દિખતે હો. આપકી આંખકે નીચે જો નિશાન હૈ ન, વૈસા હી નિશાન ઉનકે ચહેરે પર ભી થા. આપકો દેખકે મુન્નેકો લગા હોગા કિ મેરે આજા વાપિસ આ ગયે.''

આ બધું સાંભળીને મને આનંદ થયો તો સાથે દુઃખ પણ થયું. પૂરા ભરોસા અને વિશ્વાસ સાથે મારા ખોળામાં સૂઈ રહેલું માસુમ બાળક જાગીને મને નહીં જુએ ત્યારે શું થશે? આ સવાલનો કોઈ જવાબ મને નહોતો મળતો. ભારે સ્વરે મેં કહ્યું, ''અગલે સ્ટેશન પે મુજે ઉતરના હૈ. ઈસે સંભાલકે મેરી સીટ પે સૂલા દો.'' મુન્નાએ પોતાની મુઠ્ઠીમાં મારી આંગળી પકડી રાખેલી. હળવેથી એની મુઠ્ઠી ખોલીને મેં એમાં સો રૂપિયાની નોટ મૂકી અને કહ્યું,

''ઈસમેં સે બચ્ચે કી પસંદ કા ખિલૌના લેના - ઉસકે આજા કી ઓર સે.''

(મ. વિ.કોલ્હટકરની મરાઠી વાર્તાને આધારે) **- આશા વીરેંદ્ર**

ગુજરાત સર્વોદય મંડળની યજ્ઞ પ્રકાશન સમિતિ વતી રજની દવેએ ભૂમિપુત્ર કાર્યાલય, હુજરાતપાગા, વડોદરા ૩૯૦ ૦૦૧થી પ્રકાશિત કર્યું. મુદ્રણસ્થાન : જવનિકા પ્રિન્ટર્સ, વડોદરા-૧૮. પ્રત : ૨૯૦૦
Printed and Published by **Rajani Dave** on behalf of **Yagna Prakashan Samiti**, Published from Bhoomiputra Karyalaya, Hujaratpaga, Vadodara
Printed at Javanika Printers, 3-Laxmi Estate, Bahucharaji Road, Vadodara - 390 018. Editor : **RAJANI DAVE**

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org